કિં. ₹૨૦/-
પાના નં-૧

ફેબ્રુઆરી - માર્ચ
૨૦૧૭

સળંગ અંક:૭૦
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID




## અંજાર જ્ઞાતિ સમાજ વાડી નવનિર્માણ
સ્વપ્ન થાય છે સાકાર



ભૂમિ પૂજન: જ્ઞાતિ ગોરશ્રી સાથે જ્ઞાતિ અગ્રણીઓ

નવનિયુક્ત પ્રમુખ, ભુજ જ્ઞાતિ




લાયન જગદીશભાઈ ચૌહાણ

## ફેશન શો
નખત્રાણા યુથ ગર્લ્સ ગૃપ



આપણા પરિવાર - વિશા પરમાર ...૨૦ | વ્યક્તિ વિશેષ- ઈન્દિરાબેન ...૨૧ | ચાણક્યનીતી ...૩૩



**Hiten S. Pomal 98791 22298**
**Nandish S. Pomal 99242 19117**

# M/s SONI RAMNIKLAL NANALAL

Retail of Gold Silver Ornaments

**Foram S. Pomal : 94280 33100**
**(O) : 02836 246108**

# M/s Mahalaxmi Jewellers

*Wholesalers of Gold Ornaments*

**Lalbahadur Shastri Road,**
**Anjar-Kutch-370110.**

e-mail : mahalaxmijewellers_anjar@yahoo.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૨ ● અંક : ૪

ફેબ્રુઆરી – માર્ચ '૧૭

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઈન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**

દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી

સમગ્ર વિશ્વમાં વિવિધ શાસન પદ્ધતિઓ પૈકી લોકશાહી શાસન પદ્ધતિને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. લોકશાહીમાં શાસનકર્તાઓને પ્રજામત પ્રત્યે જવાબદાર રહેવું પડે છે. આ પદ્ધતિમાં સત્તા પરિવર્તન બુલેટને બદલે બેલેટથી એટલે કે પરિવર્તન બંદુકના નાળચામાંથી નહીં પણ ચૂંટણીના EVM મશીનથી થાય છે. ભારતીય રાજતંત્રની અનેક મર્યાદાઓ હોવા છતાં આઝાદીના સાત દાયકામાં અહીં લોકશાહી મજબુત બનેલ છે, જે આપણા માટે વિશેષ ગૌરવરૂપ છે. આ ઉપરાંત લોકશાહીનું એક વિશિષ્ટ લક્ષણ વિરોધી મંતવ્યનું સન્માન કરવાનું છે. રચનાત્મક વિરોધ પક્ષથી લોકશાહી વધારે મજબૂત બને અને શાસનકર્તા વધારે જવાબદાર બને છે.

સામાજીક ક્ષેત્રમાં પણ મહદ્ અંશે લોકશાહી વ્યવસ્થા સ્વીકારવામાં આવેલ છે. સમાજના દરેક વર્ગની ભાગીદારીથી સમાજ વ્યવસ્થા વધારે ફળદાયી બને છે. આપણા સમાજની વાત કરીએ તો સમાજના વડાઓ હંમેશા સૌને સાથે રાખી કાર્ય કરવાની પ્રણાલીને અનુસરતા રહ્યા છે.

તાજેતરમાં ભુજ જ્ઞાતિના પ્રમુખપદે શ્રી જગદીશભાઈ ચૌહાણની સર્વાનુમતે વરણી થઈ, એ સમાજમાં શિક્ષિત યુવાવર્ગની વિશેષ ભાગીદારી દર્શાવે છે. જ્ઞાતિસેતુ તેમને હાર્દિક અભિનંદન આપે છે. સમાજના સંચાલનની જવાબદારી સ્વીકારવામાં સમાજનો યુવાવર્ગ સહભાગી થઈ રહેલ છે તે આનંદની વાત છે. વિદાય લેતા પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા પણ હંમેશાં પ્રગતિશીલ વિચારસરણી સાથે સમાજના સેવાકાર્ય કરતા રહ્યા છે. 'જ્ઞાતિસેતુ'ના દશાબ્દી મહોત્સવનું આયોજન ભુજ ખાતે કરવામાં તેમનું યોગદાન 'જ્ઞાતિસેતુ' માટે વિશેષ નોંધનીય છે.

સમાજના યુવાવર્ગની સક્રિયતાનું બીજું ઉદાહરણ અંજાર જ્ઞાતિપ્રમુખ શ્રી ફોરમભાઈ સોનીના નેતૃત્વમાં અંજારની યુવા ટીમ દ્વારા થઈ રહેલ સમાજવાડી નવનિર્માણ કાર્ય ગણી શકાય. જેની વિશેષ વિગત આ અંકમાં સમાવેલ છે. આ ઉપરાંત સમાજની મહિલા શક્તિ વધારે ને વધારે સામાજીક કાર્યમાં જોડાઈ રહેલ છે, જે આવકારદાયક છે.

ગત દાયકામાં સમાજમાં આવી રહેલ આ હકારાત્મક પરિવર્તનનું સાક્ષી બનવાનું 'જ્ઞાતિસેતુ'ને ગૌરવ છે.

**– અતુલ સોની**

# ‘જ્ઞાતિસેતુ’ – અધ્યક્ષ સ્થાનેથી....



શ્રી મનુભાઈ કોટડિયા

‘સેતુ’ પરિવારોનો સાદર આભાર.

ગત અંકમાં ‘સેતુ’ પરિવાર સભ્યો જોગ મેં એક અપીલ કરી હતી. હવે મને એ જણાવતાં હર્ષ થાય છે કે એ અપીલનો મને તત્કાલ ઉમળકાસભર પ્રતિભાવ સાંપડ્યો છે. છેલ્લા બે અઠવાડિયામાં ભાગ્યે જ કોઈ એવો દિવસ હશે જ્યારે ‘સેતુ’ના કોઈ એકાદ સભ્યે મને ફોન ન કર્યો હોય! આમાંના મોટાભાગના ફોન લવાજમ અથવા જાહેરાતની રકમ બાબત જાણવા માટેના હતા. એટલું જ નહીં, એ જ ગાળા દરમ્યાન થોડા લવાજમ આવી ગયા! લવાજમ અથવા જાહેરાતની રકમ મોટી વાત નથી પરંતુ ‘સેતુ’ પરિવારના સભ્યોનો સેતુ પ્રત્યેનો આ લાગણીસભર પોતીકો ભાવ અમારા માટે ખૂબ જ મૂલ્યવાન છે. સેતુ પ્રત્યેની આ ભાવના બદલ અમે સહુ સભ્યોનો સાદર આભાર માનીએ છીએ.

આ તબક્કે એક અન્ય બાબતની સ્પષ્ટતા કરવી આવશ્યક છે. બનવાજોગ છે કે એવા પણ કેટલાક સભ્યો હશે (ખાસ કરીને જેમણે વાર્ષિક લવાજમ ભર્યું હોય) તેમણે સ્વાભાવિક જ લવાજમની રસીદ સાચવવાની તસ્દી નહીં લીધી હોય. ખૂબ જ નાની રકમ હોતાં તેની કશે નોંધ પણ નહીં રાખી હોય. કદાચ યાદ પણ નહીં હોય! આ બાબતમાં સ્પષ્ટતા એ કરવાની છે કે ‘સેતુ’ કાર્યાલયમાં પ્રત્યેક સભ્ય તરફથી મળેલા લવાજમ અથવા જાહેરાતની વિગતવાર નોંધ (Computerised) અચૂક રાખવામાં આવે છે. કોઈ સભ્યને જો ‘સેતુ’ના સ્થાનિક પ્રતિનિધિ વિગતો ન આપી શકે તો આ બાબતે સ્પષ્ટતા માટે અત્રે ફોન આવશે તો તેનો તરત જ હકારાત્મક પ્રતિભાવ અવશ્ય અપાશે. લવાજમ કયા વર્ષનું ભરાયું છે અથવા બાકી છે તેની વિગતો આપી શકાશે. માનવંતા સભ્યો આ બાબતમાં નિશ્ચિંત રહે.

ફરી એક વખત ‘સેતુ’ પરિવારના સર્વે સભ્યોનો આભાર સાથે વસંતના વધામણા.

*મનુભાઈ કોટડિયા, અધ્યક્ષ – ‘જ્ઞાતિસેતુ’*

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે ‘જ્ઞાતિસેતુ’ અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | અમદાવાદ |
| ૨. | પ્રકાશનનો ગાળો | : | દ્વિ-માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | મુદ્રકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | મુદ્રક સ્થાન | : | માધવી પ્રિન્ટીંગ પ્રેસ, અનુપમ સિનેમાની પાસે, ખોખરા, અમદાવાદ. |
| ૪. | પ્રકાશકનું નામ | : | મનુભાઈ વી. કોટડીયા - ચેરમેન - જ્ઞાતિસેતુ સમિતિ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | પ્રકાશકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | પ્રકાશકનું સરનામું | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ, C/o ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |
| ૫. | સંપાદકનું નામ | : | હંસરાજ ઠાકરશી કંસારા |
| | સંપાદકની રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સંપાદકનું સરનામુ | : | ૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ, રામેશ્વરમ એપાર્ટમેન્ટ, દેવ આશિષ સ્કુલ પાસે, રામદેવનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૫. |
| ૬. | અખબારની માલિકી | : | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ |
| | સરનામું | : | C/o. ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેક ચોક, અમદાવાદ. |

હું મનુભાઈ વી. કોટડીયા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.

*અમદાવાદ* *મનુભાઈ વી. કોટડીયા*


*તા. ૧૫-૩-૨૦૧૭* *પ્રકાશક અને મુદ્રક - ‘જ્ઞાતિસેતુ’*

# ડોલોત્સવ

**સંકલન : મનુભાઇ કોટડિયા**

ડોલ એટલે પત્ર-પુષ્પ વગેરેથી સજાવેલો ઝુલો. આ ઝુલામાં શ્રીપ્રભુને ઝુલાવવાનો ઉત્સવ એટલે ડોલોત્સવ. ફાગણ સુદ પૂનમના દિવસે હોળીનો ઉત્સવ મનાવાય છે. તે દિવસે પ્રભુને નૂતન વસ્ત્ર, શૃંગાર, સામગ્રી વગેરે અંગીકાર થાય છે. પ્રભુ આખો દિવસ વ્રજભક્તો સાથે અને વ્રજભક્તો પ્રભુ સાથે પરસ્પર હોળી ખેલનો આનંદ માણે છે. કેસુડો અને વિવિધ રંગોથી ખેલે છે અને ખેલાવે છે. હોળીની ધમાર - ગારી વગેરે ગવાય છે.

હોળીના બીજા દિવસે અથવા જ્યારે પણ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય ત્યારે પ્રભુને ડોલ ઝુલાવવાનો ઉત્સવ થાય છે. આ ઉત્સવને ડોલોત્સવ કહેવાય છે. આ ઉત્સવની ભાવના એવી છે કે યશોદાજી વાત્સલ્યભાવથી પોતાના લાલાને ઝુલાવવા અને ખેલાવવા માટે, સોળ હજાર કુમારિકાઓ પાસે પત્ર - પુષ્પથી ડોલ સિધ્ધ કરાવે છે. વળી, શ્રી સ્વામિનીજી, શ્રી ચંદ્રાવલીજી, શ્રી લલિતાજી વગેરેને બોલાવી કહે છે કે તમે બધા હળીમળીને સુંદર ડોલ સિધ્ધ કરો. લાલાને એમાં ઝુલાવો. ખૂબ હોળી ખેલો અને લાલાને ખેલાવો. લાલાને આજે એટલું બધું ખેલાવો કે હોળી ખેલથી એ ધરાઈ જાય અને કંટાળી જાય. બીજા દિવસે એને ફરી હોળી ખેલવાનું યાદ ન આવે.



આ સાંભળીને સર્વ સ્વામિનીજીઓને ખૂબ આનંદ થાય છે. તેમને થાય છે કે આજે અમારા મનના સર્વ મનોરથો પૂર્ણ થશે. સર્વ ગુરુજનો અને વડીલોની હાજરીમાં પ્રભુને ઝુલાવવાનો અને ખેલાવવાનો મોકો મળશે. બધાએ મળીને સુંદર કુંજની રચના કરી. તેમાં પત્ર - પુષ્પોથી સજાવી સુંદર ડોલ સિધ્ધ કર્યો. તેમાં પ્રભુના ઝુલાવ્યા. કેસુડો અને અબીલ-ગુલાલ, ગોવા, ચંદનથી ખૂબ ખેલાવ્યા. સાથે સાથે નંદરાયજી, યશોદાજી, કીર્તિજી, બળદેવજી સમસ્ત વ્રજવાસીઓ, ગોપ-ગોપીઓ બધા મળીને ખૂબ હોળી રમ્યા. પ્રભુએ પણ વ્રજ લલનાઓ સાથે હોળી ખેલનો અને ડોલ ઝુલવાનો આનંદ માણ્યો. શ્રી ઠાકોરજી નંદાલયમાં આ રીતે ડોલ ઝુલે છે અને ફાગ ખેલે છે.

તે જ રીતે નિકુંજલીલાના ભાવથી વૃંદાવનમાં, શ્રી ગોવર્ધનની તળેટીમાં, કુંજ-નિકુંજોમાં યુગલ સ્વરૂપે ડોલ ઝુલે છે. વ્રજના આ અલૌકિક સ્થાનો છે. ત્યાં સદા સુંદર ઝરણા વહે છે, શીતલ મંદ વાયુ વહે છે. અનેક પ્રકારની માધુરી લતાઓ અને વૃક્ષો ઉપર સુંદર ફૂલ ખીલે છે. સદાયે વસંત રહે છે. આ લતાઓ વૃક્ષો વગેરે ભગવદીય છે. એમના ભોક્તા પ્રભુ છે. પ્રભુને જ માટે આ સર્વ અલૌકિક પદાર્થો વ્રજમાં રહેલા છે. પ્રભુ આ ડોલોત્સવના મિષે, એ બધાની વિનંતીથી, તેમનો અંગીકાર કરે છે. પત્ર-પુષ્પ વગેરેનો ડોલ સિધ્ધ થાય છે અને એ સર્વ ભગવદીયોના મનોરથો પૂરણ થાય છે.

પુષ્ટિમાર્ગમાં આ ભાવનાથી સર્વ મંદિરો, હવેલીઓ અને વૈષ્ણવોના ઘરે ડોલોત્સવ મનાવવામાં આવે છે. ઉત્તર ફાલ્ગુની નક્ષત્ર હોય ત્યારે પત્ર-પુષ્પથી સજાવી ડોલ તિબારીમાં સુંદર ડોલ સિધ્ધ કરવામાં આવે છે. સફેદ પીછવાઈ અને સફેદ ઝાલર બંધાય છે. ડોલનું અધિવાસન થાય છે. રાજભોગ આરતી પછી શ્રીપ્રભુ ડોલમાં બિરાજે છે.

ડોલમાં પહેલાં શ્રી પ્રભુને રંગોથી અને પિછવાઈ ઝાલર તથા ડોલ ઉપર કેસુડાની પીચકારી અને રંગોથી ખેલ થાય છે. પછી ડોલમાં જ પ્રભુને ભોગ આવે છે. ભોગ સર્યા પછી દર્શન થાય છે. સન્મુખ બીડાં આરોગે છે. ત્યારબાદ ફરી ખેલ થાય છે. પ્રભુ વ્રજનાં વિવિધ સ્થાનોમાં ડોલ ઝુલ્યા છે. એ ભાવનાથી મંદિરોમાં આ દિવસે પ્રભુને ચાર ભોગ આવે છે. ચાર ખેલનાં દર્શન થાય છે. પ્રભુને દરેક ભોગમાં વિવિધ સામગ્રીઓ આરોગાવાય છે. બીડા આરોગે છે. ક્રમશ ભારે ખેલ થાય છે. કેસુડાની પીચકારીઓ અને અબીલ-ગુલાલની પોટલીઓ ઉડે છે. એટલો બધો રંગ ઉડે છે કે સમગ્ર દર્શન ચોકમાં જાણે અબીલ-ગુલાલથી અંધારું છવાઈ જાય છે. શ્રી ઠાકોરજી, ડોલ, પીછવાઇ, ઝાલર વગેરે રંગોથી અને કેસુડાથી તરબતર થઈ જાય છે. પૂ.મહારાજશ્રી અથવા મુખિયાજી ખૂબ રંગ અને કેસુડો દર્શનાર્થી વૈષ્ણવો ઉપર પણ ઉડાડે છે. સૌ દર્શનાર્થી વૈષ્ણવો પણ હોરીખેલનો અલૌકિક આનંદ શ્રીઠાકોરજી સાથે માણે છે. એટલો બધો ભારે ખેલ થાય છે કે શ્રીઠાકોરજી હોરી ખેલથી ધરાઈ જાય. સાથે સાથે હોરીખેલનાં અને ઝુલાવવાનાં કીર્તનો પણ ગવાય છે. ચોથા ભોગનાં દર્શન પછી આરતી થાય છે. બાદ પ્રભુ નિજમંદિરમાં ભીતર પધારે છે.

વૈષ્ણવો ડોલની પરિક્રમા કરી લે ત્યારબાદ તરત જ ડોલની સજાવટ અને રંગો દૂર કરવામાં આવે છે. મંદિર ધોવાઇને એટલું સ્વચ્છ બની જાય કે રંગનું નામ-નિશાન ન રહે. જેથી શ્રીઠાકોરજીને ફરી હોળી ખેલવાનું યાદ ન આવે. રંગ નીકળી ગયા પછી નિત્યક્રમ પ્રમાણે ઉત્થાપનથી શયન સુધીની સેવા થાય છે.

આ રીતે નંદાલયની અને નિકુંજલીલાની ભાવનાથી પુષ્ટિમાર્ગમાં ડોલોત્સવ મનાવવામાં આવે છે. ■

# રામ નવમી

ઉમિયાશંકર અજાણી

કરોડો લોકોના હૃદયાસને બિરાજતા અને હજારો વર્ષથી જેના જીવનમાંથી પ્રેરણા મેળવીને સમગ્ર લોક સમુદાય પોતાનું સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક જીવનનું ઘડતર કરતું આવ્યું છે એવા શ્રી રામની જન્મજયંતી સમગ્ર ભારતમાં ચૈત્ર સુદ-૯ એટલે રામ નવમીના મનાવવામાં આવે છે. ભુજમાં ઉપલીમાળ તરીકે ઓળખાતા રસ્તે રઘુનાથજીનું ઘણું જૂનું મંદિર આવેલું છે. આ મંદિર સંવત ૧૬૦૫માં ભુજનું તોરણ બંધાયું તેથી પણ પહેલાનું સંભવે છે કારણકે સંવત ૧૬૮૪માં એના જીર્ણોધ્ધારનો લેખ મંદિરમાં જોવા મળે છે. સને ૨૦૦૧ના ધરતીકંપમાં મંદિરને ઘુમ્મટને નુકસાન થયેલ પણ તેને સમારી લેવાયેલ છે. એવા ભુજના પ્રાચીન રામ મંદિરે રામ નવમીના દિવસે શાસ્ત્રોક્ત વિધિથી કરોડો લોકોની આસ્થા બની રહેલા ભગવાનનું પૂજન કરવામાં આવે છે. રામ જન્મની કથાનું વાંચન કરવામાં આવે, બપોરના બાર વાગે એમના જન્મને વધાવવા આરતી થાય. પંજુરીનો પ્રસાદ વેચાય. આપણા ધાર્મિક તહેવારો - ઉત્સવો સાથે આરોગ્યનું પણ ધ્યાન રાખવામાં આવેલ છે. રામનવમી અને જન્માષ્ટમીના ઉપવાસ કરવાનું મહત્ત્વ છે. ઉપવાસ એટલે ખરેખર તો નિરાહાર રહેવું. પણ એવું થતું નથી. ઉપવાસમાં ફરાળ કરવામાં આવે છે. ફરાળમાં લેવાતીવસ્તુઓથી વાયુપ્રકોપ ન થાય તે માટે પંજુરીના પ્રસાદ લેવાય છે. આ પંજુરી પાંચ વસ્તુઓના મિશ્રણથી બને છે. તેમાં ધાણા, સુવા, અજમો, ખસખસ અને સૂંઠ વપરાય છે. આ પાંચ જણસોને ખાંડી તેનું મિશ્રણ કરાય છે. તેમાંની તીખાશ ઓછી કરવા માટે પીસેલી ખાંડ કે સાકર નખાય છે. આ રીતે તૈયાર થયેલ ચૂર્ણ તે પંજુરી કહેવાય છે. પંજુરી પાંચ વસ્તુઓથી બને છે. તેથી તે પંચાજીરી કે પંચજીરા કહેવાય છે. લોકબોલીમાં તે પંજુરી તરીકે રૂઢ થયેલ છે. પ્રસાદીરૂપે અપાતું આ ચૂર્ણ - પંજુરી સ્વાદિષ્ટ તો છે જ પણ ઉપર જણાવ્યું છે તેમ વાયુનાશક હોઈ આરોગ્યપ્રદ પણ છે. આવા જન્મોત્સવો માત્ર જે તે ભગવાનના મંદિરે જ મનાવાય છે એવું નથી. મોટાભાગના મંદિરોમાં પણ તેની ઉજવણી થાય છે. રામ જન્મોત્સવ ભુજમાં રઘુનાથજીના મંદિરે તેમજ મહાદેવના નાકા બહાર આવેલ રામધૂનવાળા સ્થળે નવા બંધાયેલા રામ મંદિરમાં પણ મનાવાય છે.

કચ્છના જાડેજા વંશની મુદ્રા અને રાજમુદ્રામાં સૌથી પહેલું સ્થાન શ્રી રામને અપાયું છે. ત્યાર પછી કચ્છ દેશની દેવી આશાપુરાનું નામ દર્શાવવામાં આવેલ છે. છતાં આ ઐતિહાસિક એવા ધાર્મિક તહેવારની ઉજવણીમાં રાજાશાહીના વખતમાં કચ્છના રાજવીની સામેલગીરી ક્યાંય જોવામાં આવતી નથી તે આશ્ચર્ય ઉપજાવે છે. કચ્છના રાજવી ખેંગારજી બીજાથી ખેંગારજી ત્રીજાએ પણ પોતાની મુદ્રા બદલાવી ત્યાં સુધીની તમામ મુદ્રા અને રાજમુદ્રાઓમાં (મહારાવ લખપતજી સિવાય. તેમની મુદ્રામાં શ્રી સાંબેશ્વરપ્રદ પ્રસાદપ્રાપ્તોદય એ રીતે બતાવવામાં આવેલ છે.) શ્રી રામનું નામ સૌથી પ્રથમ દર્શાવાયું છે. લખપતજીની રાજ્યમુદ્રામાં ભલે શિવને સ્થાન અપાયું છે પણ એમના અંતરમાં તો રામને રમતા જોઈ શકાય છે. એમણે સને ૧૭૫૦માં રચેલ 'લખપતિ શૃંગાર' નામે કાવ્ય ગ્રંથની શરૂઆત ગણેશ સ્તુતિથી થાય છે પણ તે પછીની સ્તુતિમાં સૌપ્રથમ નામ ભગવાન શ્રી રામનું આવે છે. મહારાવ શ્રી દેશળજી (બીજા)ના ફટાયા કુંવર ગગુભાને તેરાનો ગરાસ અપાયો. આ તેરાના દરબારગઢમાં જનાનખાનાની ભીંતોને કચ્છી કમાંગરોએ રામાયણના પ્રસંગ ચિત્રોથી જે રીતે સજી છે તે કચ્છી કમાંગરોની સૂઝબુઝનો ઉત્તમ નમુનો છે અને તેરાના રાજવી ગગુભાની રાજભક્તિનો પણ પરિચય કરાવે છે. રામના તેઓ પરમ ભક્ત હતા. એટલે સુતાં જાગતાં કાયમ શ્રી રામના દર્શન થાય તેવી તેમની ઈચ્છા આ ભીંતચિત્રો દ્વારા સંતોષાતી રહી હતી. સંપૂર્ણ રામાયણના મુખ્ય પ્રસંગો ૬૪ ભીંતચિત્રોમાં સમાઈ જાય છે. એમના અંતરમાં રામ દર્શનની લગન આ શબ્દોમાં વ્યક્ત થતી જોઈ શકાય છે :

*અખ્ખ મુંજી ઉઘડે ભેરી, સીતારામ ડિસાં,*
*ધન મુંજો ધિલડો, ધન રામરાંધ વિસાં.*
*રાતોય ડીં મુંકે રામ રામ રટણું,*
*રામસીતા, સીતારામ ચિત ચાય ચોણું.*

કચ્છના રાજવીઓએ રામને મુદ્રા અને રાજમુદ્રામાં સ્થાન આપવાની સાથે સાથે પોતાના જીવનમાં પણ રામના આદર્શોને ઉતાર્યા હતા. રાજ્ય મુદ્રામાંના અક્ષરો એ માત્ર અક્ષરો નહોતા પણ રાજનીતિમાં એમણે એ આદર્શને વાસ્તવિક બનાવ્યું હતું. રામ રાજ્યની એમની ભાવનાના કારણે જ કચ્છમાં સર્વ ધર્મ સમભાવની ભાવના કાયમ ટકી રહી હતી. મેકમર્ડોને પણ રામના જીવનમાં રસ જાગેલ એટલે જ તો એણે પોતાના બંગલાની (અંજારમાં) ભીંતોને કચ્છી કમાંગરી શૈલીમાં રામાયણના પ્રસંગ ચિત્રોથી સજાવી હતી.

રામ, કૃષ્ણ તથા શિવને માત્ર હિંદુ ધર્મના દેવ માની લેવા એ બરોબર નથી. એમણે કંડારેલી કેડી સમગ્ર માનવ સમુદાયના ભલા માટે છે. એટલે જ તો ભારતના બંધારણની મૂળ પ્રત જોનારને તેમાં રામ, કૃષ્ણ તથા શિવના ચિત્રો જોવા મળશે. આના ઉપરાંત બંધારણમાં ભારતીય સંસ્કૃતિને અજવાળતા એકંદર ૨૨ ચિત્રો આપેલા છે. તેમાં રામાયણ અને મહાભારતના પ્રસંગ ચિત્રોની સાથે સાથે અકબર તથા મુઘલકાલીન સ્થાપત્ય, ટીપુ

સુલતાન, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ વગેરેના ચિત્રો પણ છે. રામનો મહિમા ભારતના બંધારણમાં સ્વીકારવામાં આવેલ છે. માનવ માત્રની પ્રેરણા બની રહેલા સાગર જેવા ગંભીર, આકાશ જેવા વિશાળ અને હિમાલય જેવા ઉદાત્ત શ્રી રામના ગુણોને જીવનમાં ઉતારી, તેમના વિચાર અને સંસ્કૃતિને ટકાવવા રામ નવમીના પ્રતિજ્ઞા લઈ ગાંધીજીના સ્વપ્નને સાકાર કરીએ તો જ રામ નવમી સાચા અર્થમાં ઉજવી કહેવાશે.

- **સહજાનંદ સ્વામીની જન્મ જયંતી :**

રામ નવમીના દિવસે સહજાનંદ સ્વામીની પણ જન્મ જયંતી આવતી હોવાથી તેની પણ ઉજવણી સ્વામિનારાયણ મંદિરોમાં થાય છે.

ભારતની ધરતી પર જે સમયે સર્વત્ર અંધાધૂંધી વ્યાપેલી હતી અને આતતાયીનો ઓથાર છવાયેલો હતો ત્યારે આ મહા માનવનો પ્રાદુર્ભાવ થયો હતો. મારે તેની તલવારનો જમાનો હતો. ન્યાય જેવી કોઈ વ્યવસ્થા દેખાતી ન હતી. મરાઠાઓની સત્તા આથમી રહી હતી અને અંગ્રેજી સત્તાનો પાયો નંખાઈ ગયો હતો. ધર્મના નામે ધતીંગ ચલાવવામાં આવતું હતું. યજ્ઞના નામે અકારણ નિર્દોષ પશુઓ વધેરાતા હતા. આવા દૂષણોને એમણે દૂર કરાવીને લોકોને સન્માર્ગે વાળ્યા હતા. દીકરીને જન્મતાવેંત જ દૂધ ભરેલી તાંબાકુંડીમાં ડૂબાડીને મારી નાખવાની જે નિર્દય પ્રથા પ્રવર્તતી હતી એને અટકાવીને પ્રજાને સાચે માર્ગે વાળવાનું જે મહાન કાર્ય કર્યું અને સમાજ જેને અછૂત ગણીને પોતાનાથી દૂર રાખતું હતું એવા નીચલા વર્ગના લોકોને સમાજમાં તેઓ એક છત્ર નીચે લાવ્યા. એમના આ કાર્યો ક્યારેય પણ વિસરી શકાય નહીં. શિક્ષાપત્રી દ્વારા એમણે લોકજીવનને નવી જ દિશા આપી. શિક્ષાપત્રીના માધ્યમથી ધર્મના સ્થાપન વિશે તે પોતે જ કહે છે કે, લોકોના કલ્યાણ માટે રચાયેલી આ શિક્ષાપત્રીનું બધા જ હરિભક્તો આદરભાવથી વાંચન કરે. સાદું જીવન જીવતા માનવીઓ વચ્ચે રહી એમના સંસ્કારોને દ્રઢ કરીને એ સર્વેને ઉજળા આચારે કર્યા તથા આશીર્વાદ આપીને શિક્ષાપત્રીના માધ્યમથી એમનું કલ્યાણ કર્યું. એમણે આ ધરતી પર નવજીવનનો જે પરોઢ ઉગાડ્યો તેના ફળરૂપે લોકોને સુખ અને સમૃધ્ધિમાં મહાલતા જોઈ શકીએ છીએ. શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોકો એ સુખ પામવા માટેની સીડી છે અને એનું જે સચ્ચાઈથી આચરણ કરે છે તેમની કાયમ ચડતી થતી રહી છે. એવા મહા માનવની જન્મ જયંતી સ્વામિનારાયણ મંદિરોમાં માત્ર સત્સંગીઓ જ નહીં અન્ય લોક સમુદાય પણ ભારે ઉત્સાહથી ઉજવે છે.

સહજાનંદ સ્વામી કોઈ દંતકથાનું પાત્ર નહોતા. માત્ર ૪૯ વર્ષના આયુષ્ય દરમિયાન તેઓ એક અવતારી પરમાત્મા તરીકે એમની હયાતીમાં જ પૂજાયા હતા અને તેનું દસ્તાવેજી વિવરણ હજારો પૃષ્ઠોમાં પથરાયેલું છે. ભગવાન સ્વામિનારાયણના જીવન વિશે દસ્તાવેજી નોંધ કરવામાં તેમના સમકાલીન સંતોએ જે સુઝ દાખવી છે તે અજોડ છે.

તેમના વ્યક્તિત્વ વિશે થોકબંધ સાહિત્ય રચાયું છે. એ દસ્તાવેજી સાહિત્યના આધારે પ્રખર ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળાએ લખ્યું છે, ***"પોતાના કાળના પ્રસિદ્ધ પુરૂષોમાં સહજાનંદ સ્વામી સૌથી મહાન હતા, પુરુષોત્તમ તરીકે ઉપાસના કરવા યોગ્ય હતા."***

બસ્સો વર્ષ પહેલાં ભગવાન સ્વામિનારાયણે જે પવિત્ર આધ્યાત્મિક આંદોલન જગાવ્યું હતું એ પવિત્ર આંદોલન આજે લાખો લોકોના જીવનમાં પ્રતિબિંબિત કરનાર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત કહ્યું હતું કે : 'ભગવાન સ્વામિનારાયણ બસ્સો વર્ષ પહેલાં પ્રગટ થયા હતા પણ આપણને આજે એમનો લાભ મળે? હા. એમના ચીંધેલા માર્ગે ચાલે એને આજેય ભગવાનના પ્રગટપણાની અનુભૂતિ થાય છે.'

***સ્રોત : શ્રી ઉમિયાશંકર અજાણીના પુસ્તક "કચ્છીઓના સંસ્કાર અને સંભારણા"માંથી સાભાર***

## *Matrimonial*



**Name : Reeta Shantilal Soni**
**Address** : Khombhadi Moti, Nakhatrana, Kutch-370 670.

| | |
|---|---|
| **Birth Date** | : 16-09-1988 |
| **Birth Place** | : Khombhadi - Nakhatrana |
| **Caste** | : Parmar (Soni) |
| **Height** | : 5'7" |
| **Weight** | : 50 Kg. |
| **Edu. Qualification** | : B.A. P.T.C. |
| **Occupation** | : Primary teacher in Government School at Khombhadi, Nakhatrana, Kutch |
| **Salary** | : Rs. 30,000/- per Month |

***PERSONAL DETAILS:***

| | |
|---|---|
| **Father** | : Shantilal Lalji Soni |
| **Mother** | : Devyaniben S. Soni |
| **Contact No.** | : 94082 43933, 94275 68869 (02835) 288787 |

***MOTHER'S FAMILY :***

Soni Dungarshee Hemraj (Pomal)
Soni Shantaben Dungarshi (Pomal)
Village : Deshalpur Guntali, Ta. Nakhatrana, Kutch.

# શ્રીજી મહારાજે સહજ બિરદાવી "સ્ત્રી શક્તિ"

સંકલન : હંસરાજ કંસારા

સહજાનંદ સ્વામીનાં કાર્યો રચનાત્મક હતાં. એમણે સતીપ્રથા, દીકરીને દૂધ પીતી કરવી, બાળલગ્ન, દોરા ધાગા, મંત્રજંત્ર, ભૂતપલિત, જાદુટોણાં જેવા અનેક કુરિવાજો સામે લોકોને જાગૃત કર્યા. તત્કાલિન સમાજના અમુક વર્ગોમાં જડ રીવાજોના કારણે દીકરીઓને વેઠવી પડતી શારિરીક અને માનસિક યાતનાથી બચવા 'જીવતે જીવ દીકરીને રીબાતી જોવી નહીં, દેખવું ય નહીંને દાઝવું નહીં', એ ન્યાયે જન્મતાંવેંત, દીકરીને 'દૂધપીતી' કરવાનો રિવાજ હતો. સહજાનંદ સ્વામીએ આ કોમોની વેદના સમજી, પ્રેમાળ અને સૌહાર્દપૂર્ણ વાતચીતો દ્વારા સમજાવ્યું કે આ તમામ જડ રિવાજો પાછળ કેવળ ભ્રમ, વહેમ અને અંધશ્રદ્ધા જ રહેલાં છે. વિભિન્ન કોમના જુવાન દીકરાઓને સત્સંગમાં સામેલ કરી વ્યસનમુક્ત કરવા પ્રયત્નો કરી એમને પ્રભુ સન્મુખ કર્યા. સહજાનંદ સ્વામિના દૃઢ, વિરલ વ્યક્તિત્વના પ્રભાવે અને ૫૦૦ પરમહંસો સાથે સમગ્ર ગુજરાતમાં ફરી, તેઓશ્રીએ એ પ્રથા વિરૂદ્ધ જનમત કેળવ્યો. પરિણામે ગુજરાતમાંથી એ પ્રથા લુપ્ત થઇ.



શ્રીજીના મતે સર્વ અનિષ્ટોનું મૂળ અજ્ઞાન છે અને 'સ્ત્રીશિક્ષણ' આ અનિષ્ટના નિવારણનો એક માત્ર ઉપાય છે. એટલે એમણે સ્ત્રીઓને અક્ષરજ્ઞાન દ્વારા શાસ્ત્રનું સાચું જ્ઞાન આપવાની પ્રવૃત્તિઓ વિકસાવી. એના પરિણામે મેલીવિદ્યા, જંત્રમંત્ર, દોરાધાગાની ભીતિમાંથી સ્ત્રીઓ મુક્ત થઇ. સ્ત્રીમાં સ્વતંત્ર વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ ખીલે તો એ જાતે જ સ્વતંત્રપણે સાચાખોટાનું પારખું કરી ભયમુક્ત ગૌરવપૂર્ણ જીવન જીવી શકે છે, એનું દાખલાઓ દ્વારા પ્રતિપાદન કર્યું. તેમની સ્ત્રીભક્તોમાંની જીવુબા-લાડુબા – એ બે બહેનોએ મહિલાઓને પ્રાથમિક શિક્ષણ, પ્રવચન, કીર્તન તથા અન્ય સમાજોપયોગી કાર્યો કરવા પ્રેરણા આપી. સ્ત્રીઓને વિચારોના આદાનપ્રદાનની મોકળાશ મળી. મલીન શક્તિઓનાં નામોચ્ચારણ કરી 'અડદ મંત્રીને મૂઠ મારીશ' 'બાળીને ભસ્મ કરી નાખીશ' જેવા ભીતિ પ્રેરતાં વચનો કહેનાર વિરુદ્ધ શિક્ષિત બહેનોનું ખમીર ઝળક્યું. "તારી પડખે મેલી વિદ્યા છે તો મારી પડખે હજાર હાથવાળો ભગવાન છે." વીજાપુરના વજીબાના આ શબ્દો એનું ઉત્તમ ઉદાહરણ છે.

શ્રીજીએ કચ્છના ભુજપુર ગામની યુવાન રૂપવતી વિધવા સ્ત્રી સાધીબાઇને એલાન આપ્યું 'સુહાગણનો શણગાર સજી માથે બેડું મૂકી ભરબજારમાંથી પસાર થઇને આવો.' સાધીબાઇએ એ પડકાર ઝીલ્યો અને હિંમતપૂર્વક ગામની ઠઠ્ઠામશ્કરી કરતી સ્ત્રીઓને સૂણાવ્યું, 'મેં તો ઘર માંડ્યું છે પુરુષોત્તમ નારાયણનું.' આવા પ્રસંગોએ તે જમાનામાં વિધવા પુર્નલગ્નનાં બીજ વાવી દીધાં અને સ્ત્રીઓમાં તે માટે નૈતિક હિંમત કેળવી.

'માડી! તમને સાડાસાતી પનોતી બેઠી છે, તે લ્યો, આ નંગ વીંટીમાં જડાવી પહેરો.' એમ કહેનાર જ્યોતિષીને એ વૃદ્ધાએ ખૂમારીપૂર્વક સંભળાવી દીધું કે 'સાત ગાઉથી ચાલીને આવ્યો છે અને હજી તો તું રોટલા ભેગોએ નથી થયો. તે સાડાસાતી તો તને બેઠી છે.'

આ અભણ સ્ત્રીએ પ્રભુદીધાં સુખદુ:ખને પ્રભુનો જ પ્રસાદ સમજી પચાવી લેવાની શક્તિ અને ધૈર્ય પ્રભુબળે કેળવ્યાં હતાં!

અગણોતેરના અતિ કારમા દુષ્કાળમાં રસ્તે પડેલા ચાંદીના તોળા પર ધૂળ પાથરનાર પતિને 'ધૂળ પર ધૂળ શું વાળી? (રજ રજત ભાવમાં એકતા) એવી સાંખ્યજ્ઞાનની સમજ આપનાર સગરામ વાઘરીની પત્ની શ્રીજીનાં સંસ્કારધનથી સમૃદ્ધ એવી નિમ્ન સ્તરની સ્ત્રી, સવર્ણ સ્ત્રી કરતાં ક્યાંય ઉણી ઉતરતી નથી, તે સાબિત કર્યું.

લાડુબા-જીવુબાનાં આદર્શ પવિત્ર જીવન અને સેવાભક્તિને બિરદાવતાં ઉત્કૃષ્ટ કોટિનાં વચનો શાસ્ત્રમાં નિબદ્ધ થયાં છે. સંપ્રદાયના અતિ આદરણીય પવિત્ર ગ્રંથ 'વચનામૃત'માં પરોક્ષપણે અને ક્યાંક તેમના નામનો સીધો ઉલ્લેખ કરી, તેમને ગૌરવપૂર્ણ સ્થાન બક્ષ્યું છે.

જેતલપુર ગામે ગુણાતીતાનંદ સ્વામીના દીક્ષા પ્રસંગે અહિંસક યજ્ઞનું આયોજન થયું હતું. એક મણ ઘઉં જાતે દળી લોટ તૈયાર કરવાની સેવા માટે સૌની સાથે સ્વેચ્છાએ હાથ ફેલાવનાર ગામની ગણિકા નાથીને પ્રભુએ આવકારી. તેણે હાથે દળીને લાવેલા લોટની સેવા અંગીકાર કરી સૌના વિરોધ વચ્ચે કશાય ભેદભાવ વિના! શ્રીજીનાં પ્રેમ અને કરૂણા આ બાઇનાં હૃદયને સ્પર્શ્યાં. પશ્ચાતાપથી પરિશુદ્ધ બની નાથીએ પ્રભુનાં ચરણ પખાળ્યાં અને શ્રીજીએ સમગ્ર માનવ મેદની સમક્ષ જાહેર કર્યું, 'જા બહેન! તારૂં મુક્તાનંદ જેવું કલ્યાણ હો.'

શ્રીજીના સમય દરમિયાન અને પરિણામે આજે પણ સંપ્રદાયની સ્ત્રીઓમાં જીવન, મરણ, લગ્ન જેવા ગંભીર વિષયો પરત્વે બુદ્ધિપૂર્વકની સમજણ જોવા મળે છે. તેમના જીવનમાં પ્રભુપ્રાપ્તિની ખુમારી અને જીવનના ઝંઝાવાતો વચ્ચે પણ પ્રસન્નતાપૂર્વક ટકી રહેવાની તાકાત જોવા મળે છે. એજ છે 'શ્રીજી' ની 'સ્ત્રી શક્તિ'ને બિરદાવવાની રીત. ■

જ્ઞાતિ સમાચાર

# ભુજ જ્ઞાતિના નવનિર્વાચિત પ્રમુખ : લાયન શ્રી જગદીશચંદ્ર દયારામ ચૌહાણ

**મનુભાઇ કોટડિયા**

*આપણા ધૂળેટી પર્વે રંગોત્સવ ઉજવતાં - ભુજથી સમાચાર મળ્યા કે ભુજ જ્ઞાતિ સમાજની ધૂરાના નેતૃત્વ માટે નવા પ્રમુખની ચૂંટણી થઈ ગઈ છે. અને લાયન શ્રી જગદીશભાઈ ચૌહાણની વરણી થયેલ છે. તે જ સમયે શ્રી જગદીશભાઈને મારા તેમજ 'સેતુ' પરિવાર તરફથી અભિનંદન પાઠવ્યા અને સાથે સાથે સેતુ માટે પરિચય આપવા એમને વિશેષ વિનંતી કરી. હાલ તુરત શ્રી જગદીશભાઈએ ફોન પર આપેલો એમનો પરિચય એમના જ શબ્દોમાં અત્રે પ્રસ્તુત છે.*

*– મનુભાઇ કોટડિયા*

મારો જન્મ તા. ૧૫-૬-૧૯૫૯ના રોજ માધાપર મુકામે થયેલ અને મારું એસ.એસ.સી. સુધીનું શિક્ષણ માધાપરમાં એમ.એસ.વી. હાઈસ્કૂલમાં પૂર્ણ કરેલ. ત્યારબાદ પિતાશ્રીની ઈચ્છાથી ૧૯૭૪માં પેઢી ઉપર કામકાજની શરૂઆત કરી. મારા પિતાશ્રી સ્વ. દયારામ મુરજી ચૌહાણ તેમજ માતા શાંતાબેનના લાડકોડમાં ઉછરેલ. બાપુજીનો વ્યવસાય સોના-ચાંદીનો હોવાથી નાનપણથી જ સોના-ચાંદીના કામમાં રૂચિ રહેલ. મારા દાદાશ્રી મુરજી વેલજી ચૌહાણ સાથે પેઢી દર પેઢી કામમાં વધારો થતો રહ્યો. મારા દાદાશ્રી મુરજી વેલજી ચૌહાણ તેમજ મારા પિતાશ્રીએ સમાજસેવાનો ભેખ લીધેલ. પિતાશ્રીએ માધાપરમાં પ્રમુખપદ સંભાળેલ. એટલે સેવાના કાર્ય કરવાનો અનુભવ નાનપણથી જ વારસામાં છે.



*"સર્વપ્રથમ કંસારા સમાજનો હું ઋણી છું કે મારા પર વિશ્વાસ રાખીને મને પ્રમુખપદનું સ્થાન સોંપેલ છે. તે અત્રેથી વચન આપું છું કે સમાજના દરેક કાર્ય તન-મન-ધનથી અદા કરીશ."*

*– જગદીશચંદ્ર ચૌહાણ*

૧૯૭૪થી ભુજમાં દુકાન શરૂ કરેલ અને ત્યારબાદ કારકિર્દીની શરૂઆત થઈ. ૧૯-૫-૧૯૭૯ના રોજ પુષ્પા સાથે મારા સંસારની શરૂઆત કરી. મારી બે પુત્રીઓ મીનાક્ષી તેમજ પ્રીતિ, એક પુત્ર નિવેશના જન્મ બાદ ૧૯૮૪ના પિતાશ્રીએ પેઢી ઉપરથી તેમની નિવૃત્તિ જાહેર કરી. તે સાથે જ નાના બે ભાઈઓ શ્રી સ્વ. ભૂપેન્દ્રભાઈ તેમજ કિશોરભાઈ સાથે દુકાનમાં સાથે મળીને ઉત્તરોત્તર પ્રગતિ કરેલ. થોડા સમય બાદ કિશોરભાઈનું શિક્ષણ પૂરું થતાં તેમને સોના-ચાંદીના હોલસેલનો વેપાર સંભાળતાની સાથે સમાજસેવા સંભાળતા થયા. જેઓ હાલમાં શિક્ષણના ચેરમેન છે. ત્યારબાદ ૨૦૦૧માં ભૂકંપ આવતા નાના ભાઈ ભૂપેન્દ્રનું અવસાન થયેલ. બાદમાં માધાપરમાં દુકાન ચાલુ કરી. દીકરા નીલેશનું શિક્ષણ પૂરું થતાં કામકાજમાં સાથે જોડાયેલ.

૨૦૦૫માં પુત્ર નીલેશના લગ્ન થયેલ. થોડા કામકાજમાં હળવાશ થવાથી સેવા તરફ મન વળ્યું અને ૨૦૦૫થી જ લાયન્સ ઈન્ટરનેશનલ સંસ્થા સાથે જોડાઈ સેવા કરવાનો મોકો મળ્યો. પુત્રવધૂ હીરલને ત્યાં પૌત્ર રૂદ્રનો જન્મ થતા મને દાદાનું બિરૂદ મળ્યું. ત્યારબાદ નાના મોટા હોદ્દા ઉપર રહી લાયન્સમાં તેમજ સમાજમાં સેવાકાર્યો કર્યા. ત્યારબાદ ૨૦૧૨-૧૩ના વર્ષમાં લાયન્સ ક્લબ - ભુજનું પ્રમુખપદ સંભાળ્યું. અનેકવિધ પ્રોજેક્ટ કરી બેસ્ટ ક્લબ તેમજ બેસ્ટ પ્રેસિડેન્ટનો એવોર્ડ મેળવ્યો.

વર્ષ ૨૦૧૫-૧૬માં મારી પત્ની પુષ્પા લાયોનેસ ક્લબમાં પ્રેસિડેન્ટ બન્યા અને મને પણ ઝોન ચેર પર્સનની જવાબદારી સંભાળવા મળેલ. અમને બંનેને વર્ષ પૂરું થતાં ક્લબમાંથી ડિસ્ટ્રીક્ટ ગવર્નર તરફથી તેમજ મલ્ટીપલ લેવલેથી પણ એવોર્ડ મળેલ. જેની નોંધ સમાજે લીધેલ અને અમારું સન્માન કરેલ એ વાતનો મને ગર્વ છે.

ચાલુ વર્ષમાં સમાજે નાતના પ્રમુખ તરીકેનો હોદ્દો સોંપેલ છે ત્યારે સમાજમાં મેડિકલ ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે તેમજ સમાજના નબળા વર્ગના લોકો માટે કેમ ઉપયોગી થવું અને સમાજનું એક સંકુલ ઊભું કરવાનો વિચાર છે.

આથી વિશેષમાં જણાવવાનું કે કચ્છ કોઈન સોસાયટીની સંસ્થામાં ઉપ પ્રમુખનો પદભાર સંભાળું છું તેમજ ફિલાટેલીક સંસ્થામાં મેમ્બર છું. ઈતિહાસ પરિષદમાં મેમ્બર છું. ગુજરાત કોઈન સોસાયટી - અમદાવાદમાં પણ મેમ્બર છું. ઈંડિયન રેલવે ભુજ કમિટીમાં પણ મેમ્બર છું. મારૂ કંસારા સોની જ્ઞાતિમાં મેડિકલ ક્ષેત્રમાં કારોબારીના મેમ્બર તરીકે કાર્યભાર સંભાળેલ. હાલમાં અખિલ કચ્છ મારૂ કંસારા સોની શિક્ષણ કમિટીમાં પણ સામાન્ય સભ્ય છું. આપણા સમાજના મહામંડળ સાથે સભ્ય તરીકે સંકળાયેલો છું.

આથી વિશેષ પરિચયમાં આપણા સ્નેહીજનો, દોસ્તો, પરિવાર અને સાથે સમાજ છે. મારી ગણતરીમાં એ જ મોટી વાત છે. ■

# અંજાર સમાજવાડીનું પુનઃ નિર્માણ : સ્વપ્ન થયું સાકાર

અતુલ સોની

*કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ કાળરૂપી ભૂકંપે તબાહી મચાવી ત્યારે ભુજ, અંજાર, ભચાઉ જેવા વિસ્તારો ખંડેર થઈ ગયા. અંજાર શહેરમાં ભૂકંપના લીધે અનેક મકાનો જમીનદોસ્ત થયા. હજુ થોડા વર્ષ અગાઉ મહામહેનતે નવનિર્માણ પામેલ અંજાર જ્ઞાતિની સમાજવાડી પણ ખંડેરમાં ફેરવાઈ ગઈ. ત્યારે સમસ્ત સમાજમાં એક નિરાશાની લાગણી વ્યાપી ગઈ. સમયાંતરે બધું નવનિર્માણ પામતું ગયું ત્યારે સમગ્ર સમાજની અગ્રીમ મહેચ્છા સમાજવાડીના નવનિર્માણની રહી. સમાજના અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, કાર્યકરોથી લઈને સામાન્ય જ્ઞાતિજનોના સબળ સંકલ્પથી હાલે સમાજની આ મહેચ્છા સ્વરૂપ ભવ્ય સમાજવાડીનું સુંદર આકાર લઈ રહેલ છે. સમસ્ત સમાજના સામૂહિક સંકલ્પથી સ્વપ્ન સાકાર થઈ રહેલ છે ત્યારે આ ભગીરથ કાર્યના મુશ્કેલ રાહ પર શ્રી ફોરમભાઈ સોનીની રાહબરી હેઠળ સમાજના યુવા અગ્રણીઓએ કરેલ કઠિન પરિશ્રમ અને સાતત્યપૂર્ણ પ્રયાસોની કેટલીક વિગતો અત્રે પ્રસ્તુત છે, જે સર્વશ્રી ફોરમભાઈ સોની તથા અનિલભાઈ સોની તરફથી પ્રાપ્ત થયેલ છે. તે બદલ તેમનો આભાર માનીએ છીએ.*

- **સમાજવાડીની પૂર્વ ભૂમિકા :**

અંજાર શહેરના ગંગાનાકા બહારના વિસ્તારમાં આવેલ મારૂ કંસારા સોની જ્ઞાતિના માનકેશ્વર મહાદેવના મંદિરના પ્રાંગણમાં આવેલ જ્ઞાતિની આ જગ્યાનો ઈતિહાસ વર્ષો પુરાણો છે. અગાઉના સમયમાં આ પ્રાંગણમાં નાતનું જમણવાર તથા જ્ઞાતિના શુભ પ્રસંગો ઉજવાતા. સમયાંતરે જરૂરી સુવિધાઓ વિકસતી રહી. ૧૯૯૦ના દસકામાં તત્કાલીન સમાજ અગ્રણીઓ સ્વ. પુરૂષોત્તમ ધારશી, સ્વ. કાનજી ગોવિંદજી, સ્વ. પરષોત્તમ લખમશી, સ્વ. શામજી ગાંગજી, સ્વ. વેલજી જાદવજી જેવા ખમતીધર અગ્રણીઓના પ્રયાસથી જ્ઞાતિની સમાજવાડીનું નિર્માણ થયું. તત્કાલીન માનદ્ મંત્રી શ્રી શાંતિલાલ સોની સાથે આ લખનાર અતુલ સોનીને, એ નિર્માણ કાર્યમાં સક્રિય સહયોગ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ.




૨૦૦૧ના ભૂકંપમાં આ સમાજવાડીનું બે માળનું મકાન જમીનદોસ્ત થયેલ. ત્યારથી સમાજની દરેક વ્યક્તિની લાગણી સમાજવાડીના પુનઃ નિર્માણ માટે રહી.

- **જમીન વિસ્તરણ અને હસ્તગત કરવાની પાયાની કામગીરી :**

સમાજવાડીની જમીનમાંથી કેટલાક ભાગમાં આવેલ મિલ્કતો સમાજ દ્વારા અગાઉ ભાડા પર અપાયેલ. આ મિલ્કતોને હસ્તગત કર્યા વગર વિશાળ સમાજવાડીનું નિર્માણ શક્ય ન હતું. વર્ષો અગાઉ સ્વ. રમણિકલાલ નાનાલાલ સોનીના અવસાન બાદ તેમની ઈચ્છા અનુસાર તેમના પુત્ર શ્રી સુરેશભાઈ પોમલે તેમના કબજા હેઠળ રહેલ અંદાજે ૭૦૦૦ ચો.મીટર જમીન તેના પરના બાંધકામ સહિત સમાજના કાર્ય માટે સ્વેચ્છાએ પુનઃ અર્પણ કરી, એક દાખલારૂપ પહેલ કરેલ હતી. અગાઉના વર્ષોમાં જમીનનો વિશેષ ઉપયોગ ન હતો. ત્યારે ખાલી જગ્યા પર આઠ જેટલા ગેરેજ બાંધવામાં આવેલ. હવે જરૂર પડતાં, આ ગેરેજ ખાલી કરાવવા જરૂરી હતા. આ મુશ્કેલ જણાતા કાર્યને સુપેરે પાર પાડવામાં પૂર્વ પ્રમુખ શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસાપરમારની ભૂમિકા વિશેષ ઉલ્લેખનીય રહી. તેમણે સુઝબુઝ અને ધીરજપૂર્વક કાયદાકીય ગુંચ ઉકેલી, સમાજવાડી માટે જમીન ટાઈટલ ક્લિયર સાથે કબજો મળે તે માટે પાયાની કામગીરી કરેલ. આ સમયે સમાજના શ્રી પરષોત્તમ લખમસી વીસાપરમાર પરિવાર, શ્રી નરોત્તમ પરષોત્તમ બારમેડા પરિવાર, શ્રી કાનજી ગોવિંદજી હેડાઉ પરિવાર, શ્રી પરષોત્તમ ધારશી બીજલાણી પરિવાર તથા શ્રી નારાણજી મોરારજી સોની પરિવાર એ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સ્વિકારી, પોતાના હસ્તકના ગેરેજ સ્વેચ્છાએ સમાજને પુનઃ અર્પણ કરી પ્રશંસનીય કાર્ય કરેલ છે.

- **નવનિર્માણના સફળ સુકાની – જ્ઞાતિ પ્રમુખ શ્રી ફોરમભાઈ સોની**

અંજાર જ્ઞાતિના હાલના પ્રમુખ શ્રી ફોરમભાઈ સુરેશભાઈ સોની સમાજવાડી નવનિર્માણ પ્રોજેક્ટનું નેતૃત્વ કરી રહેલ છે. યુવા અને ઉત્સાહી શ્રી ફોરમભાઈએ 'જ્ઞાતિસેતુ' સાથે વાતચીત



**જ્ઞાતિ પ્રમુખ**
**શ્રી ફોરમભાઈ સોની**

દરમિયાન ખૂબ લાગણીપૂર્વક, પ્રોજેક્ટની સફળતા તેમના સહયોગીઓ સાથેના ટીમવર્કને આભારી હોવાનું જણાવે છે. વિશેષમાં તેઓ જણાવે છે કે શ્રી અંજાર મારૂ કંસારા સોની જ્ઞાતિ, એ આપણા સમાજની બીજા નંબરની મોટી જ્ઞાતિ છે. અહીંની સમાજવાડીનું નવનિર્માણનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. આથી જયારે તા. ૧૬-૧-૨૦૧૬થી મારી અંજાર જ્ઞાતિના પ્રમુખપદે વરણી થઈ ત્યારથી અમારી ટીમ પાસે સમાજવાડી બનાવવાનું કાર્ય પ્રથમ ટાર્ગેટ હતું.

અંજાર જ્ઞાતિના લાણેદારો અને દાતાઓએ અમારા આ કાર્યમાં ખૂબ ઉત્સાહથી સહયોગ આપ્યો. સર્વે કારોબારી સભ્યોએ પોતાની વ્યવસાયિક જવાબદારીઓ ઉપરાંત આ સમાજવાડી નિર્માણ કાર્ય માટે ખડેપગે ઊભા રહી મહેનત કરી રહ્યા છે. સમાજવાડી સમાજના લોકો માટે જરૂર ઉપયોગી થશે, પરંતુ તેથી વિશેષ, તેમાંથી મળનારી આવક સમાજના અન્ય રચનાત્મક કાર્યો માટે ઉપયોગી થશે.

## સફળતાના સૂત્રધારો

### બાંધકામ સમિતિના ચેરમેન શ્રી પ્રકાશભાઈ બારમેડા



**શ્રી પ્રકાશભાઈ બારમેડા**

શ્રી પ્રકાશભાઈ બારમેડા (ધાણેટીવાળા)એ સમાજવાડી નવનિર્માણ સમિતિના ચેરમેનપદે રહી સમગ્ર પ્રોજેક્ટસને સુચારૂ રૂપે પરિપૂર્ણ કરવા ભારે જહેમત ઉઠાવી છે. તેમજ સમગ્ર ટીમ સાથે રહી યોગ્ય નેતૃત્વ પૂરૂં પાડી રહ્યા છે. સ્વભાવે ધીર-ગંભીર અને સાલસ વ્યક્તિત્વ ધરાવતા શ્રી પ્રકાશભાઈ જણાવે છે કે કારોબારી સમિતિ અને બાંધકામ સમિતિના સભ્યો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે ત્યારે સૌના સહિયારા પ્રયાસથી આ કાર્ય અંશતઃ પૂર્ણ થયું છે ત્યારે સંતોષની લાગણી થાય છે. સમાજવાડી નિર્માણ કાર્યથી યુવાવર્ગમાં ભારે ઉત્સાહ જોવા મળે છે. સમાજના વડીલોનું માર્ગદર્શન પણ ઉપયોગી સાબિત થઈ રહેલ છે. સમાજના દાતાઓ ઉદાર દિલથી સહયોગ આપી રહેલ છે. તેનાથી કાર્યને પ્રોત્સાહક બળ મળેલ છે.

### જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ



**શ્રી કિરણભાઈ હેડાઉ**

વર્ષોથી જ્ઞાતિના દરેક કાર્યમાં સહયોગી રહેલ ઉપપ્રમુખ શ્રી કિરણભાઈ હેડાઉ સમાજવાડી નિર્માણના કાર્યમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે. અગાઉ 'સેવામંડળ' મારફતે અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સેવાકાર્યમાં સહભાગી શ્રી કિરણભાઈના અનુભવ અને સુઝબુઝ સમસ્ત કાર્ય માટે માર્ગદર્શનરૂપ બની રહેલ છે.

### માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા



**શ્રી અનિલભાઈ બગ્ગા**

અંજાર જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અનિલભાઈ બગ્ગા સમગ્ર પ્રોજેક્ટ કાર્યમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. બાંધકામ કાર્ય પર રોજબરોજ દેખરેખ તેમજ વખતોવખત ઉપસ્થિત થતા પ્રશ્નોને ઉકેલી, કાર્ય સુચારૂ રૂપે આગળ વધતું રહે તે બાબતે તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહે છે. સૌને સાથે રાખી કાર્ય કામ કરવાની તેમની કાર્યશૈલીથી સમાજનો દરેક વર્ગ પરિચિત છે. તેઓ જણાવે છે કે સમાજવાડી નિર્માણનું કાર્ય એક પડકાર રૂપ કાર્ય સમાજના સહકાર વગર પૂર્ણ ન થઈ શકે. હાલમાં અંજાર જ્ઞાતિના દરેક વર્ગમાંથી તન-મન અને ધનથી સહકાર મળી રહેલ છે. તેથી આ નિર્માણ કાર્યમાં સહભાગી હોવાનો ગર્વ થાય છે. સમાજવાડી, એ સમાજની એકતાને વધુ મજબુત બનાવશે તેમજ તે આવકનો સ્રોત પણ બનશે. જેનાથી મેડિકલ અને શિક્ષણ ક્ષેત્રે કરવાના કાર્યો માટે આર્થિક બળ પ્રાપ્ત થશે.

### કર્મઠ કાર્યકર શ્રી ભરતભાઈ કંસારા



**શ્રી ભરતભાઈ કંસારા**

અંજાર જ્ઞાતિના સક્રિય કાર્યકર શ્રી ભરતભાઈ કંસારા અગાઉ કારોબારી સમિતિમાં રહીને તેમજ હાલમાં બાંધકામ સમિતિમાં રહી સમાજવાડીના નિર્માણ કાર્યમાં સહયોગ આપી રહેલ છે. તેઓ જણાવે છે કે આ ઉમદા કાર્યમાં સહભાગી થવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે ત્યારે મને આ બાંધકામ કાર્યની મળેલ જવાબદારી સંતોષપૂર્ણ રીતે નિભાવવાનો આનંદ છે. સમગ્ર ટીમની મહેનત રંગ લાવશે અને કાર્યને પૂર્ણ સફળતા મળશે તેવો વિશ્વાસ છે.

- **કાર્ય વહેંચણી :**

સમાજવાડીના નવનિર્માણ બાંધકામ સમિતિની રચના કરવામાં આવેલ છે. આ સમિતિના સભ્યોમાં કાર્ય વહેંચણી વડે જવાબદારીઓ વિભાજીત કરવામાં આવેલ. જેમકે ઈલેક્ટ્રીકલ કામ માટે શ્રી શિવલાલભાઈ મહીચા તથા શશીકાંતભાઈએ જવાબદારી સ્વીકારેલ છે. સિમેન્ટ, લોખંડ વગેરેની ખરીદી માટે શ્રી કિરણભાઈ હેડાઉ તથા શ્રી ભરતભાઈ ગોહીલ અને લાકડાની ખરીદી માટે શ્રી અનિલભાઈ બગ્ગા, શ્રી જગદીશભાઈ છત્રાળાએ જવાબદારી સ્વિકારી છે. સમગ્ર પ્રોજેક્ટ અંગેના પેપરવર્ક તેમજ નાણાંકીય હિસાબોની જવાબદારી શ્રી ભરતભાઈ બુધ્ધભટ્ટી તથા ખજાનચી શ્રી કિરણકુમાર મોહનલાલ સોનીએ સ્વીકારેલ છે. આ ઉપરાંત શ્રી નવીનભાઈ બારમેડા, શ્રી ઈશ્વરલાલ કંસારા, શ્રી સુરેશભાઈ વીસાપરમાર, શ્રી મનન પોમલ, શ્રી શૈલેષ પોમલ, યુવક મંડળના પ્રમુખ શ્રી અરૂણભાઈ વીસાપરમાર, શ્રી કિશોરભાઈ બુધ્ધભટ્ટી, શ્રી શાંતિલાલ બુધ્ધભટ્ટી તથા કારોબારી સભ્યો — સૌ આ એક સેવા યજ્ઞમાં સ્વેચ્છાએ સેવા આપી રહેલ છે.

- **સમાજશ્રેષ્ઠીઓ દ્વારા આર્થિક સહયોગ :**

સમાજનું કોઈપણ કાર્ય પૂરતા આર્થિક સાધનો વગર શક્ય નથી. સમાજવાડી નિર્માણ કાર્ય માટે વિશેષ નાણાંની જરૂરિયાત રહે તે સ્વાભાવિક છે. અંજાર જ્ઞાતિના દાતાઓએ આ કાર્ય માટે ઉદારદિલે ફાળો આપેલ છે. જેનાથી સમાજવાડીનું સ્વપ્ન સાકાર થઈ શકેલ છે. સમાજના અગ્રણી દાતાઓ સમાજના કોઈ પણ શુભ કાર્ય માટે વિશેષ દાન આપતા જ રહ્યા છે પરંતુ સમાજવાડી નિર્માણ માટે સમાજના સામાન્ય પરિવારની એક મહિલા ગં.સ્વ. ઈંદીરાબેન ભગવાનજીભાઈ બુધ્ધભટ્ટીએ કાર્યની શરૂઆતમાં જ એક મોટી રકમની જાહેરાત કરતાં સૌને સુખદ આશ્ચર્ય થયેલ. તેમની સમાજ પ્રત્યેની ભાવના સૌને માટે પ્રેરણાદાયક બની રહી. સમાજે તેમની ભાવનાને બિરદાવી સન્માનસહ નોંધ લીધેલ.

## અંજાર જ્ઞાતિ સમાજવાડી પુનઃનિર્માણ હેતુ જાહેર થયેલ દાનના મુખ્ય દાતાઓની યાદી


★ રમણિકલાલ નાનાલાલ પોમલ પરિવાર - અંજાર
★ હરિલાલભાઈ લખમશી વીસાપરમાર - અંજાર
★ નરોત્તમ પરષોત્તમ બારમેડા પરિવાર - અંજાર
★ પ્રેમજીભાઈ ગાંગજીભાઈ મૈચા પરિવાર - અંજાર
★ કાનજીભાઈ ગોવિંદજી હેડાઉ પરિવાર - અંજાર
★ સોની પરષોત્તમ ધારશી પરિવાર - અંજાર
★ કાંતિલાલ ધનજીભાઈ મૈચા પરિવાર - અંજાર
★ હેમરાજભાઈ જેરામભાઈ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ ચત્રભુજ ભાણજીભાઈ ગોહીલ પરિવાર - અંજાર
★ શામજીભાઈ ગાંગજીભાઈ મૈચા પરિવાર - અંજાર
★ મોહનલાલ રાઘવજી સોલંકી પરિવાર - અંજાર
★ ઈંદીરાબેન ભગવાનજીભાઈ બુધ્ધભટ્ટી પરિવાર- અંજાર
★ જખુભાઈ ખીમજીભાઈ કોટડિયા પરિવાર - અંજાર
★ પ્રવીણભાઈ કેશવજી સક્કરીયા પરિવાર - અંજાર
★ ચમનલાલ ભુધુભાઈ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ કાંતિલાલ નારાણજીભાઈ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ હરિલાલ દામજીભાઈ સોલંકી પરિવાર - ભચાઉ
★ સાવીત્રીબેન મનસુખલાલ બારમેડા પરિવાર - અંજાર
★ શંકરલાલ ચાંપશી બગ્ગા પરિવાર — અંજાર, અમદાવાદ
★ વિશનજી કાનજી સક્કરીયા પરિવાર - અંજાર
★ હંસરાજભાઈ જેરામ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ હરિલાલ બેચરદાસ છત્રાળા પરિવાર - અંજાર
★ જેઠાલાલ શિવજી પોમલ પરિવાર - અંજાર
★ પરષોત્તમ લખમશી વીસાપરમાર પરિવાર - અંજાર
★ હરિલાલ નારાણજી બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ હરિલાલ જેરામ સોલંકી પરિવાર - અંજાર
★ પ્રાણલાલ જેરામ સોલંકી પરિવાર - ગાંધીધામ
★ સ્વ. પ્રેમીલાબેન કાનજીભાઈ મૈચા પરિવાર - અંજાર
★ વેલજીભાઈ શંભુભાઈ પોમલ પરિવાર - અંજાર
★ નરેશભાઈ જેન્તીલાલ પોમલ પરિવાર - અંજાર
★ ધનજીભાઈ ખેંગારભાઈ કટ્ટા પરિવાર - અંજાર
★ ડૉ. સુધીરભાઈ સક્કરીયા પરિવાર - ગાંધીધામ
★ જમનાદાસ કરશનદાસ કટ્ટા પરિવાર - ભુજ
★ હીરાલાલ નાનાલાલ બારમેડા - ગાંધીધામ
★ હરિલાલ મણિલાલ બારમેડા - ભચાઉ
★ વિનોદભાઈ નરભેરામ બીજલાણી પરિવાર - અંજાર
★ રસીકલાલ રવજીભાઈ મૈચા - આદિપુર
★ સ્વ. શાંતિલાલ રામજી સોલંકી - માધાપર
★ સ્વ. ધનગોરી શંભુલાલ સોલંકી (શંભુ માસ્તર) -અંજાર
★ મુકુંદભાઈ રામજીભાઈ બુધ્ધભટ્ટી પરિવાર - અંજાર
★ સમસ્ત બારમેડા પરિવાર - અંજાર
★ માનકેશ્વર મહાદેવ મંદિર - અંજાર
★ કિરણભાઈ મોહનલાલ સોલંકી - અંજાર

# પ્રગતિના પંથે – શ્રી અંજાર મારૂ કંસારા જ્ઞાતિ ટ્રસ્ટ


હરિલાલ લખમશી

શ્રી અંજાર મારૂ કંસારા જ્ઞાતિ ટ્રસ્ટની સ્થાપના ઇ.સ. ૧૯૬૩માં થઈ. તે વખતે પહેલા પ્રમુખ તરીકે શ્રી પરષોત્તમ ધારશી સર્વાનુમતે નિયુક્ત થયા. ત્યારબાદ શ્રી પરષોત્તમ લખમશી, શ્રી રમણિકલાલ નાનાલાલ, શ્રી વેલજી જાદવજી, શ્રી પરષોત્તમ ધારશી, શ્રી પરષોત્તમ ધારશી, શ્રી શામજીભાઈ ગાંગજી, શ્રી શિવલાલ શામજી, શ્રી રાજેશ કેશવલાલ, શ્રી ફોરમ સુરેશભાઈ


**શ્રી અંજાર મારૂ કંસારા જ્ઞાતિ ટ્રસ્ટના પ્રભાવી પૂર્વ પ્રમુખો**


પરષોત્તમ ધારશી સોની



રમણિકલાલ નાનાલાલ સોની


પરષોત્તમ લખમશી સોની


વેલજી જાદવજી કંસારા


સોની શામજી ગાંગજી


શિવલાલ શામજીભાઈ સોની


રાજેશભાઈ કે. વીસાપરમાર

શ્રી અંજાર જ્ઞાતિનું ટ્રસ્ટ રજીસ્ટર થયા પછી અત્યાર સુધી તમામ પ્રમુખો સર્વાનુમતે અને ચૂંટણી વગર નિયુક્ત થયા છે.

શ્રી અંજાર જ્ઞાતિમાં અત્યારે ફોરમભાઈની દેખરેખ હેઠળ જ્ઞાતિની વાડીનું કામ પૂરજોશમાં ચાલુ છે. જે જ્ઞાતિ માટે એક ખૂબ જ સારો પ્રોજેક્ટ અને જ્ઞાતિની કાયમી આવકનો સ્ત્રોત બની શકે તેવો પ્રોજેક્ટ છે. આ વાડી માટે ફક્ત અંજારના લાણેદારો તરફથી જ ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. અંજારની બહારના કોઈ જ જ્ઞાતિજનનો ફંડ માટે સંપર્ક કરવામાં નથી આવ્યો.

ખૂબ જ સુંદર સાયુજય અને એકતાથી અંજાર જ્ઞાતિના કારોબારીના યુવાન સભ્યો ખભેખભા મિલાવીને જ્ઞાતિનું કામ સરસ અને સરળ રીતે કરી રહ્યા છે.

એ જ રીતે જ્ઞાતિનું મહિલા મંડળ પણ શ્રીમતી પીન્કીબેન નિખિલ કટ્ટાના નેતૃત્વ હેઠળ સાંસ્કૃતિક, કૌટુંબિક અને સામાજીક, ભક્તિસભર કાર્યો કરી બહેનો માટે અને જ્ઞાતિજનો માટે ઉત્સાહપૂર્વક કાર્ય કરી રહ્યું છે. ખાસ નોંધપાત્ર રીતે મહિલા મંડળ દ્વારા ગત વર્ષે કરાયેલું નવરાત્રીના નવે દિવસના કાર્યક્રમ માટેનું આયોજન કાબિલે તારીફ રહ્યું.

યુવક મંડળ પણ જ્ઞાતિના યુવાનો માટે સ્પોર્ટ્સ અને બીજી પ્રવૃત્તિઓ તથા જ્ઞાતિના કે મહિલા મંડળના કાર્યક્રમોમાં ખભેખભા મિલાવીને ખડેપગે ઊભા હોય છે. તે માટે તેમને શાબ્બાશી ઘટે છે.

અંજાર જ્ઞાતિની વાત કરીએ તો અંજારમાં ૩૮૦ લાણા છે. જ્ઞાતિજનોની સંખ્યા અંદાજે ૧૫૦૦ જેવી થાય. જેમાં અંદાજિત ૫૧ ટકા પુરૂષો અને ૪૯ ટકા સ્ત્રીઓ છે. મોટાભાગના જ્ઞાતિજનો આપણા પારંપરિક વ્યવસાય સોના-ચાંદી તથા તાંબા - પિત્તળમાં રોકાયેલા છે. અંદાજે ૨૫ ટકા વર્ગ સોના-ચાંદીમાં, ૧૦ ટકા તાંબા-પિત્તળમાં અને ૨૫ ટકા જેવો વર્ગ ફોટોગ્રાફી, કોમ્પ્યુટર, મોબાઈલ, મિકેનિક, કાપડ વગેરેમાં જોડાયેલ છે. પાંચેક ટકા વર્ગ સરકારી નોકરી અને પ્રોફેશનલ વ્યવસાયમાં છે. વિદ્યાર્થીઓની સંખ્યા અંદાજે ૨૫૦ જેટલી છે. જેમાં કન્યાઓની સંખ્યા ૬૦ ટકા જેવી છે. આમ અંજાર જ્ઞાતિનું આ ઓવરઓલ વિહંગાવલોકન છે. અંજાર જ્ઞાતિમાં શિક્ષિત લોકોનું પ્રમાણ ૯૯ ટકા છે. અત્યારના વ્યવસાયી ધંધાર્થી વર્ગમાં ૨૦ ટકા જેવો વર્ગ ઉચ્ચ શિક્ષણ પામેલો વર્ગ છે.

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

**હેતલબેન સોની**

## કલા સંસ્કૃતિ સમિતિ દ્વારા આયોજીત જ્વેલરી મેકિંગમાં મોતીના દાગીના બનાવવાની તાલીમ આપતો પ્રોજેક્ટ



શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા કલા સંસ્કૃતિ સમિતિ દ્વારા જ્વેલરી મેકિંગના ભાગરૂપે મોતીના દાગીના બનાવવાનો પ્રોજેક્ટ નખત્રાણા મુકામે તા. ૧૯-૩-૨૦૧૭ને રવિવારના સમાજવાડી મધ્યે રાખવામાં આવ્યો હતો. જેમાં મહામંડળના ઉપપ્રમુખશ્રી લખમશીભાઈ કોટડિયા, સહમંત્રી શ્રી હેમેન્દ્રભાઈ કંસારા, કલા સંસ્કૃતિ સમિતિના ચેરમેન સુધાબેન બુધ્ધભટ્ટી, નખત્રાણા ઘટકના પૂર્વપ્રમુખ શ્રી હીરાલાલભાઈ બગ્ગા, ગંગારામભાઈ કટ્ટા, જેરામભાઇ બુધ્ધભટ્ટી, યુવક મંડળના પ્રમુખ ભાવેશભાઈ બગ્ગા, નખત્રાણા ગ્રામ પંચાયતના સરપંચ અને ગૌરવસમા જીજ્ઞાબેન બી. બગ્ગા તથા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન બગ્ગા વગેરે હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કલા સંસ્કૃતિ સમિતિના સભ્ય શ્રીમતી હેતલબેન બી. સોનીએ સર્વે મહેમાનો તેમજ ભાઈ-બહેનોને આવકાર્યા હતા. ત્યારબાદ નખત્રાણા જ્ઞાતિના પૂર્વપ્રમુખ શ્રી હીરાલાલભાઈ બગ્ગાએ જ્વેલરી અંગેની વિશેષ માહિતી આપી અને હાલ સોનાના દાગીનાને પણ ટક્કર મારે એવી મેટલ ફિનીશીંગ જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો. મહામંડળના ઉપપ્રમુખ શ્રી લખમશીભાઈએ તો વળી મોતીના વિવિધ દાગીના જોઈ તેના વિવિધ મોતીના પ્રકાર, તેના વેચાણનું માધ્યમ વગેરે અનેક ઝીણવટભર્યા પ્રશ્નો, પ્રોજેક્ટ નિર્દેશક સુધાબેનને પૂછી તેની વિગતવાર માહિતી બહેનો સમક્ષ રજૂ કરી હતી. અને આ પ્રોજેક્ટ બાદ બહેનો ઘરે બેઠા આવા કાર્યો અપનાવે તેવી શીખ આપી હતી. મહામંડળના કાર્યક્રમમાં કાયમી રોજગારી અંગેની માહિતી આપતા મહામંડળના સહમંત્રી શ્રી હેમેન્દ્રભાઈ કંસારાએ બહેનોની રોજગારી અંગેના વિવિધ સ્રોતો તેમજ બેંકોમાં વિવિધ સ્કીમોની વિવિધ માહિતી વિશે જાણકારી આપી હતી. આપણા સમાજની બહેન - દીકરીઓ વધુને વધુ આગળ આવે એવી હેમેન્દ્રભાઈએ આશા વ્યક્ત કરી હતી. ગ્રામ પંચાયતના સભ્ય શ્રી જીજ્ઞાબેન બગ્ગા, સમિતિનો આ પ્રોજેક્ટ જોઈ ખૂબ ખુશ થયા હતા.

મહા મંડળના નેજા હેઠળ ગોઠવાયેલા આ પ્રોજેક્ટમાં નખત્રાણા સમિતિના સભ્યો હેતલબેન સોની, રંજનબેન સાકરીયા, મનોજભાઈ બુધ્ધભટ્ટી, ડોલરભાઈ પરમાર, મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન બગ્ગા તેમજ યુવક મંડળના પ્રમુખ ભાવેશભાઈ બગ્ગા તથા મહિલા મંડળના અન્ય હોદ્દેદારોએ વિશેષ જહેમત ઉઠાવીને કાર્યને સફળ બનાવ્યો હતો.

આ સમિતિના ચેરમેન અને આ પ્રોજેક્ટના નિષ્ણાત એવા સુધાબેન બુધ્ધભટ્ટીએ તૈયાર કરી સેટ બનાવી તેને વિશિષ્ટ અદાથી સમજાવ્યા હતા.

આ ક્લાસમાં નખત્રાણાની ૬૫થી ૭૦ બહેન દીકરીઓએ ભાગ લીધો હતો. આ પ્રોજેક્ટનો ખર્ચ મહામંડળ દ્વારા કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ કલા સંસ્કૃતિ સમિતિના સભ્ય મનોજભાઈ બુધ્ધભટ્ટીએ કરી હતી.

# શ્રી વેરાઈ માતાજી દેવ સ્થાનનું નવનિર્માણ

**લતા સોલંકી**

આદ્ય શક્તિ માં વેરાઈ માતાજી શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના સોલંકી (અંજારિયા) કુટુંબના કુળદેવીશ્રીનું દેવ સ્થાનનું નવું સંકુલ અંજારિયા ફળિયા પાસે આવેલ મઢઇ ફળિયામાં આશરે ૧૫ લાખના ખર્ચે બાંધવામાં આવ્યું. ૨૦૦૧ના ગોઝારા ભૂકંપમાં માતાજીનું દેવસ્થાન પણ બચી ન શક્યું અને ત્યારથી માતાજી અંજારિયા કુટુંબના પાર્વતીબેન પ્રેમજી સોલંકીને ઘેર પધારતા હતા.

દેવસ્થાનનું સંકુલ બંધાઈ જતાં બે દિવસના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. પ્રથમ દિવસે ફાગણ સુદ-૩ ના નવચંડી યજ્ઞ કરવામાં આવેલ. સાંજે સોની જ્ઞાતિ મહિલા સત્સંગ મંડળ દ્વારા સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવેલ. બહોળી સંખ્યામાં કુટુંબીજનોએ હવન અને સત્સંગનો લાભ લીધો હતો. ફાગણ સુદ ચોથના શોભાયાત્રા રાખવામાં આવી હતી અને ઝાંઝર, મંજીરા, કરતાલ અને ઝાલરના ઝણકાર સાથે શ્રી વેરાઇ માતાજી અને શ્રી ખેતરપાળ દાદાજીને મસ્તક પર પધરાવી કંકુ, અબીલ-ગુલાલ અને પુષ્પ પાંદડીઓથી વધાવતા વધાવતા નવા દેવ સ્થાનકમાં પધરાવવામાં આવેલ. વેદના મંત્રોચ્ચાર ઋચાઓ અને શક્રોદયની સ્તુતિ સાથે

હવનમાં શ્રીફળ હોમી શ્રી માતાજી વેરાઇ અને શ્રી ખેતરપાળ દાદાજીની સ્થાપના કરવામાં આવી. બપોરે સમસ્ત સોલંકી પરિવારે નિયાણીના કુટુંબ સાથે મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. સાંજે શ્રી સત્યનારાયણ દેવની કથાનું જ્ઞાતિના ભટ્ટ શ્રી દ્વારા રસપાન કરાવવામાં આવ્યું હતું.

તુલસીબેન રાજેશભાઈ સોલંકી, ઇંદીરાબેન યોગેશભાઈ સોલંકી, હંસાબેન કિશોરભાઈ સોલંકીએ હવનમાં બેસવાનો લહાવો લીધો હતો. આશાબેન, હેમલબેન, હીનાબેન, મમતાબેન, લતાબેન, રાજેશભાઈએ શ્રી સત્ય નારાયણની કથામાં



પૂજાનો લાભ લીધો હતો.

વડીલશ્રી સુરેશભાઈ, ઇન્દુભાઈ, શાંતિલાલભાઈના માર્ગદર્શન હેઠળ યુવક મંડળ અને મહિલા મંડળે વ્યવસ્થા સંભાળી હતી. રાજુભાઈ, આનંદભાઈ, દીપકભાઈ, પ્રકાશભાઈ, રાહુલભાઈ, રોહનભાઈ સાથે કુટુંબીજનોએ ઉત્સાહપૂર્વક લગ્નપ્રસંગ માણ્યો હતો. આશાબેન, જ્યોતિબેન, લતાબેન, પ્રીતિબેન, ઇંદીરાબેન, ઉર્મિલાબેન, જીજ્ઞાબેન, બીનાબેન અને અન્ય બહેનો પણ ઉત્સાહપૂર્વક માતાજીની સ્તુતિ - આરતી ભજન કીર્તનમાં ભાવપૂર્વક જોડાયા હતા.

## શ્રી મારૂ કંસારા સોની મહિલા સત્સંગ મંડળ - ભુજ

**દિપ્તી પી. ગુજરાતી**

### મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની અનોખી ઉજવણી



શ્રી મારૂ કંસારા સોની મહિલા સત્સંગ મંડળ - ભુજ દ્વારા તા. ૮-૩-૨૦૧૭ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સભ્ય બહેનોનું વાર્ષિક સ્નેહમિલન યોજવામાં આવેલ. જેમાં ૨૨૫થી વધુ બહેનોએ ઉપસ્થિત રહી જ્ઞાતિ બહેનોની એકતા દર્શાવી હતી. દર વર્ષે સભ્ય બહેનોને અપાતી પ્રતીક ભેટમાં આ વર્ષે તમામ બહેનોને સત્સંગ મંડળ દ્વારા સંકલિત ૩૦૦થી વધુ ભજનો સમાવતી "એકાદશી ભજનાવલી" નામનું પુસ્તક તથા એક બેગ આપવામાં આવેલ.

મંડળની બહેનો દ્વારા દર અગિયારસે આમંત્રિત જ્ઞાતિજનોના ઘેર અથવા કાલિકા માતાજીના મંદિરે સત્સંગ યોજવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી વાતાવરણને ભક્તિમય બનાવે છે. મંડળ દ્વારા દર વર્ષે ધાર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે તા. ૧૦મી માર્ચના રવેચી, એકલધામ, વ્રજવાણી, મમાયમોરા વગેરે સ્થળોએ ૯૦ બહેનોએ પ્રવાસમાં જોડાઈ આનંદ અનુભવ્યો હતો. મંડળની બહેનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યોમાં પણ સાથ સહકાર આપવામાં આવે છે.

જ્ઞાતિ તથા બહેનોના સાથ સહકારથી ધાર્મિક દિવસોએ મંડળની બહેનો દ્વારા દાન પુણ્ય પણ કરવામાં આવે છે. સત્સંગ મંડળની કારોબારી બહેનો નીલાબેન પોમલ, ભાવનાબેન ચનાણી, દિપ્તીબેન ગુજરાતી, મીતાબેન સોલંકી, માલતી ગુજરાતી, રીટા બુધ્ધભટ્ટી, જીજ્ઞા સોલંકી, કવિતા સોલંકી, દયાબેન સોલંકી, પ્રભાબેન કટ્ટા, ગીતાબેન હેડાઉ, રેખાબેન હેડાઉ, જ્યોતિબેન બુધ્ધભટ્ટી, યોગેશ્વરીબેન બુધ્ધભટ્ટી, સુશીલાબેન મૈચા, જ્યોત્સનાબેન કટ્ટા, ગીતાબેન મૈચા, ગીતાબેન પોમલ તથા સભ્ય બહેનો સત્સંગને સફળ બનાવવા કાર્ય કરે છે.

**જ્ઞાતિ સમાચાર**

# નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ

*નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળની તાજેતરમાં મળેલી મિટીંગમાં સર્વાનુમતે નખત્રાણા મહિલા મંડળની રચના કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી થયેલ છે.*

**હોદ્દેદારો :**

*પ્રમુખ* : જયશ્રીબેન સંજયભાઈ બગ્ગા
*ઉપપ્રમુખ* : કોકીલાબેન પ્રકાશભાઈ કટ્ટા
*સહપ્રમુખ* : શોભનાબેન કિશોરભાઈ કોટડિયા
*મંત્રી* : ભાવનાબેન અનિલભાઈ કટ્ટા
*સહમંત્રી* : વનીતાબેન લક્ષ્મીદાસ કટ્ટા
*ખજાનચી* : રંજનબેન રાજેશભાઈ સાકરીયા
*સહ ખજાનચી* : રાધિકાબેન દીપકભાઈ કટ્ટા

**કારોબારી સભ્યો :**

રીટાબેન રમેશભાઈ કટ્ટા, વસંતાબેન શંકરભાઈ બુધ્ધભટ્ટી, નિર્મળાબેન જેઠાલાલ સોલંકી, રસીલાબેન ગંગારામભાઈ બુધ્ધભટ્ટી, હેતલબેન ભાવેશભાઈ પોમલ, કલ્પનાબેન પરેશભાઈ સાકરીયા, કમળાબેન ભીમજીભાઈ બુધ્ધભટ્ટી, હીરાગૌરીબેન ગોવિંદભાઈ બુધ્ધભટ્ટી, રેખાબેન ભાઈલાલ બુધ્ધભટ્ટી, ડિંપલબેન અરવિંદભાઈ સાકરીયા, કૌશલ્યાબેન વિનોદભાઈ ગુજરાતી, ભગવતીબેન પ્રવીણબાઈ બારમેડા, પ્રજ્ઞાબેન પ્રફુલ્લભાઈ કંસારા, દક્ષાબેન કાંતિલાલ બગ્ગા, શારદાબેન ગૌરીબેન કટ્ટા, કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા, અનિતાબેન દીપકભાઈ કટ્ટા, પ્રભાબેન મણિલાલભાઈ કટ્ટા, હર્ષિદાબેન દીપકભાઈ સાકરીયા.



**જયશ્રીબેન સંજયભાઈ બગ્ગા પ્રમુખ**



**કોકીલાબેન પ્રકાશભાઈ કટ્ટા ઉપપ્રમુખ**



**શોભનાબેન કિશોરભાઇ કોટડિયા સહ પ્રમુખ**



**ભાવનાબેન અનિલભાઈ કટ્ટા મંત્રી**



**વનીતાબેન લક્ષ્મીદાસ કટ્ટા સહમંત્રી**



**રંજનબેન રાજેશભાઈ સાકરીયા ખજાનચી**

## શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની મહિલા મંડળ દ્વારા પ્રવાસનું આયોજન

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની મહિલા મંડળની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. આ મહિલા મંડળના નવા પ્રમુખ જયશ્રીબેન બગ્ગાના નેજા હેઠળ પ્રથમ વખત પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવાસનું પ્રસ્થાન તા. ૪-૩-૧૭ના સવારે નખત્રાણાથી નીકળી રાજસ્થાન સુંદા માતાએ પહોંચ્યા. ત્યાં દર્શન કરી ફર્યા અને ત્યાંથી પરત અંબાજી જવા માટે નીકળ્યા. રાત્રિ રોકાણ અંબાજીમાં કરેલ. તા. ૫-૩-૧૭ના સવારે અંબાજી દર્શન કરી ગબ્બર, બહુચરાજી, ઊંઝા અને સંખલપુર ફરી તા. ૬-૩-૧૭ના નખત્રાણા પરત પહોંચ્યા.

આ પ્રવાસમાં નાના બાળકોથી લઈ મોટી ઉંમરની વ્યક્તિઓએ લાભ લીધેલ. સૌ જ્ઞાતિજનોએ આનંદ અને ઉલ્લાસથી પ્રવાસની મજા માણી હતી.

મહિલા મંડળના આ પ્રવાસને સફળ બનાવવા માટે પ્રકાશભાઈ, અનિલભાઈ, જયેશભાઈ, હર્ષભાઈ – સર્વેનો સારો સાથ - સહકાર રહ્યો હતો. ■

## અભિનંદન



**શ્રી મહેશભાઈ કંસારા**

ગુજરાત રાજ્ય ટેકનિકલ કર્મચારી મંડળની તા. ૧૯-૩-૨૦૧૭ના રોજ ગાંધીનગર ખાતે સરકીટ હાઉસમાં સામાન્ય સભા મળેલ. જેમાં કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનના વિભાગીય પ્રમુખ તરીકે શ્રી મહેશભાઈ કંસારાની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવેલ છે.

*'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન.*

# યુથ ગર્લ્સ ગ્રુપ - નખત્રાણા

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ યુથ ગર્લ્સ ગ્રુપ દ્વારા મહિલા દિન નિમિત્તે સૌપ્રથમ વખત ફેન્સી ડ્રેસ, ફેશન શો, ચિલ્ડ્રન શો કોમ્પિટીશન સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમને શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળના પ્રમુખ શ્રી જયશ્રીબેન બગ્ગા દ્વારા દીપ પ્રાગટ્યથી ખુલ્લો મુકવામાં આવેલ હતો. જેમાં મહિલા મંડળના મંત્રી શ્રી ભાવનાબેન કટ્ટા તથા ખજાનચી રંજનબેન સાકરીયા તેમજ મહિલા મંડળના અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભમાં કંસારા સોની યુથ ગર્લ્સ ગ્રુપના સભ્ય ક્રિષ્નાબેન દ્વારા એવી માહિતી આપવામાં આવી કે મહિલાઓ જેમાં ખાસ કરીને દીકરી અને વહુઓ માત્ર ચાર દીવાલ વચ્ચે પોતાનો સમય પસાર નહીં કરતા તેમનામાં રહેલી ટેલેન્ટને બહાર લાવવા માટે આ સૌપ્રથમ પ્રયાસ છે. તેની સાથે નાના નાના બાળકો પણ વિવિધ પ્રકારના પોષાકો પહેરી અને તેમની વિશિષ્ટતા પણ બતાવે.



આ કાર્યક્રમમાં ૩ વર્ષથી ૧૦ વર્ષના કુલ ૫૦ બાળકોએ ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેવી જ રીતે બહેનોમાં ૧૧થી ૧૬ વર્ષની ૨૪ અને ૧૭થી ૩૫ વર્ષની વય ગ્રુપમાં કુલ ૧૫ બહેનોએ ભાગ લીધો હતો. ફેન્સી ડ્રેસમાં ભાગ લીધેલ તમામ બાળકોને પ્રોત્સાહન ગીફ્ટ આપવામાં આવેલ. તેમજ ૧૧થી ૧૬ના વય ગ્રુપમાં રીયા પરેશભાઈ સોની, હિમાની રાજેશભાઈ સોની, મીરા હિતેન્દ્રભાઈ સોની તથા ૧૭થી ૩૫ વર્ષની વયગ્રુપમાં નેન્સી પંકજભાઈ સોની, દીક્ષીત જીજ્ઞેશભાઈ સોની, નેન્સી હેમેન્દ્રભાઈ કંસારાને વિજેતા જાહેર કરવામાં આવેલ હતા. જમાં સમાજના મહિલા અગ્રણીઓ દ્વારા સન્માનિત કરવામાં આવેલ હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રી જયશ્રીબેન, પૂર્વ પ્રમુખ જ્યોતિબેન કટ્ટા, મંત્રી ભાવનાબેન કટ્ટાએ યુથ ગર્લ્સની આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને તમામ સ્પર્ધકો તેમજ વિજેતાઓને અભિનંદન આપ્યા હતા.

મહિલા દિન નિમિત્તે પશ્ચિમ કચ્છમાં સમાજના સૌ પ્રથમ મહિલા ડૉક્ટર બનેલ ડૉ. ભક્તિબેન સોનીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રત્યુત્તરમાં તેમણે સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી.

આ કાર્યક્રમમાં સહયોગી દાતાશ્રી ભાવનાબેન આર. કંસારા (ઉદય મંડપ સર્વિસ), રાધિકાબેન ડી. સોની (મધુસુદન જવેલર્સ), પ્રજ્ઞાબેન પી. કંસારા (પાર્થ સ્ટેશનરી), વસંતબેન સોની (વાઘેશ્વરી જવેલર્સ)નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેવી જ રીતે સમગ્ર કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે શ્રીમતી મીતાબેન ડી. દેસાઇ, ભાવિતાબેન ચાવડા તેમજ ડૉ. ભક્તિબેન સોનીએ જવાબાદરી નિભાવી હતી. તેમનું પણ યુથ ગર્લ્સ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને નિહાળવા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુથ ગર્લ્સના તમામ સભ્યોએ ખૂબ જ મહેનત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રીન્સી કટ્ટા અને ખુશાલી બુધ્ધભટ્ટીએ કરેલ હતું. તેમજ આભારવિધિ હેતલબેન પોમલે કરી હતી. ■



## પ્રિન્ટોગ્રાફી પ્રાયોજીત

# જ્ઞાતિસેતુ

## ફોટો-સ્પર્ધા




આપનાં માતા-પિતા અથવા બન્ને સાથે સેલ્ફી લો અને તે ફોટોગ્રાફ સાથે ૫૦થી૧૦૦ શબ્દોમાં તેમની સાથેના લાગણીભર્યાં સંબંધની એક ફોટો-વાર્તા લખી જ્ઞાતિસેતુને ઈમેલ કરો.

ઉત્તમ ફોટો+વાર્તાનાં વિજેતાને પ્રિન્ટોગ્રાફી તરફથી ઈનામ આપવામાં આવશે.

આપના સેલ્ફી ફોટોગ્રાફને
selfie@gnyatisetu.com
OR
gnyatisetu@gmail.com
પર ઈમેલ કરો.
અને તેની સાથે આપનું નામ, સરનામું અને મોબાઈલ નંબર અવશ્ય લખશો.

નોંધઃ
વાર્તા ફક્ત ગુજરાતીમાં લખવી.
૩૦ એપ્રિલ પછી આવેલ મેલ હરિફાઈમાં લેવામાં આવશે નહીં.

ફોટો-સ્પર્ધાની વિશેષ વિગત
માટે સંપર્કઃ અતુલ સોની
મો. ૯૭૨૫૦ ૩૮૧૪૦

# વિશા પરમાર

**હરિલાલ લખમશી સોની - અંજાર**

- *નુખ :* વિશા પરમાર
- *કુળદેવી :* શ્રી અર્બુદા માતાજી – માઉન્ટ આબુ સ્થિત હાલે અંજાર સ્થાપના.
- *ક્ષેત્રપાલ :* કાલા ઘોડા – જોધપુર મંડોવર ગાર્ડન સ્થિત.

આપણી મારૂ કંસારા સોનીની જ્ઞાતિમાં નુખ પ્રમાણે વિશા પરમાર કદાચ નાનામાં નાનું ગ્રુપ હશે. વિશા પરમાર આમ તો પરમાર નુખનો જ એક ફાંટો હશે તેમ માની શકાય કારણકે વિશા પરમારના કુળદેવી શ્રી અર્બુદા માતાજી એ ક્ષત્રિય પરમાર વંશના પણ કુળદેવી છે જે માઉન્ટ આબુ પર બિરાજમાન છે. અને ત્યાં અધ્ધરદેવી તરીકે પણ ઓળખાય છે. એટલે વિશા પરમાર ક્યારે વિશા તરીકે ઓળખાયા તેનો કોઈ ચોક્કસ ઈતિહાસ ભાટના ચોપડે પણ ઉપલબ્ધ નથી.

ભાટના ચોપડેથી મળતી વિગતો પ્રમાણે વિશા પરમાર કુટુંબ આબુમાં સ્થિત હતું. ત્યાંથી ધંધાર્થે જયપુર રહેવા ગયું.

જયપુરથી ઈ.સ. ૧૫૯૨માં શ્રી કલ્યાણજી ગોવિંદજી ચોબારી (કચ્છ) રહેવા માટે આવ્યા. તે વખતે જયપુરમાં એક કુટુંબ રહ્યું હતું. પણ અત્યારે ત્યાં કોઈ વિશા પરમારનું વંશજ નથી તેવું ભાટ દ્વારા જાણવા મળ્યું છે.

ઈ.સ. ૧૫૯૨માં શ્રી કલ્યાણજી ગોવિંદજી વિશા પરમાર ચોબારી આવ્યા અને તેમણે ચોબારીમાં કુળદેવી શ્રી અર્બુદા માતાજીની સ્થાપના કરેલી. ત્યારથી છેક ૨૦૦૧ના ભૂકંપ સુધી માતાજીનું સ્થાનક ચોબારી હતું. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપમાં ચોબારી ગામ સમસ્ત ધ્વશં થઈ ગયું હતું. જેમાં મંદિર પણ નાશ પામ્યું. ત્યારે શ્રી હરિલાલ લખમશી ત્યાંતી માતાજીની મૂર્તિ અને સ્થાનક લઈ આવી અંજારમાં શ્રી રાજેશ કેશવલાલે માતાજીને ભેટ આપેલ પ્લોટ પર શ્રી હરિલાલ લખમશીએ મંદિર બાંધી ત્યાં માતાજીની સ્થાપના કરી. તા. ૧૪-૩-૨૦૦૨ વિ.સં. ૨૦૫૮, ચૈત્ર સુદ-૨ ના દિવસે અંજારમાં કુળદેવી અર્બુદા માતાજીની સ્થાપના કરી.

ઈ.સ. ૧૯૫૫માં શ્રી કાનજી લાલજી ચોબારીથી મનફરા ધંધાર્થે આવ્યા અને મનફરા સ્થાયી થયા. આમ, વિશા પરમાર કુટુંબ ઘણા વર્ષો ચોબારીમાં રહ્યું.

ઈ.સ. ૧૯૮૯માં શ્રી લખમશી દેવશી મનફરાથી અંજાર ધંધાર્થે આવ્યા અને અંજારમાં સ્થિર થયા અને શ્રી લખમશી દેવશી મનફરાવાલા તરીકે જ્ઞાતિમાં જાણીતા થયા. શ્રી લખમશી દેવશીના ચાર પુત્રો શ્રી પરષોત્તમભાઈ, શ્રી કેશવલાલભાઈ, શ્રી રામદાસભાઈ અને શ્રી હરિલાલભાઈ. તેમણે અંજારમાં રહી સોના-ચાંદીના ધંધામાં વિકાસ કર્યો. શ્રી લખમશીભાઈની ચાર પુત્રીઓ મણિબેન, ઝવેરબેન, ચંપાબેન અને જનકબેન જેઓ પણ અનુક્રમે ભુજ અને સિકંદ્રાબાદમાં રહ્યા.

ઈ.સ. ૧૯૮૯માં શ્રી લખમશી દેવશી અંજાર આવ્યા ત્યારે મનફરા તેમના લઘુબંધુ શ્રી મયારામ દેવશી અને તેમના પુત્ર જેરામભાઈ રહ્યા હતા. જે સમયાંતરે માધાપર આવીને રહ્યા.

ઈ.સ. ૧૯૬૭માં શ્રી શિવજી દેવજી જેઓ ઘણા વર્ષો સુધી રાયપુર રહ્યા. બાદ અંજાર ૧૯૬૭માં આવ્યા અને થોડા વર્ષો અંજારમાં રહ્યા બાદ તેઓ માધાપરમાં સ્થિર થયા. તેમનો પુત્ર નરેશ શીવજી અને તેનું કુટુંબ અત્યારે માધાપરમાં સ્થિત છે.

વિશા પરમાર કુટુંબનો વંશવેલો જે ઉપલબ્ધ છે તે નીચે મુજબ છે. *(આ પછીના પાને આપેલ છે.)*

આમ, વિશા પરમાર કુટુંબનો વંશવેલો મર્યાદિત રહ્યો છે.

વિશા પરમાર કુટુંબની પ્રણાલી વગેરે નીચે મુજબ છે :

- **નૈવેદ્ય માતાજીના :**

૧. ચાર નોરતાની આઠમ.

૨. દિવાળીનાં નવ લોટના કોડિયા ૩૬ જ્યોત, ૮૧ પૂરી નવ-નવની થપ્પીમાં રાખીને માતાજીને નૈવેદ્ય.

૩. કારતકી પૂનમના નૈવેદ્ય.

૪. હોળીનાં નૈવેદ્ય.


૫. કાળી ચૌદસે ક્ષેત્રપાળના નૈવેદ્ય. તેમાં કાળા તલ, લાપસી અને મગના નૈવેદ્ય કરવાના.

૬. બાળકના ઝંડા માતાના મઢ ખાતે જ ઉતારવાના. પાંચમા વર્ષે ઉતારવાના. જો ત્યાં જવાનું શક્ય ન હોય તો જ્યાં રહેતા હોય ત્યાંથી બીજા ગામમાં કોઈ માતાજીના મંદિરના પ્રાંગણમાં ઉતારી શકાય. ઝંડા વખતે બાળકની ચોટલી બાંધવાની વિધિ પણ જે ગામમાં રહેતા હોય ત્યાંથી બહાર જઈને જ કરવાની.

★ સીમંત વખતે પણ કાળા તલ, મગ તથા લાપસીના નૈવેદ્ય કરવાના તથા માતાજીની સ્થાપના હોય તો જમણી (નારીયેળ જે ક્ષેત્રપાલ રૂપે મૂકેલું હોય તે બદલીને નવું મૂકવાનું).

★ લગ્ન વખતે પણ ઉપર મુજબ લાપસી, કાળા તલ, મગના નૈવેદ્ય કરવાના હોય છે.

# વિશા પરમાર કુટુંબની વંશાવલી



# ઇંદીરાબેન પોમલ : એક 'સ્વયં-સિધ્ધ' સન્નારી

**રશ્મિન પંડ્યા - અંજાર**



ગત તારીખ ૧૦ માર્ચના રોજ, અંજારના એક સ્વયં-સિધ્ધ સન્નારીનું ૭૭ વર્ષની જૈફ વયે અવસાન થયું. આ સન્નારી ઇંદીરાબેન મનસુખલાલ પોમલ, ૧૯૬૮થી ૧૯૯૮, એટલે કે ત્રીસ વર્ષ સુધી અંજારની નગરપાલિકા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે કાર્યરત હતા. મેં અને મારા અનેક મિત્રોએ શાળાકીય શિક્ષણનું પ્રથમ પગરણ એમના માયાળુ માર્ગદર્શન હેઠળ કર્યું. તત્સમયના મારા સહાધ્યાયીઓમાં અંજારના સચ્ચિદાનંદ મંદિરના ગાદીપતિ મહંત શ્રી ત્રિકમદાસજી મહારાજ, ડૉ. ભુવનેશભાઈ દવે અને અજીતભાઈ સોરઠિયા હતા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પબ્લિક હેલ્થ લેબોરેટરીના ચીફ શ્રી અતુલ સોની પણ એમના વિદ્યાર્થી હતા. ઇંદીરાબેનના પ્રાથમિક શિક્ષણ કાર્યકાળ દરમ્યાન અંજાર શહેરના બીજા પણ અનેક છાત્રોમાં એમણે શિક્ષણના સંસ્કારનું સિંચન કર્યું હશે. આજે એમને યાદ કરતાં લાગે છે કે, તત્સમયે એમણે અમને ભાષાના મુળાક્ષર કે અંકોના ગુણાકાર ભાગાકાર માત્ર નહીં પરંતુ જીવન ઘડતરના પાયાના પાઠ અને એના વ્યાકરણની પ્રાથમિક સમજ આપી હતી. કારકિર્દી ઘડતરની સાથે સાથે સમાજોપયોગી પ્રવૃત્તિઓ અને સર્જનાત્મક દૃષ્ટિકોણ કેળવવાના સંસ્કાર આપ્યા હતા. આજે, જ્યારે તેઓ સદેહે હયાત નથી ત્યારે તેમની મૌન સેવાઓને યાદ કરતાં એમને નમ્ર સ્મરણાંજલી રૂપે હું એમના જીવનની આછેરી ઝલક પ્રસ્તુત કરું છું.

સદ્‌ગત ઇંદીરાબેનનો જન્મ ૧૯૪૦માં ભચાઉ મધ્યે થયો. એમના પિતાશ્રી સ્વ. ઠાકરશીભાઈ ત્યારે ભચાઉમાં ન્યાયાધીશ પદે હતા. એમનું બાળપણ અને કિશોરાવસ્થા તત્સમયે અંતરિયાળ અને પછાત એવા વાગડ વિસ્તાર (ભચાઉ, રાપર)માં જ વિત્યું. એ વખતે કન્યા કેળવણીનો પ્રસાર નહોતો. છતાં તેમણે આઠમા ધોરણ સુધી ગ્રામ્ય શાળાઓમાં અભ્યાસ કર્યો. પરંપરા મુજબ પંદરમે વર્ષે એમના લગ્ન થઈ ગયા. લગ્ન બાદ થોડા વર્ષ અંજારમાં રહ્યા. ત્યારબાદ એમના પતિ શ્રી મનસુખલાલનું મુંબઈમાં રહેવાનું થતાં મુંબઈ ગયા. મનસુખલાલને મુંબઈમાં વ્યવસાયમાં ફાવટ ન આવી. ઘણું આર્થિક નુકસાન થયું. પાછા કચ્છ આવ્યા. પારિવારીક સમસ્યાઓ અને કઠિન આર્થિક પરિસ્થિતિનો સામનો કરતા ઇંદીરાબેને, અધૂરો છોડેલો શાળાકીય અભ્યાસ આગળ વધારવા કઠિન પરિશ્રમ કર્યો. શાળાંત પરીક્ષા પાસ કરી. ગ્રામ સેવિકા તાલીમ કેન્દ્ર - કોબા ખાતે તાલીમ લઈ ગ્રામ સેવિકા તરીકે વિકાસ ખાતામાં નોકરી મેળવી. થોડો સમય ગ્રામ્ય વિસ્તારોમાં નોકરીની સાથે સાથે એમણે એસ.એસ.સી.નો અભ્યાસ કર્યો. આ અભ્યાસને આધારે એમને પ્રાથમિક શિક્ષણ સર્ટીફિકેટ કોર્સ માટે મુંદ્રા મુકામે તાલીમ મેળવવાની તક મળી. એમાં સફળતા મળતાં જ એમને પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નિમણુંક મળી.

આમ એમણે વિપરીત સંજોગોમાં હિંમત ન હારતાં જાત મહેનત અને ધીરજપૂર્વક તત્સમયે આવશ્યક એવું સ્વ-બળે શિક્ષણ મેળવી, ગ્રામ્ય વિસ્તારોમાં નોકરી કરી. શિક્ષિકા થયા અને પ્રાથમિક શિક્ષણ જેવા ઉમદા કાર્યમાં એમણે એમનું નમ્ર યોગદાન આપ્યું.

સદ્‌ગત ઇંદીરાબેનના પારિવારીક જીવનમાં પણ એમને ઘણી વિપત્તિઓ આવી. એક અકસ્માતમાં એમને પગે ખોડ આવી. એમના પતિનું અકાળે અવસાન થયું. ત્યારબાદ લાંબી બિમારી ભોગવી એમના મોટા પુત્રનું પણ યુવા વયે અવસાન થયું. આવા કારમા આઘાતો મક્કમ મનોબળે સહન કરી એમણે એમના પરિવારને છેલ્લા શ્વાસ સુધી હૂંફ આપી. એમના પરિવારમાં મોટા પુત્રની બે દીકરીઓ અને નાના પુત્રની એક દીકરીને પરણાવી એમણે કાયમી વિદાય લીધી.

ઈશ્વર એમના આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

*પૂરક માહિતી સ્રોત : સ્વ. ઇંદીરાબેનના સુપુત્ર*
*શ્રી રાહુલ મનસુખલાલ પોમલ - અંજાર*

## તમારો પોતાનો અભિપ્રાય

*તમારી જાતનું મૂલ્યાંકન લોકોના તમારા વિશેના અભિપ્રાય ઉપરથી કદી ન કરો. તમારા વિશેનો તમારો પોતાનો અભિપ્રાય હોવો જ જોઈએ અને ઉત્તરોત્તર એ વધારે સારો બને એ દિશામાં ગતિ કરો.*

*– ભાર્ગવી દોશી*
*સૌજન્ય : "સમજણના સૂર"*

## ભૂલ સુધાર – ક્ષમા પ્રાર્થના

'જ્ઞાતિસેતુ'ના ગત અંકમાં પાના નં.-૨૯ પર આપવામાં આવેલ લેખ "Goods and Service Tax (GST)"ના લેખિકા **શ્રીમતી બીનાબેન કંસારા** નું નામ લખવાનું સરતચૂકથી રહી ગયેલ છે તે બદલ દિલગીર છીએ.

# કૃત્રિમતા – એક દંભ / વાસ્તવિક્તા - અસલી ચહેરો

પરેશ સી. ગુજરાતી - ભુજ

"મનુષ્યનું ચારિત્ર્ય એની ભીતર વસે છે. બહાર છે એ તો દેખાવનો માણસ છે." ચાણક્યનું આ વાક્ય વર્તમાન સમયમાં માણસની કૃત્રિમતાને એકદમ સાર્થક ઠેરવે તેવું લાગે છે. આજનો સમય કૃત્રિમતાનો છે. આજના સમયમાં ચમકદમક, ઠાઠમાઠ, ખોટો ભપકો, દેખાડો જ માણસને સર્વસ્વ લાગે છે. આજે આપણી આસપાસ જોવા મળતી કૃત્રિમતા જેમકે અભિનેતા, નેતા, દેવતા અને કેટલાક સંતોમાં પણ જોવા મળવાને કારણે આપણી માણસાઈના રંગ ઝાંખા પડી ગયા છે. જીવનના મૂલ્યો એની નીચે દબાઈ ગયા છે.

એમ કહેવાય છે કે અરીસો ક્યારેય જૂઠું નથી બોલતો. જો ચહેરા પર શીળીના ડાઘ હોય તો અરીસો પૂરતા ઊંડાણ સાથે ડાઘ દર્શાવે છે પરંતુ આપણને આપણે જેવા નથી એવા દેખાવું છે. પરિણામે બનાવટ, નકલ, અસત્યનું આવરણ ચહેરા પર ધારણ કરી લીધું છે. જે કોઈ આડંબરની વસ્તુઓ પર વિશ્વાસ રાખે છે અને કોઈ અનુમાન બાંધી લે છે અને પછી વાસ્તવિક્તાની જાણ થાય છે ત્યારે દુ:ખ થાય છે. ઘણી વખત બહારથી સ્ફટીક જેવો નિર્મળ દેખાતો ચહેરો અંદરથી વિકૃત અને ગંદો હોઈ શકે છે.

આજે ફોટોગ્રાફરને ફોટો પાડ્યા પછી ચહેરા પરની કાળાશ, ખીલ કે અન્ય ડાઘ કાઢી નાખવાનું આપણે કહીએ છીએ. વધારેમાં વધારે સારા દેખાવાનો આપણે પ્રયાસ કરીએ છીએ. આ મનોવૃત્તિને કારણે જ આજનો માનવી સુખી નથી. કંપની માટે કામ કરતો સેલ્સમેન હોય કે વિદ્યાર્થીને પાઠ ભણાવતો શિક્ષક, મત માંગવા આવતો કોઈ રાજકીય ઉમેદવાર હોય કે કોઈ આશ્રમનો છોકરો, ક્યારેક સાચા હોય તો પણ શંકાસ્પદ લાગતા હોય છે કારણકે આજે કૃત્રિમતાની બોલબાલા છે.

જીવનમાં કૃત્રિમતા આપણા સફળતાના રસ્તામાં બાધારૂપ બને છે. જે નથી એ ન બનો. જે છો એનાથી ભય ન પામો. પોતાની સરખામણી અન્ય સાથે કરી એના જેવા દેખાવાનો પ્રયાસ કરવો એ એક મોટી ભૂલ છે. આપણે આપણા ગુણને વિકસાવી એક અલગ ઓળખ ઊભી કરવી જોઈએ.

આજનો યુવાવર્ગ કૃત્રિમતા, બનાવટ, નકલને જલદી ઓળખી શકતો નથી. વાસ્તવિક્તા માનીને તેના ચક્કરમાં પડી જાય છે. જ્યારે બનાવટની અસલિયત ખૂલે છે ત્યારે ભારે હાનિ થાય છે. એક સનાતન સત્ય છે કે ગમે તેટલી દંભભરી કૃત્રિમતા ધારણ કરીએ પણ એક દિવસ એવો આવે છે કે કોઈને કોઈ એ દંભનું - કૃત્રિમતાનું આવરણ ઉતારી નાખે છે અને અસલિયત સામે આવે છે.

આજે પ્રત્યેક સમાજમાં એવી વ્યક્તિઓ જોવા મળે છે જેની સ્થિતિ 'ઢમઢોલ માંહે પોલ' જેવી છે. બહારથી ઠાઠમાઠથી રહેતી વ્યક્તિઓ દેવાના ભાર નીચે એટલી ડૂબેલી હોય છે કે સત્ય બહાર આવતા કાં તો નાસી જવું પડે છે અથવા મોતને વહાલું કરવું પડે છે. આ સત્ય છે જેનો સ્વીકાર કરવો રહ્યો. આજે મોટાભાગના યુવાનો પોતાની યોગ્યતા વધુ પ્રદર્શિત કરવાની અભિલાષામાં વાસ્તવિક્તા છુપાવાનો પ્રયાસ કરે છે. પરંતુ જેમ પડછાયો સાથે ને સાથે રહે છે તેમ યોગ્યતા પણ સાથ છોડતી નથી.

જીવનને જીવન તરીકે જીવવા માટે અને જીવનને સફળતાના ઉંબરે પહોંચાડવા માટે કૃત્રિમતામાંથી બહાર આવવાની જરૂર છે. મનુષ્યનું નકલી જીવન ગમે ત્યારે દગો આપીને પછાડી શકે છે. જેવા છો તેવા રહો. પોતામાં કૃત્રિમતા, બનાવટપણું, નકલીપણું લાવવાનો જરાય પ્રયાસ ન કરો. જો જિંદગી સરળતાથી અને સફળતાથી જીવવી હોય તો તમે જેવા છો એવા જ જીવવાનો પ્રયાસ કરો. તમારું શરીર જેવું છે એવું જ રાખો.

જીવનમાં જે સત્ય છે, ઠીક છે એ જ આપણી વાસ્તવિકતા છે. નજર ઉપર તરફ ઊંચકો, નીચે નહીં. જીવનની ગતિ પ્રગતિ તરફ વાળો. હા, એ ચોક્કસ છે કે આજની સ્થિતિમાં અનેતિક, પતિત, ગંદા લોકો કદાચ મોટી સંખ્યામાં મોજ ઉડાવતા જોવા મળશે પરંતુ જે સદાચારી છે એમનું મૂલ્ય ઊંચું છે. અન્ય લોકો પર આવા સદાચારીની છાપ જીવનભર જળવાઈ રહે છે. યોગ્ય સમયે એમનું ચોક્કસ સન્માન થાય છે. અંતે તમે તમારા ગુણને વિકસિત કરીને તમારી પોતાની એક અલગ ઓળખ ઊભી કરો.

***"વ્યસ્ત છો એટલું પૂરતું નથી, કીડીઓ પણ વ્યસ્ત હોય છે. પ્રશ્ન એ છે કે તમે કયા કામમાં વ્યસ્ત છો!"***

---

## સફળતાનું રહસ્ય

**(અનુસંધાન : પાના નં.-૨૮ ઉપરથી ચાલુ)**

લેખકે બુકને અંતે ૩૦ દિવસનું એક મોર્નિંગ ચેલેન્જ આપ્યું છે. તમે પોતાની જાતને ચેલેન્જ કરો કે હવે તમે ચોક્કસ કંઈક કરી દેખાડશો. ૩૦ દિવસની ચેલેન્જ ૩ ભાગોમાં છે.

પહેલા ૧૦ દિવસ તમારે અથાક પ્રયત્નો કરવા પડશે હાર ન માનવા માટે. વચ્ચેના ૧૦ દિવસ સામાન્ય લાગશે અને આખરી ૧૦ દિવસ તમને ગમવા લાગશે અને તમે તેને કાયમ કરવા લાગશો.

તો ચાલો, એક્સેપ્ટ કરો ચેલેન્જને અને બદલી નાખો જીવનને.

***All the Best.***

Kiranbhai soni
Deven Soni

M. : 9825115470
9825715470
(O) 02836 241387

# Soni Kiran Kanjibhai

**Manufacturer & Dealers of Gold & Silver Ornaments**



Shivji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch Ph. (R) 241070, 241387

Shiv Soni
Akash Soni

Akash Soni
99251 27279

(S) 242826
M. : 98792 51153

# શામજી ગંગાજી પરિવાર

# Soni Shivlal Shamji

# સોની શિવલાલ શામજી

## Makers & Sellers of
## Gold & Silver Ornaments

Ganga Bazar, Anjar (Kutch) 370 110.

પ્રકાશભાઈ સોની
નિકુલ સોની

M. : 94288 98444
M. : 97258 66886

# મેસર્સ નર્મદા જ્વેલર્સ

## સોના-ચાંદીના દાગીનાનો શો-રૂમ






કસ્ટમ ચોક પાસે, શાસ્ત્રી રોડ,
અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦.

## ફોન : ૨૪૫૧૨૧

Anil Soni
98242 85210

Atul S. Soni
Ahmedabad
97250 38140

Kirtan A. Soni
90336 28998

# પ્રભુકૃપા

## જવેલર્સ

Dealers & Makers of
Gold & Silver Jewellery

5, Srimand Sikhar Complex, M. P. Road, Anjar-Kutch.

Ph. : 02836 - 242347

e-mail : asoni2910@gmail.com

# સફળતાનું રહસ્ય

**પ્રિન્સી સોની**

*"માર્કસની પાછળ ન ભાગો, નોલેજ (Knowledge)ની પાછળ ભાગો. સફળતા જખ મારીને દોડતી આવશે."*

'૩-ઈડિયટ્સ' ફિલ્મનું કેટલું સરસ વાક્ય છે. મિત્રો! આપણે સૌ સફળતા ઝંખીએ છીએ. આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણા જીવનમાં સફળ થઈએ. તેને માટે પ્રેરણાદાયક સ્રોતો જેવા કે મોટીવેટર્સની સ્પીચ સાંભળવી, પ્રેરણાદાયી વીડિયો જોવા કે લેખો વાંચવા વગેરે. પણ શું આપણે જાણીએ છીએ કે સફળતા એટલે શું? શું તેની કોઈ પરફેક્ટ વ્યાખ્યા ખરી?

"ના."

સફળતાની કોઈ જ વ્યાખ્યા નથી. અને આમ જુઓ, તો દરેક વ્યક્તિને માટે અલગ અલગ સમયે સફળતાની જુદી જુદી વ્યાખ્યાઓ હોય છે.

એક નાનકડા ઉદાહરણ દ્વારા સમજીએ તો, કોઈ એક બાળક છે તે ચાર પગે ચાલે છે અને ઊભા રહેવાનો પ્રયત્ન પણ કરે છે અને જાત મહેનતે ઊભા રહેતા શીખી લે છે. તો તે ઘટના બાળક માટે સફળતા હશે. ત્યારબાદ ચાલતા શીખવું તેને માટે સફળતા હશે. ચાલવાનું શીખ્યા બાદ રૂમનો દરવાજો જાતે ખોલ-બંધ કરી લેવો તેના માટે સફળતા હશે. થોડો મોટો થાય અને અભ્યાસકાળ શરૂ થાય ત્યારે સારા ગુણ મેળવીને પાસ થવું સફળતાનું લક્ષ્યાંક હશે. ત્યાર પછી નોકરી મેળવવી, પત્ની અને બાળકોનું ભરણપોષણ, સમાજમાં નામના મેળવવી વગેરે વગેરે.

આમ, સફળતા માટે કોઈ પ્રોપર ડેફિનેશન નથી. પરંતુ મારા મતે "આપણે જે કંઈ કાર્ય કરીએ છીએ અને જે પણ ક્ષેત્રમાં કાર્યરત છીએ તેમાં વધુને વધુ મહેનત દ્વારા સમયાનુસાર પરફેક્શન લાવતા જઈએ તેમજ નિર્ધારીત લક્ષ્યાંક પ્રાપ્ત કરતા જઈએ તે સફળતા."

"કોઈ એક વ્યક્તિ – એક ચાય વેચવાવાળો વ્યક્તિ શેરીમાં ઝાડુ લઈને નીકળે અને એ સમગ્ર દેશ માટે 'સ્વચ્છતા અભિયાન' બની જાય તે સફળતા."

"દસમા ધોરણમાં અંગ્રેજી વિષયમાં ફેલ થનાર એક ક્રિકેટર સચીન તેંદુલકરનો પાઠ મહારાષ્ટ્રના દસમા ધોરણના અભ્યાસક્રમમાં સૌથી પહેલા છપાય તે સફળતા."

મિત્રો, આ બધા લોકો કોઈ વિશિષ્ટ શક્તિઓ લઈને જન્મ્યા હોય એવું નથી. દરેક સફળ લોકોએ અનેક અસફળતાઓનો સામનો કર્યો હોય છે અને સફળ થનારા આ બધા લોકો આપણા જેવા 'કોમન મેન' જ હોય છે.

તેમના અને આપણા જીવનમાં ફરક બસ એટલો જ હોય છે કે, તેઓએ પોતાના માટે સફળતાનું લક્ષ્યાંક નક્કી કરી દીધું અને તે મેળવવા ગાંડાની જેમ મંડી પડ્યા. અને આપણે હજુ સુધી લક્ષ્ય નિર્ધારણ નથી કર્યું અથવા તો નિર્ધારીત લક્ષ્ય સુધી પહોંચવાનો કોન્ફિડન્સ નથી કે આપણી આદતો નથી સુધારી.

મિત્રો! હાલમાં જ એક પુસ્તક જડ્યું "The Miracle Morning" હેલ એલ્રોલ્ડ દ્વારા લખાયેલ 'ધ મિરેકલ મોર્નિંગ'માં સફળ બનવા માટે આપણે કેટલીક આદતો કઇ રીતે સુધારવી તેનું સુંદર વર્ણન હતું.

હેલ એલ્રોલ્ડ સામાન્ય રીતે કોઈ લેખક કે વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વ્યક્તિ નહોતા પરંતુ એક દિવસ એક ભયંકર કાર અકસ્માતમાં તેમને ગંભીર ઈજાઓ થઈ અને તેમના પગના ૧૬ હાડકા તૂટી ગયા. ઈજાઓ એટલી ગંભીર હતી કે તેમનું હૃદય ધબકવાનું બંધ થઈ ગયું અને ડૉક્ટરે તેમને મૃત જાહેર કરી દીધા.

બરાબર ૬ મિનિટ બાદ ફરી તેમનું હૃદય ધબક્યું અને રહસ્યમય રીતે તેઓ મોતને હાથતાળી આપી પાછા ફર્યા. ૩ ડિસેમ્બર, ૧૯૯૯ના અકસ્માત બાદ ૬ દિવસ સુધી તેઓ કોમામાં રહ્યા અને સાતમા દિવસે હોશ આવ્યું ત્યારે ડૉક્ટરે કહ્યું કે હવે તે ક્યારેય ચાલી નહીં શકે.

અને આ અકસ્માતના કેટલાક વર્ષો બાદ હેલ એક 'કિરોલ સ્પીકર' છે, 'બેસ્ટ સેલીંગ સર્જક' છે અને એક 'અલ્ટ્રા મેરેથોન રનર' છે. આમ, મર્યા પછી ફરી જીવતા થયા અને જીવતા થયા પછી ડૉક્ટર્સને જુઠા સાબિત કરી દીધા.

હેલ કહે છે કે આપણા જેવા દરેક લોકોમાં આવા ચમત્કાર કરવાની શક્તિ છુપાયેલી હોય છે. તેને માટે જાગવું જરૂરી છે.

હેલ એલ્રોલ્ડે કોમાથી બહાર આવ્યા બાદ કેટલીક આદતો બનાવી, જેને તે "6 Morning Habits" કહેતા. આ આદતો અપનાવ્યા બાદ હેલ એ પોતાની લગભગ પૂરી થઈ ગયેલી જીંદગીને ફરીથી અન્ય લોકો જીવી શકે એવી સુંદર બનાવી.

કેટલીક બુક્સ અને અન્ય સફળ લોકો પાસેથી શીખેલી હેલ એલ્રોલ્ડની એ છ આદતો આપણે અપનાવીએ તો આપણે પણ સફળતાના શિખરો સર કરી શકીએ છીએ.

તો ચાલો, આજના અંકે જાણીએ એ છ બાબતો વિશે કે જેણે હેલને મૃત્યુથી સફળ જીવન સુધી પહોંચાડી દીધા.

મિત્રો! આ છ બાબતોને સુત્ર દ્વારા સમજીએ તો ખૂબ સરળતાથી યાદ રાખી શકાય.

અને એ સુત્ર છે :

S – Silence (શાંતિ)

A – Affirmation (પ્રતિજ્ઞા)

V – Visualization (દૃશ્ય)
E – Exercise (કસરત)
R – Reading (વાંચન)
S – Scribing (Writing) (લેખન)

## ■ SILENCE :

જેવા આપણે સવારે ઉઠીએ કે વિચારવાનું શરૂ કરી દઈએ છીએ. "ક્યાંક હું મોડો તો નથી પડ્યો ને?" "અરે! હજુ તો સાડા છ વાગ્યા છે!" "મારે આટલું બધું કામ બાકી છે." "અરે, મારે કોઈ કામથી બહાર જવાનું છે." "અરે, મને તો એ ગમતું જ નથી." "હવે હું શું કરું?"

આ આદત ઠીક નથી. દિવસની શરૂઆત શાંત મગજ અને વિચારશૂન્ય મનથી કરવી જોઈએ. જેનાથી હતાશા અને નિરાશાનું પ્રમાણ ધીરે ધીરે ઓછું થઈ સાવ નહિંવત્ થઈ જશે.

કેટલાક લોકો આ આદત કેળવવા પ્રાર્થના તેમજ ધ્યાનની સહાય લે છે. અને જો એમ ન થઈ શકે તો સીમ્પલી આંખ બંધ કરો. હવા અને આસપાસના કુદરતી વાતાવરણને મહેસુસ કરી શકાય.

## ■ AFFIRMATION :

બીજી આદત છે "એફિરમેશન." એનો અર્થ થાય છે પ્રતિજ્ઞા. પોતાની સાથે વાતચીત કરવી ખૂબ જ પાવરફુલ હોય છે. આવું લગભગ દરેક સફળ લોકો કરતા હોય છે.

આપણે આ કામ "આપણી લાઈફનું મુખ્ય લક્ષ્યાંક શું છે એ લખીને પણ કરી શકીએ. તમે પોતાનામાં કેવો બદલાવ ઈચ્છો છો અને શા માટે ઈચ્છો? અને એ બધું જ કરવા માટે તમે શું કરી શકો છો!" આ બધું જ એક નોટમાં પોતાના માટે લખો અને દરરોજ સવારે એ વાંચો.

## ■ VISUALIZATION :

ત્રીજી આદત છે વિઝ્યુઅલાઈઝેશન. વિઝ્યુઅલાઈઝેશન અને એફિરમેશન જુડવા ભાઈ સમાન છે. બંનેના અર્થ થાય છે લક્ષ્ય નિર્ધારણ. પરંતુ બંને અલગ છે. એફિરમેશન આપણે નિર્ધારીત કરેલ લક્ષ્યાંક છે તેમજ વિઝ્યુઅલાઈઝેશન તેનું દૃશ્ય છે કે જે આપણને આઈડિયા આપે છે કે આપણું લક્ષ્ય કેવું હશે.

એટલે કે તમે જે લક્ષ્યાંક નક્કી કરીને નોટ પર લખેલા છે તે વાંચ્યા બાદ તેની કલ્પના કરીને તેને આપણા સ્મૃતિપટ પર વધુ મજબુત રીતે અંકિત કરવા. જેમ કે તમે ગીટાર વગાડવાનું શીખવા માંગો છો તો કલ્પના કરો કે તમે ગીટારના વાયર્સ પર હાથ ફેરવો છો અથવા તમારું મનપસંદ ગીત વગાડો છો. આવું કરવામાં થોડું અજીબ તો લાગશે, પણ તેનાથી એ ફાયદો થશે કે તમારું લક્ષ્ય દિવસભર તમારા મગજ પર હાઈલાઈટ થતું રહેશે અને તેને લગતા કામોને તમે પ્રથમ મહત્ત્વ આપશો.

આમ, એફિરમેશન અને વિઝ્યુઅલાઈઝેશન બંને મળીને તમારા વિચારો બદલી નાખશે.

## ■ EXERCISE :

સૌથી મહત્ત્વની આદત છે કસરત. આપણે સૌ જાણીએ છીએ કે તે કેટલી મહત્ત્વની છે. તેમ છતાં મોટાભાગના લોકો તે ટાળતા હોય છે. આમ તો બહાના ખૂબ જ હોય છે પણ મોટેભાગે 'મોડું થઈ ગયું', 'સૂરજ નીકળી આવ્યો', 'હવે કોઈ ફાયદો નથી' વગેરે વગેરે બોલતા હોઈએ છીએ. પણ આવા બહાનાઓ ટાળવા સવારે જ થોડો સમય કાઢવો જરૂરી છે. એવી કેટલીયે કસરતો છે જે સાધનો વગર પણ કરી શકાય.

## ■ READING :

વાંચવું અને લખવું પોતાના વિકાસ માટે ખૂબ મહત્ત્વનું છે. દરરોજ સવારે ૧૦ પાના વાંચવાનું શરૂ કરો. એ હિસાબે એક વર્ષમાં તમે ૩૬૫૦ પાનાઓ વાંચી લેશો. જે લગભગ ૨૦ પુસ્તકો બરાબર છે. એક નાનકડા કમિટમેન્ટથી આટલો મોટો ચેન્જ થઈ શકે.

## ■ SCRIBING / WRITING :

છઠ્ઠી આદત છે સ્ક્રાઈબિંગ અથવા લેખન. કેટલોક સમય આપો તમે તમારા વિચારો, લાગણીઓ અને અનુભવોને લખવા માટે. તેનાથી કાયમ તમે કંઈક નવું શીખશો.

તમારા લેખનકાર્યને બે ભાગમાં વહેંચી દો. પહેલો ભાગ : તમે આજ સુધી શું કર્યું? કેટલા સુધારા કર્યા – એ લખવા માટે અને બીજો ભાગ : 'હવે આગળ શું કરવું જોઈએ' એ લખવા માટે. આનાથી તમને મદદ મળશે એ નક્કી કરવામાં 'આપણે શું મેળવ્યું છે' અને 'હજુ શું મેળવવું કે સુધારવું બાકી છે!' અને આમ કરવાથી આપણો પોતાના પર કેટલો આત્મવિશ્વાસ છે તે પણ જાણી શકાશે.

આ બધો જ કાર્યક્રમ સવારે ૮ વાગ્યા પહેલાનો છે. માટે તેને ફૉલો કરવા વહેલા ઉઠવું પડશે. જો આપણે દિવસની શરૂઆત એલાર્મને સ્નુજ પર મૂકવાથી કરીએ છીએ તો આ નિત્યક્રમ કામ નહીં કરે. આવું કરવું ખૂબ થાકનો અનુભવ કરાવે છે. જેનાથી આપણે ઊંડી ઉંઘમાં તો સરી જ જઈએ છીએ પણ અપ્રત્યક્ષ રીતે પોતાની જાતને એવું કહીએ છીએ 'હું દિવસનો સામનો નહીં કરી શકું.'

માટે જો સફળ જીવને 'હા' કહેવા માંગો છો તો એલાર્મ સ્નુઝને 'ના' કહી દો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

# અંજાર : અતીતના આયનામાં

ઠાકરશી પુ. કંસારા

કચ્છના ચાર મુખ્ય શહેરો પૈકી અંજાર સૌથી વધુ જૂનું, લગભગ સાતમી સદીથી અસ્તિત્વ ધરાવતું, મહત્ત્વનું શહેર છે. સાંગ નદીની ઉત્તર-પૂર્વમાં અજજાડ-વાસ નામે ગામડું હતું. જ્યાં માલધારીઓ ઝુંપડા બાંધી રહેતા હતા અને માલ ચારતા હતા. નદીની દક્ષિણ-પૂર્વે મહાકાલેશ્વરનું પુરાતન મંદિર હતું. પશ્ચિમ-દક્ષિણે સમૃદ્ધ વીડી-બગીચા વિસ્તાર, રબારીઓનું પાબુનું સ્થાન, પંજોરા પીર તથા મનસાદેવીનું સ્થાનક આવેલ હતા. ઉત્તરે વાડીઓથી સમૃદ્ધ દબડા વિસ્તાર તથા દૂર પૂર્વમાં ગણેશરાઈ નામે તળાવડી આવેલ હતા.

ઈસવીસનની સાતમી-આઠમી સદીમાં હિંદના પશ્ચિમ કાંઠાના પ્રદેશોમાં મુસ્લિમોનાં આક્રમણ થયેલાં તે વખતે અજમેરના ચહુઆણુ વંશના શાસક અજયપાલજી મુસ્લિમો સામેના ધર્મયુદ્ધમાં અંજારની નજીકના સ્થળે વીરગતિ પામેલ હતા. તેથી એમની યાદમાં અંજાર ગામના પાદરમાં દહેરી બનાવીને ત્યાં એમના વંશજો અથવા અનુયાયીઓ એમના પાળિયાની પૂજા કરતા એવી જનશ્રુતિ છે.

અહીં ચોમેર વાડીઓ હોવાથી અનાજની સારી ઊપજ થતી. તેથી અનાજના ભંડાર કેન્દ્ર તરીકે 'અન્ન-જાર' તરીકે ઓળખાતું થયું હશે અને કાળક્રમે 'અંજાર' નામથી ઓળખાવા લાગ્યું હશે. એ જ રીતે નજીક આવેલ 'અંતરજાર' ગામ 'આંતણજાર' યાને આંતણ અથવા વણાટ માટેનું સાળનું એટલે કે વણાટનું કેન્દ્ર હશે એમ માનવાને કારણ છે. અંજારની પૂર્વમાં 'કજ્જલીવન' યાને આમલીનું ગીચ વન આવેલ હતું. સાતસો-આઠસો વર્ષ પૂર્વે જેસલ જાડેજો નામે વિખ્યાત લુટારો અહીં રહેતો હતો. એમ કહેવાય છે કે તોરલ નામે જુવાન સુંદર સ્ત્રીનું એણે અપહરણ કરેલ, પણ એ પવિત્ર સ્ત્રીના ઉપદેશથી જેસ લુંટારો મટીને ઈશ્વરભક્ત બનેલ હતો અને બંને જણ અહીં સાથે રહીને ખેતી કરીને ઉદરપોષણ તથા ઈશ્વરભજન કરતા હતા એવી લોકમાન્યતા છે. એઓની સમાધિઓ આ સ્થાને છે અને અહીં સેંકડો વર્ષો થયાં એમના જાડેજા ભાયાતો તથા ભક્તો દૂરના પ્રદેશોમાંથી સમાધિના દર્શને આવે છે તથા **ચૈત્ર સુદ ૧૫ના રોજ મેળો ભરાય છે.**

કચ્છના રાવશ્રી ખેંગારજી ૧લાએ ઇ.સ. ૧૫૪૯માં ભુજમાં રાજધાની સ્થાપી એનાથી પહેલાં ઇ.સ. ૧૫૪૩માં અંજારનું તોરણ બાંધીને થોડા વખત માટે અંજારને પાટનગર તરીકે રાખી વિકસાવ્યું હતું.

સત્તરમી સદીના અંત વખતે રાવશ્રી રાયધણજી ૧લાના શાસનકાળ દરમ્યાન અંજાર શહેર તથા આજુબાજુના પ્રદેશનો વહીવટ એમના કુમાર શ્રી પ્રાગજી (રાવશ્રી પ્રાગમલજી ૧લા) કરતા હતા ત્યારે એઓએ અંજાર શહેરને ફરતો ગઢ બંધાવ્યો હતો અને અજયપાલજીના જૂના સ્થાનકની જગ્યાએ ઊંચા પડથારે નવું મંદિર તથા બાજુમાં મોટો કુંડ વગેરે બાંધકામ થયા હતા, જેનો શિલાલેખ નવા સ્થાનકની ભીંતમાં ચોંટાડેલો છે.

અઢારમી સદીમાં ત્રીજા ચોથા દાયકા દરમ્યાન કચ્છમાં મહારાવશ્રી દેશલજી ૧લાનું શાસન હતું. તે વખતે એમના મહારાણી શ્રી મહાકુંવરબાએ, નારાયણ સરોવર ઉપર શ્રીદ્વારકાના શ્રી રણછોડરાયજીના મંદિરના જેવું જ વિશાળ શિલ્પસમૃદ્ધ શ્રી ત્રિકમરાયજીનું મંદિર તથા બીજા મંદિરોની સ્થાપના કરાવી હતી તથા દ્વારકા પાસેના બેટ શંખોદ્ધારમાં તળાવને કાંઠે શ્રી શંખનારાયણ ભગવાનનું મંદિર બંધાવ્યું હતું. મહારાવશ્રી દેશલજી ૧લાના શાસનકાળ વખતે પુરાતન ભદ્રેશ્વરનું મહત્ત્વ ઓછું થયું હતું. ત્યાંની પુરાતન વાવો તથા મહેલાતો દટાઇ ગઈ હતી. પુરાતન મંદિરો તથા કુંડો જર્જરિત બનેલ હતા અને તેથી ત્યાં આવેલ પ્રસિદ્ધ મહાકાલી મંદિરમાંની પુરાતન અને ચમત્કારિક મનાતી માતાજીની પ્રતિમાનો અતીત બાવા સાગરગરજી ત્યાંથી વેલમાં પધરાવીને અંજારમાં લાવ્યા હતા અને અહીં ગંગાનાકાની અંદર ગઢની રાંગની સામે આવેલા વિશાળ ખુલ્લી જમીનમાં નવું મંદિર બંધાવીને એમાં એ પુરાતન પ્રતિમાની શ્રી અંબાજીમાતા તરીકે સ્થાપના કરી હતી.

જૂના વખતમાં લોકો ઘણીવાર અંધશ્રદ્ધાને લીધે સાધુ-સંતોના સ્વાભાવિક પણ અસામાન્ય જણાતા કૃત્યોને ચમત્કાર ગણતા. અંબાજી માતાના નિજ મંદિર તથા પીર શ્રી સાગરજીના નિવાસની મેડીને જોડતો એક ગુપ્ત માર્ગ થોડા વર્ષ પૂર્વે માલૂમ પડ્યો હતો. અંબાજીમાતાના મંદિર તથા અજયપાલજીના સ્થાન વચ્ચે ભોંયરાનો ગુપ્ત માર્ગ હતો એમ કહેવાય છે. શક્તિ, ભક્તિ તથા મુક્તિના પવિત્ર ત્રિવેણી સંગમરૂપ શ્રી અંબાભવાની, જેસલ-તોરલ તથા શ્રી અજયપાલજીનું પુરાતન એ સ્થાનકો અંજારને ગૌરવ-ગાથા સમા આજે પણ લોકોનો આદર પામતા રહેલ છે. સાંગ નદીને સામે કાંઠે ઉત્તર અંજાર ગામના પાદરમાં આવેલ ભડેશ્વર મહાદેવનું પુરાતન મંદિર સેંકડો વર્ષો થયા અદ્‌ભુત સ્થાપત્ય તથા રોનકદાર કોતરકામ માટે કચ્છમાં વિખ્યાત છે. એટલું જ નહીં, શ્રાવણ માસમાં અહીં આખો માસ બ્રાહ્મણો પૂજા કરે છે. દરરોજ સવાર-સાંજ હજારો લોકો દર્શને આવે છે. આ મંદિર બંધાયા પછી અંજાર શહેરના મોહનરાયજી તથા માધવરાયજીના વિષ્ણુમંદિરો, શ્રી રઘુનાથજીનું મંદિર તથા એકાદ બે જૈન મંદિરો બંધાયા હતા.

ઇ.સ. ૧૭૮૪ના અરસામાં ભુજમાં મહારાવ શ્રી રાયધણજીએ હિંદુ મંદિરો તોડવાની તથા હિંદુઓને પરાણે મુસ્લિમ બનાવવાની પ્રવૃત્તિ આદરેલી ત્યારે અંજારના કારભારી મેઘજી શેઠે ભુજ જઈને મહારાવશ્રીને કેદ કર્યા હતા અને બારભાયા - કારભારની સ્થાપના કરી હતી. ઇ.સ. ૧૮૦૫ના

અરસામાં જમાદાર ફતેહમામદે અંજારની નજીકમાં તૂણા બંદર બાંધી વિકસાવ્યું હતું. તેથી અંજારના વેપારમાં વૃદ્ધિ થઈ હતી.

ઇ.સ. ૧૮૧૬થી ૧૮૧૯ લગી અંજાર શહેર તથા અંજાર ચોવીસીનાં ગામોનો વહીવટ અંગ્રેજ રેસિડન્ટ કેપ્ટન મેકમર્ડો પાસે રહ્યો હતો. આ વખત દરમ્યાન અંજારના ટીંબી કોઠા પાસેના ટેકરા પર કેપ્ટન મેકમર્ડોની ઓફિસ એના રહેઠાણનો બંગલો તથા બીજા મકાન બંધાયા હતા. મેકમર્ડોના બંગલામાં તથા કારભારીની કચેરીના બહારના ઓટલાઓ પાસેની ભીંતો પર કચ્છના કારીગરોએ રામાયણ - મહાભારતની કથામાંના પ્રસંગોના તથા બીજા અદ્ભુત ચિતરામણ કર્યા હતા. આ અરસામાં ગંગા નાકા બહાર ગંગા તથા યમુના કુંડો, શ્રી સત્યનારાયણનું મંદિર તથા ખીરસરી (ક્ષીર સાગર) કુંડ અને શેલોર વાવો બંધાયા હતા. સિધ્ધેશ્વર તળાવને પાળ બાંધવામાં આવી હતી અને એ સુંદર સુવાસમય કમળો ધરાવતું રમ્ય સરોવર બન્યું હતું. સવાસરને નાકે પણ એ નામનું સુંદર તળાવ બંધાયું હતું. અંજારથી વરસામેડી જતા રસ્તા પર ગણેશરાય નામે ઓળખાતી તલાવડી પાસે ઉત્તરથી દક્ષિણ તરફ વહેતો પહોળો નદીનો છેલો પણ આવે છે ત્યાં વીસ ગરનાળાવાળો પુલ બંધાયો હતો.

***ઈ.સ. ૧૯૦૦થી ૧૯૦૫ના અરસામાં મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના શાસનકાળ દરમ્યાન કચ્છ ભુજના વતની કંસારા કેશવજી શામજી બુધ્ધભટ્ટી, જેઓ વિલાયતમાં ઈજનેરીનો અભ્યાસ કર્યા બાદ કચ્છ રાજ્યમાં ઈજનેર નિમાયા હતા, તેઓએ અંજાર અને તુણા બંદર વચ્ચેની દસ માઈલની કચ્છમાં સૌથી પહેલી રેલ-લાઈન બાંધી હતી.*** ત્યારથી કચ્છમાં વેપાર ઉદ્યોગમાં વિકાસ થવા પામ્યો હતો તથા વાહન વ્યવહારમાં સવલત થવા પામી હતી. કાચા-પાકા રસ્તા બંધાયા હતા.

અંજારમાં નાનું દરબારી દવાખાનું સ્થપાયું હતું તથા પ્રાથમિક શિક્ષણ સાથે અંગ્રેજી ત્રણ ધોરણ સુધીના શિક્ષણની બે શાળા ચાલુ થઈ હતી. ઉચ્ચ શિક્ષણની સગવડ ન હતી. અંજારના ભાટિયા વેપારી શેઠ ત્રિકમજી જીવણદાસની મુંબઈમાં તેમજ અંજારમાં પેઢીઓ હતી. એ પેઢી તરફથી એમના નામથી અંજારમાં અંગ્રેજી ધોરણ-૧થી ૬ સુધીના અભ્યાસ માટેની ઇંગ્લીશ સ્કુલ ઇ.સ.ની વીસમી સદીની શરૂઆતમાં ચાલુ કરાવવામાં આવી હતી.

એ પેઢી નરમ પડતાં અંજારના વેપારીઓ શ્રીમંતો વગેરેએ ફંડ એકઠું કરીને 'શ્રી અંજાર વિદ્યાલય' નામે અંગ્રેજી શિક્ષણની શાળા ઇ.સ. ૧૯૨૨-૨૩માં ચાલુ કરી હતી. અંજારના શ્રીમંત વેપારી મિસ્ત્રી નાથજીભાઈ ખેંગાર તરફથી શાળા માટે મકાન દાન તરીકે આપવામાં આવ્યું હતું. ત્યારબાદ શેઠ ધરમશી વલ્લભદાસના પુત્રો શ્રી ડુંગરશી તથા સુંદરદાસ તરફથી મેટ્રિક સુધીના અભ્યાસની સગવડ કરવા સ્કુલ માટેનું નવું વિશાળ મકાન બંધાવી આપવામાં આવ્યું હતું. અને બીજી સગવડ કરી આપતાં જૂના અંજાર વિદ્યાલયનું "શેઠ ધરમશી વલ્લભદાસ હાઈસ્કૂલ"માં પરિવર્તન થવા પામ્યું હતું.

અંજાર દરબારી દવાખાનાના ડૉક્ટર સ્વ. આત્મારામ કેશવજી દવે સાહિત્ય તથા ઇતિહાસમાં રસ ધરાવતા હતા. એઓએ "કચ્છ દેશનો ઇતિહાસ" ઇ.સ. ૧૮૭૬માં છપાવી પ્રગટ કર્યો હતો. તથા શ્રી ચંદ બરદાઇ રચિત "પૃથ્વીરાજ રાસા"નું ગુજરાતી ભાષાંતર પ્રગટ કર્યું હતું. શેઠ ધરમશી વલ્લભદાસના જયેષ્ઠ પુત્ર તથા એમની પેઢીના સંચાલક શ્રી ડુંગરશી સંપટ વિદ્વાન તથા સાહિત્યપ્રેમી હતા. સરળ પ્રકૃતિના અને સાદું જીવન ગાળતા હતા. એઓએ "કચ્છનું વેપારતંત્ર" નામે પુસ્તક છપાવી બહાર પાડ્યું હતું તથા "કચ્છનો કોમવેલ જમાદાર ફતેહમામદ" લેખમાળા "નવચેતન" માસિકમાં એઓએ લખેલ પ્રગટ થયેલી હતી. ભાટિયા જયરામદાસ જેઠાભાઈ નયગાંધી વિદ્વાન તથા દેશનામી હતા. તેઓએ "કચ્છનો બૃહદ્ ઇતિહાસ" નામે ગ્રંથ છપાવી પ્રગટ કરેલ હતો. આ જ અરસામાં ત્રીજા દાયકામાં અંજારમાં "શ્રી કેશવ વિજય" નામે કવિ તથા લેખકે "સંસ્કાર મુક્તાવલિ" નામે પુસ્તક તથા ગીતાના સમશ્લોકી ભાષાંતરની (ગુજરાતી ભાષામાં દર્શાવેલી) પુસ્તિકા છપાવી પ્રગટ કરી હતી.

મહારાવશ્રી ખેંગારજી ત્રીજાના શાસનકાળ દરમ્યાન અંજારમાં જીનપ્રેસ, અન્ય જીનિંગ ફેક્ટરીઓ, સ્પીનિંગ એન્ડ વિવિંગ મિલ, ઓઇલ મિલ તથા બીજા ઉદ્યોગોનાં કારખાના સ્થપાયા હતા. તુણા બંદર તથા જામનગર વચ્ચેની સ્ટીમર પેસેન્જર સર્વિસ ચાલુ થઈ હતી. તુણા બંદરેથી મુંબઈ સુધી માલસામાન અને કંડલા સુધીનો ટ્રેઈન વહેવાર ચાલુ થયો હતો. કંડલાનું નવું બંદર બંધાયું હતું અને સ્ટીમરો આવતી જતી થઈ હતી.

અંજારમાં દેવળિયા નાકા બહાર શેઠ વલુભાની ધર્મશાળા, વરસામેડી નાકા બહાર મિસ્ત્રી કુંવરજી હીરજીની ધર્મશાળા, ગંગાનાકા બહાર શેઠ વિક્રમશીની ધર્મશાળા તથા જીવણભાઈ મોઢવાળી ધર્મશાળા વીસમી સદીની શરૂઆતથી બીજા દાયકા સુધીમાં સ્થપાઈ હતી.

ઇ.સ. ૧૯૪૮ના જૂન માસમાં કચ્છ દેશી રાજ્યનું ભારત યુનિયનમાં વિલીનીકરણ થતાં કચ્છ ભારતનું કેન્દ્રશાસિત "ક" વર્ગનું રાજ્ય બનેલ હતું. ગાંધીધામ મહાનગર તથા કંડલા મહાબંદર સ્થપાયા હતા. ઇ.સ. ૧૯૫૬ના જુલાઈ માસમાં કચ્છવ્યાપી ધરતીકંપ થયેલ તેની સૌથી વધુ ખરાબ અસર અંજારને થઈ હતી. એકસોથી વધુ માણસોનાં મરણ થયા હતા. હજારો મકાનો જમીનદોસ્ત બન્યા હતા અને લાખોનું નુકસાન થયું હતું. એ વખતે કેન્દ્ર સરકાર તરફથી સારી રાહત-વ્યવસ્થા ગોઠવાઈ હતી તથા લોકોના પુનર્વસવાટ માટે અંજાર શહેરના પાદરમાં દક્ષિણ - પૂર્વના વિસ્તારમાં 'નયા અંજાર' નામે ઉપનગર વસાવાયું હતું.

***સ્વ. ઠાકરશી પી. કંસારાના સપ્ટેમ્બર-૧૯૯૦ના 'પથિક' સામયિકમાં પ્રકાશિત લેખનો સંક્ષેપ***

# શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રા

પ્રો. રસિકભાઈ મહીચ્છા

હિમાલયના જમ્મુ - કટરા પાસે ત્રિકુટ પર્વતના ઉત્તુંગ શિખરો પર બિરાજમાન થયેલ એ શેરોવાલી માં બીજા કોઈ નહીં પણ શ્રી માતા વૈષ્ણોદેવી છે. એવી માન્યતા છે કે માતા વૈષ્ણોદેવીના દર્શને જવા માટે માતા ખુદ ભક્તોને બોલાવે છે અને એવા ભક્તો ભાગ્યશાળી છે. સમસ્ત ભારતમાંથી ચુંબકીય આકર્ષણથી દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ કપાળ પર લાલ ચાંદલા કરી, માથે માતાજીના નામવાળી પટ્ટી બાંધી, હાથે લાકડી રાખીને જય માતાજીના નાદ સાથે માતા વૈષ્ણોદેવીના દર્શને ઉમટી પડે છે.

પૌરાણિક કથા પ્રમાણે વૈષ્ણોદેવી માતાજીના ત્રણ દિવ્ય સ્વરૂપો : મહાકાલી, મહાલક્ષ્મીજી અને સરસ્વતીજી એક સમયે એકઠા થયા ત્યારે તેજસ્વી પ્રકાશપુંજ ઉત્પન્ન થયો અને તેમાંથી એક સુંદર કન્યા પ્રગટ થઈ. દેવીઓએ એ કન્યાને પૂછ્યું કે તું અહીં શા માટે આવી છો? ત્યારે કન્યાએ ઉત્તર આપ્યો કે હું મારા ભક્તોનો ઉધ્ધાર કરવા આવી છું. ત્યારે દેવીઓએ તે સ્વરૂપવાન કન્યાને કહ્યું કે દક્ષિણ દિશામાં જા અને રત્નાકર નામના બ્રાહ્મણને ત્યાં જન્મ લે. ત્યારબાદ રત્નાકર દંપતીને સ્વરૂપવાન પુત્રી રત્નનો જન્મ થયો. જેનું નામ વૈષ્ણવી પડ્યું. નાનપણથી વૈષ્ણવીને વેદ, વેદાંત અને શાસ્ત્રોનું જ્ઞાન હતું. ઈશ્વરમાં અપાર આસ્થા ધરાવતી હતી. સ્વરૂપવાન વૈષ્ણોદેવી પર ગોરખનાથના શિષ્ય તાંત્રિક ભૈરવનાથે કુદૃષ્ટિ કરી અને બદ્ ઈરાદાથી પાછળ પડ્યો. દેવી તેનાથી દૂર બાણગંગા અને અધકુંવારી ગયા.



અને કામાંધ ભૈરવનાથને મારવા લાગ્યા. ત્યારે ભૈરવનાથને પોતાની ભૂલનું ભાન થયું અને માતાજીને વિનવણી કરવા લાગ્યો. પરંતુ માતાજીએ તેનો શિરચ્છેદ કર્યો પરંતુ ઉદારતા દર્શાવી તેને વચન આપીને કહ્યું કે મારા દર્શને આવતા દરેક ભક્ત પહેલાં તારા દર્શન કરશે. ત્યારબાદ માતાજીએ માનવીય સ્વરૂપ છોડી દઈ અને સાડા પાંચ ફૂટની એક નિર્જીવ શીલાનું રૂપ ધારણ કરી લીધું. જેના પર ત્રણ પીંડીઓ છે. આ ત્રણ પીંડીઓવાળી શિલા ત્રિકુટ પર્વતની ખીણમાં આવેલી છે અને વૈષ્ણોદેવીના યાત્રાળુઓ આ પીંડીના દર્શન કરે છે. શ્રીધર નામનો બ્રાહ્મણ અહીં ભંડારા ચલાવતો હતો અને માતા વૈષ્ણોદેવીનો અનન્ય ભક્ત હતો. તે માતાજીના ચાલ્યા જવાથી ખૂબ વ્યથિત થઈ ગયો. પરંતુ શ્રદ્ધાપૂર્વક ત્રણ પીંડીવાળી શીલાને માતાજીનું સ્વરૂપ માની પૂજા અર્ચના કરવા લાગ્યો. ત્યારથી આ ત્રણ પીંડીવાળી શીલા વૈષ્ણોદેવી તરીકે સમગ્ર ભારતમાં ખ્યાતિ પામી પૂજાવા લાગી.

શ્રી માતા વૈષ્ણોદેવી, એ ભારતમાં સૌથી વધુ ખ્યાતિ ધરાવતું તિરૂપતિ બાલાજી પછી બીજા નંબરનું યાત્રાનું સ્થાન છે કે જ્યાં સૌથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. પ્રતિ વર્ષ અંદાજિત આંકડા પ્રમાણે ૮૦થી ૯૦ લાખ યાત્રાળુઓ અહીં આવે છે. વૈષ્ણોદેવીની યાત્રાએ આવતા યાત્રિકોની વ્યવસ્થા માટે વૈષ્ણોદેવી મંદિર સંસ્થાન (Shri Mata Vaishnodevi Shrine Board) સ્થાપવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે સુંદર આવાસો, ધર્મશાળાઓ અને ધાબળાઓ તેમજ અન્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જમ્મુ રેલ્વે સ્ટેશન સામે જ વૈષ્ણવીધામ, સરસ્વતી ધામ અને કાલીકાધામ, કટરા બસ સ્ટેશન પાસે નિહારિકા યાત્રી નિવાસ, શક્તિ ભવન, આશિર્વાદ ભવન નામના મંદિર સંસ્થાન દ્વારા સંચાલિત આધુનિક સગવડતાવાળા નિવાસ સ્થાનો યાત્રીઓના રોકાણ માટે ઉપલબ્ધ છે. તેમાં ખૂબ જ વ્યાજબી ભાવે એ.સી. અને નોન એ.સી. રૂમ અને ડોરમેટરી વ્યવસ્થા છે. તેને માટે ઓનલાઈન બુકિંગ પણ થાય છે. એ સાથે નો-પ્રોફીટ નો-લોસ પર ચાલતા ભોજનાલયો પણ આવેલા છે. આ સિવાય અન્ય પ્રાઈવેટ હોટેલો અને ગેસ્ટ હાઉસો પણ છે. અમદાવાદથી દરરોજ જમ્મુતાવી એક્સપ્રેસ ટ્રેન સવારે ઉપડે છે. મુંબઈ, રાજકોટ, જામનગરથી વીકલી ડાયરેક્ટ ટ્રેન પણ કટરા જવા માટે મળે છે. જમ્મુ પહોંચ્યા બાદ ૫૦ કિ.મી. દૂર કટરા જવા માટે રેલ્વે સ્ટેશનથી જ દર ૧૫ મિનિટે બસ મળે છે.

વૈષ્ણોદેવીની યાત્રા કરવી એક વિશિષ્ટ અને રોમાંચક અનુભવ છે અને તે માણવા જેવો છે. કટરા પહોંચ્યા બાદ સૌપ્રથમ યાત્રાનું રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. કટરા બસ સ્ટેશન સામે જ સંસ્થાન ટ્રસ્ટ દ્વારા સંચાલિત યાત્રા રજિસ્ટ્રેશન કાઉન્ટર છે. જ્યાંથી ફ્રી રજિસ્ટ્રેશન કરાવી તેની પરચી મેળવી લેવી અને તેને દરેક વ્યક્તિગત રીતે પોતપોતાના ખિસ્સામાં સાચવી રાખવી. તે પરચી યાત્રા માર્ગ પર આવતા વિવિધ ચેકપોસ્ટ પર બતાવવાની હોય છે. એટલું જ નહીં પરંતુ તેની

સાથે ઓટોમેટીક યાત્રીનું ત્રણ લાખનું વીમા કવચ પણ મળે છે. નાના બાળકો માટે એક લાખ રૂપિયાનું અલગ વીમા કવચ છે.

મે-જૂનના વેકેશનના દિવસો તથા નવરાત્રિના દિવસોમાં વૈષ્ણોદેવીની યાત્રાએ જવાનું સલાહભર્યું નથી કારણકે તે સમયે યાત્રીઓની ખૂબ જ ભીડ થાય છે. દેવીમાંની પવિત્ર ગુફાનું દ્વાર ખૂબ સાંકડું છે. તેથી દર્શન કરવામાં સમય પણ લાગે છે અને અચાનક ધક્કામુક્કીનો ખતરો પણ રહેલો છે.

કટરા બસ સ્ટેશનથી વૈષ્ણોદેવી ભવનનો ૧૩ કિ.મી.નો પહાડી ટ્રેક છે. વૈષ્ણોદેવીના દર્શન કરવા માટે બે માર્ગ છે. એક જૂનો રસ્તો અને બીજો નવો રસ્તો. નવો વિકસાવેલો ટ્રેક સારો છે. સમગ્ર ટ્રેક પર પગથિયા, વિશ્રામ સ્થાન અને પાવરફુલ નીઓન લાઇટોથી પ્રકાશિત છે. વચ્ચે ચા-નાસ્તા માટેના અનેક રેસ્ટોરન્ટ્સ અને વિશ્રામ સ્થાનો પણ આવેલા છે જ્યાં યાત્રિકો આરામ કરી શકે છે. અધકવારી છ કિ.મી. દૂર છે. ત્યાં વિશ્રામ ભવન આવેલા છે. જેમાં ડોરમેટરી અને રૂમનું બુકિંગ કટરા બસ સ્ટેશનથી કરાવી શકાય છે. ઠંડીથી બચવા માટે ફ્રી ગરમ ધાબળા પણ કાઉન્ટર પરથી મેળવી શકાય છે. અધકવારી નામનું સ્થળ યાત્રા માર્ગની બરોબર વચ્ચે આવે છે. ત્યાંથી વૈષ્ણોદેવી ભવન સાત કિ.મી. થાય છે.

વૈષ્ણોદેવી ટ્રેક શરૂ કરતા પહેલા કિંમતી વસ્તુઓ, વધારાની કેશ, મોબાઈલ, કેમેરા અને લેપટોર વગેરે ઈલેક્ટ્રોનિક સામાન, બેલ્ટ, વોલેટ અને વધારાનો સામાન કટરામાં ક્લોક રૂમમાં મૂકી દેવો કારણકેતે મંદિરમાં લઈ જવા દેતા નથી. નાનકડા કેરી બેગ અથવા રકશેકમાં આવે એટલો સામાન લેવો. નાની ટોર્ચ અને પાણીની બોટલ સાથે રાખવી. ખિસ્સામાં પાકીટ નહીં રાખવું પરંતુ જરૂરિયાત મુજબ છુટ્ટા રૂપિયા રાખવા. કટરા બસ સ્ટેશનથી યાત્રા રજિસ્ટર કરાવી તેની પરચી સંભાળીને રાખી યાત્રા શરૂ કરી શકો છો. દિવસ અથવા રાત્રે ગમે ત્યારે પ્રયાણ કરી શકાય છે. માતાજીનો માર્ગ ચોવીસે કલાક વહેતો જ હોય છે. થાકી જવાય તો થોડો આરામ કરી આગળ ચાલતા રહેવું. જે લોકો બિલકુલ ચાલી શકવા અસમર્થ છે તેમણે પાલખી કરી લેવી. જેના દર મંદિર ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. તેનાથી વધુ આપવા નહીં. પોની અને પીઠું પણ બાળકો અને સામાન ઉંચકવા માટે કરી શકાય છે. જે પણ સર્વિસ લઈએ તે વ્યક્તિની ઓળખ – નામ, બેજ નંબર અને મોબાઈલ નંબર લખી લેવા જરૂરી છે.

## વૈષ્ણોદેવી યાત્રા માર્ગ

### ૧. દર્શની દરવાજાથી બાણગંગા

વાસ્તવમાં યાત્રા બાણગંગાથી શરૂ થાય છે. અહીં યાત્રા શરૂ કરતા પહેલાં હળવું ભોજન અથવા નાસ્તો લઈ લેવો. ભારે ખોરાક જેમકે મીઠાઈ અને તળેલો ખોરાક લેવો નહીં.

### ૨. બાણગંગાથી ચરણ પાદુકા

આ ૨.૫ કિ.મી.નો રસ્તો ૩૨૦૦ ફૂટની ઊંચાઈએ આવેલો છે. અહીં માતા વૈષ્ણોદેવીના ચરણ પાદુકા છે.

### ૩. ચરણ પાદુકાથી અધકવારી

અધકુવારી એક મોટું પરિસર છે અને બાણગંગાથી ૬ કિ.મી. દૂર છે. અહીં બધી સગવડો પ્રાપ્ય છે. અધકુંવારી વાસ્તવમાં આદિ કુમારીકા છે. અહીં કન્યા વૈષ્ણવીએ પર્વતની ગુફામાં ભગવાન શંકરની ઉગ્ર તપસ્યા કરી હતી. સૌપ્રથમ ભૈરવનાથે કુમારિકા વૈષ્ણવીને ગુફામાંથી શોધી કાઢી હતી. અધકુંવારીમાં રહેવા માટે વિશાળ ધર્મશાળા, ચા-પાણી અને ફ્રી ભોજનાલય અને આરામ કરવા માટેની સુંદર વ્યવસ્થા છે. અહીં મેડિકલ શોપ્સ પણ છે. આ સ્થળ સમગ્ર યાત્રાના માર્ગમાં મધ્યમાં છે. અમે જ્યારે અધકવારી પહોંચ્યા ત્યારે રાતના અગિયાર વાગ્યા હતા અને ઠંડી સખત પડતી હતી અને થાક પણ ખૂબ લાગ્યો હતો. ધાબળા લઈને સૂઈ ગયા હતા. ચારેક કલાકના આરામ બાદ આગળ પ્રયાણ કર્યું હતું. વૈષ્ણોદેવી ભવન સવારે દસેક વાગે પહોંચી ગયા.

### ૪. અધકુંવારીથી હિમકોટી

અધકુંવારીથી ૨.૭૫ કિ.મી. દૂર આ નવું હિલ સ્ટેશન જેવું વિકસાવેલ પોઈન્ટ છે. અહીં સુંદર વ્યુ પોઈન્ટ મળે છે. ગાર્ડન, આધુનિક હોટેલો અને રેસ્ટોરન્ટ વગેરે આવેલા છે.

### ૫. સાંજી છત

ભવનથી લગભગ બે કિ.મી. પહેલા સાંજી છત આવેલું છે. અહીં હેલિકોપ્ટર ઉતારે છે અને ત્યારબાદ મંદિર પહોંચવા માટે બે કિ.મી. યાત્રિકોને ચાલવાનું રહે છે.

### ૬. માતાજીનું ભવન

અમે વૈષ્ણોદેવી પહોંચ્યા ત્યારે હવાનાષ્ટમી હતી અને ભીડ પણ સખત હતી. ત્યારે અમને અહેસાસ થયો કે તહેવારના દિવસોમાં કદી બહાર ફરવા જવું નહીં. અમારો ગ્રુપ નંબર ત્રણેક કલાકના વેઈટીંગ પછીનો હતો. માતાજીના દર્શન માટેનું આ અંતિમ પડાવ છે. અહીં ત્રિકુટ પર્વતની એ પવિત્ર ગુફા આવેલી છે કે જ્યાં વૈષ્ણોદેવી માતા સાક્ષાત વસે છે. ગુફા ખૂબ સાંકડી છે અને તેમાં લોકોને નાના ગ્રુપમાં દર્શન માટે મોકલવામાં આવે છે.

### ૭. ભૈરવ ઘાટી

અહીં ભૈરવનાથનું મંદિર છે અને માતાજીના દર્શન પશ્ચાત ભૈરવનાથના દર્શન કરવા અનિવાર્ય માનવામાં આવે છે. ■

## ગુણગ્રાહી થઈએ

*सिंहादेकं बकादेकं शिक्षेच्चत्वारि कुक्कुटात् ।*
*वायसात्पञ्च शिक्षेच्च षट् शुनस्त्रीणि गर्दभात् ॥*

*સિંહ અને બગલામાંથી એક, કૂકડામાંથી ચાર, કાગડામાંથી પાંચ, કૂતરામાંથી છ અને ગધેડામાંથી ત્રણ ગુણ ગ્રહણ કરવા જોઈએ.*

મનુષ્યે જ્યાંથી મળે ત્યાંથી સારા ગુણો ગ્રહણ કરવા જોઈએ. જો નીચ વ્યક્તિ પાસે પણ સારા ગુણ હોય તો તેની પાસેથી પણ ગ્રહણ કરવામાં કોઈ ખચકાટ અનુભવવો ન જોઈએ. સિંહ અને બગલામાંથી એક-એક, મરઘામાંથી ચાર, કાગડામાંથી પાંચ, કૂતરામાંથી છ અને ગધેડામાંથી ત્રણ ગુણ શીખવા જેવા છે.

## સિંહ જેવી શક્તિ કેળવો

*प्रबूतं कार्यमल्पं वा यन्नरः कर्तुमिच्छति ।*
*सर्वारम्भेण तत्कार्यं सिंहादेकं प्रचक्षते ॥*

*મનુષ્ય જે નાના કે મોટા કોઈ પણ કાર્યનો પ્રારંભ કરે તેમાં તેમણે શરૂઆતથી અંત સુધી સંપૂર્ણ શક્તિ લગાવી દેવી જોઈએ. આ ગુણ આપણે સિંહમાંથી ગ્રહણ કરવો જોઈએ.*

સિંહ જે પણ કામ કરે છે તેમાં તે પોતાની તમામ શક્તિ લગાવી દે છે. તે શિકાર કરે છે ત્યારે તેની સંપૂર્ણ એકાગ્રતા તેના શિકારમાં કેન્દ્રિત હોય છે અને તેની તમામ શક્તિ શિકાર ઉપર આક્રમણ કરવામાં લગાવી દે છે. મનુષ્યે પણ સિંહની જેમ પોતાના દરેક કાર્યમાં તમામ શક્તિનો ઉપયોગ કરી સફળતા મેળવવી જોઈએ. પોતાનું કાર્ય પૂર્ણ કરવા વ્યક્તિએ સિંહ જેવી આક્રમકતા દેખાડવી જોઈએ.

## બગલાની જેમ ઇન્દ્રિયો વશ કરો

*सिंहादेकं बकादेकं शिक्षेच्चत्वारि कुक्कुटात् ।*
*वायसात्पञ्च शिक्षेच्च षट् शुनस्त्रीणि गर्दभात् ॥*

*બગલાની જેમ ઈન્દ્રિયો વશ કરી દેશ, કાળ અને બળને જાણી વિદ્વાનોએ પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવું જોઈએ.*

બગલો બધું ભૂલી માછલી ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તક મળતાં જ તેનો શિકાર કરે છે. મનુષ્યે પણ પોતાનું કામ કરતી વખતે પોતાની તમામ ઈન્દ્રિયોને કેન્દ્રિત કરવી જોઈએ. તેનું સંપૂર્ણ ધ્યાન કામને સફળતા કેવી રીતે મળે તેમાં જ પરોવાયેલું હોવું જોઈએ. કયું કામ ક્યાં કરવા યોગ્ય છે? કયા કામ કરવા માટે કયો સમય અને કેવા સંજોગો અનુકૂળ છે? તેવા પ્રશ્નોનો વિચાર કરી તેમાં જ ડૂબેલા રહેવું જોઈએ.

## કૂકડાની જેમ સમયસર જાગો

*प्रत्युत्थानं च युद्धं च संविभागं च बन्धुषु ।*
*स्वयमाक्रम्य भुक्तं च शिक्षेच्चत्वारि कुक्कुटात् ॥*

*સમયસર જાગવું, યુદ્ધ માટે સદાય તત્પર રહેવું, પોતાના બંધુઓને ભગાડી મૂકવા અને તેમનો હિસ્સો પોતે જ ખાઈ જવો – આ ચાર ગુણ કૂકડામાંથી મનુષ્યે ગ્રહણ કરવા જોઈએ.*

કૂકડા પાસેથી મનુષ્યે ચાર ગુણ શીખવા જેવા છે. કૂકડા સમયસર જાગી જાય છે. તે ક્યારેય તેમાં આળસ નથી કરતા. મનુષ્યે પણ નિત્ય સમયસર જાગી જવું જોઈએ. કૂકડાની જેમ સતત લડવા તૈયાર રહેવું જોઈએ. જીવન એક જંગ છે અને તેમાં લડવૈયાની જેમ લડતા રહેવાથી જ ટકી શકાય છે તથા સફળતા મળે છે.

ઉપરાંત કૂકડો પોતાના જ ભાઈઓને ભગાડી મૂકે છે અને તેમનું ભોજન પોતે ખાઈ જાય છે. મોટેભાગે આ બાબત વ્યવસાયમાં લાગુ પડે છે. જો બે ભાઈઓ એક જ વ્યવસાયમાં હોય તો તંદુરસ્ત સ્પર્ધા કરતાં ખચકાટ ન અનુભવવો.

## કાગડાની જેમ સાવધાન રહો

*गूढमैथुनचरित्वं च काले काले च संग्रहम् ।*
*अप्रमत्तमविश्वासं पञ्च शिक्षेच्च वायसात् ॥*

*છુપાઈને મૈથુન કરવું, સમયેસમયે અમુક વસ્તુઓ સંઘરવી, સતત સાવધાન રહેવું, કોઈ ઉપર સંપૂર્ણ વિશ્વાસ ન કરવો અને મોટેમોટે અવાજ કરી બધાને ભેગા કરવા – આ પાંચ ગુણો કાગડામાંથી શીખવા જોઈએ.*

વ્યક્તિએ જરૂર પડે તો અમુક કાર્ય કાગડા જેવા પણ કરવા જોઈએ. મૈથુન જાહેરમાં ન કરાય. તે વ્યક્તિગત બાબત છે. કાગડાની જેમ મૈથુન એકાંતમાં જ કરવું. તે સમયે સમયે અમુક ચીજવસ્તુઓ પોતાના માળામાં સંઘરતો રહે છે. તેની જેમ માણસે પણ ચીજવસ્તુઓની ભવિષ્યમાં ઉપયોગિતાને ધ્યાનમાં રાખી સંગ્રહ કરવો જોઈએ.

કોઈ પણ વ્યક્તિ ઉપર કાગડાની જેમ પૂરેપૂરો વિશ્વાસ ન મૂકવો. મનુષ્યે કાગડાની જેમ સદાય સતર્ક રહેવું જોઈએ. ચેતતો નર સદા સુખી. એટલું જ નહીં, જરૂર પડે ત્યારે મનુષ્યે કાગડાની જેમ જોરજોરથી અવાજ કરવાનું પણ શીખવું જોઈએ. કાગડા કા કા કરીને બીજા અનેક કાગડાની સેના ભેગી કરી નાખે છે. તેની જેમ મુશ્કેલીના સમયે માણસે પોતાના મિત્રોને બોલાવવા બૂમબરાડા પાડવા જોઈએ.

## કૂતરાની જેમ વફાદાર બનો

*बह्वाशी स्वल्पसन्तुष्टः सुनिद्रो लघुचेतनः ।*
*स्वामिभक्तश्च शूरश्च षडेते श्वानतो गुणाः ॥*

*જ્યારે ભોજન મળે ત્યારે પેટ ભરીને જમી લેવું અને ભોજન ન મળે ત્યારે થોડા ભોજનથી સંતુષ્ટ રહેવું, સારી ઊંઘ લેવી પરંતુ થોડો સળવળાટ થતાં જ જાગી જવું. સ્વામી પ્રત્યે સંપૂર્ણ વફાદારી દેખાડવી અને લડવામાં જરા પણ ગભરાવું નહીં – આ છ ગુણ વ્યક્તિઓએ કૂતરા પાસેથી શીખવા જોઈએ.*

કૂતરા પાસેથી છ ગુણ શીખવા જેવા છે. જ્યારે તેને ભોજન મળે છે ત્યારે તે જમી લે છે અને ઓછું ભોજન મળે ત્યારે તેનાથી પણ સંતુષ્ટ રહે છે. માણસે પણ ભોજન મળે ત્યારે જમી લેવું, પણ સમય અને સંજોગો જોઈ જમવું. જ્યારે ઓછું ભોજન મળે ત્યારે થોડા ભોજનથી પણ સંતોષ રાખી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવી. કૂતરો સ્વામીભક્તિ માટે જાણીતો છે. વળી એ ગમે તેવા પડકાર ઝીલવા તત્પર રહે છે. એ નીડર છે. એના આ ગુણો પણ જીવનમાં ઉતારવા જેવા છે.

## ગર્દભ પાસેથી પરિશ્રમ અને સંતોષના પાઠ શીખો

*शुश्रान्तोऽपि वहेद् भारं शीतोष्णं न च पश्यति ।*
*सन्तुष्टश्चरते नित्यं त्रीणि शिक्षेच्च गर्दभात् ॥*

*અત્યંત થાકેલા હોવા છતાં પોતાના માલિક માટે સતત કામ કરતાં રહેવું, ટાઢ-તડકો, ઠંડી-ગરમીની કંઈ ચિંતા ન કરવી અને સદાય સંતોષી જીવન જીવવું – આ ત્રણ ગુણો માણસે ગર્દભ પાસેથી શીખવા જોઈએ.*

ગર્દભ ક્યારેય પોતાના માલિકના હુકમની અવગણના નથી કરતો. ખૂબ થાકેલો હોવા છતાંય ભારેમાં ભારે બોજ સહન કરે છે અને ઠંડી-ગરમી વિશે વિચાર્યા વિના અલમસ્ત જીવન જીવે છે.

## ગુણોનું આચરણ કરનારાનો વિજય

*य एतान् विंशतिगुणानाचरिष्यति मानवः ।*
*कार्याऽवस्थासु सर्वासु अजेयः स भविष्यति ॥*

*જે વ્યક્તિ આ વીસ ગુણો શીખી લે છે અર્થાત્ તેનું આચરણ કરે છે, તેને પોતાના જીવનમાં ધારણ કરે છે તે તમામ કાર્યો અને તમામ સ્થિતિઓમાં વિજયી થાય છે. તેને કોઈ પણ પરિસ્થિતિમાં પરાજયનો સામનો કરવો પડતો નથી.* ■

**घनश्यामदास जी. बिरला ( GD Birla ) का अपने पुत्र बसंत कुमार जी बिरला ( BK Birla ) के नाम १९३४में लिखित एक अत्यंत प्रेरक पत्र जो हर एक को जरुर पढना चाहिए–**

*चि. बसंत....*

यह जो लिखता हूँ उसे बडे होकर और बूढे होकर भी पढना, अपने अनुभव की बात कहता हूँ।

संसार में मनुष्य जन्म दुर्लभ है और मनुष्य जन्म पाकर जिसने शरीर का दुरुपयोग किया, वह पशु है। तुम्हारे पास धन है, तंदुरस्ती है, अच्छे साधन है, उनको सेवा के लिए उपयोग किया, तब तो साधन सफल है अन्यथा वे शैतान के औजार हैं। तुम इन बातों को ध्यान में रखना।

धन का मौज-शौक में कभी उपयोग न करना, ऐसा नहीं की धन सदा रहेगा ही, इसलिए जितने दिन पास में है उसका उपयोग सेवा के लिए करो, अपने उपर कम से कम खर्च करो, बाकी जनकल्याण और दुःखियों का दुःख दूर करने में व्यय करो। धन शक्ति है, इस शक्ति के नशे में किसी के साथ अन्याय हो जाना संभव है, इसका ध्यान रखो की अपने धन के उपयोग से किसी पर अन्याय ना हो।

अपनी संतान के लिए भी यही उपदेश छोड़कर जाओ। यदि बच्चे मौज-शौक, ऐश-आराम वाले होंगे तो पाप करेंगे और हमारे व्यापार को चौपट करेंगे।

ऐसे नालायकों को धन कभी न देना, उनके हाथ में जाये उससे पहले ही जनकल्याण के किसी काम में लगा देना या गरीबों में बाँट देना। तुम उसे अपने मन के अंधेपन से संतान के मोह में स्वार्थ के लिए उपयोग नहीं कर सकते।

हम भाइयों ने अपार मेहनत से व्यापार को बढ़ाया है तो यह समझकर कि ये लोग धन का सदुपयोग करेंगे।

भगवान को कभी न भूलना, वह अच्छी बुद्धि देता है, इन्द्रियों पर काबू रखना, वरना वह तुम्हें डुबो देगी।

नित्य नियम से व्यायाम-योग करना। स्वास्थ्य ही सबसे बडी संपदा है। स्वास्थ्य से कार्य में कुशलता आती है। कुशलता से कार्यसिद्धि और कार्यसिद्धि से समृद्धि आती है। सुख-समृद्धि के लिए स्वास्थ्य ही पहली शर्त है। मैंने देखा है की स्वास्थ्य संपदा से रहित होने पर करोडों-अरबों के स्वामी भी कैसे दीन-हीन बनकर रह जाते हैं। स्वास्थ्य के अभाव में सुख-साधनों का कोई मूल्य नहीं। इस सम्पदा की रक्षा हर उपाय से करना। भोजन को दवा समझकर खाना। स्वाद के वश होकर खाते मत रहना। जीने के लिए खाना हैं, न कि खाने के लिए जीना।

# એક ગરમ ચાય કી પ્યાલી હો...

મીતા એન. સોલંકી

સતત બદલાતા રહેતા સમયની સાથે સાથે કંઈ કેટલી વસ્તુ - પરિસ્થિતિ આપણા જીવનમાં બદલાય છે. પરિવર્તન સમયની માંગ છે પણ આપણા જીવનમાં કેટલીક વસ્તુ શોખથી વણાઈ ગઈ છે. એ છે ગરમાગરમ ચાય નો કપ! ચાય એ શોખીનો માટે અમૃત છે! વાહ ચાય! આહ ચાય!

ચાય એ આપણી જીવનશૈલીમાં વણાઈ ગયેલી આદત છે.

મોરારિબાપુની કથામાં સાંભળેલું એક વાક્ય યાદ આવી ગયું કે ચા તો ગરમ જ હોય, ઠંડી ચા તો ચાનું અપમાન છે.

જ્યારે અમેરિકામાં ૮૫% લોકો 'આઈસ ટી' ઠંડી બરફવાળી ચા પીએ છે! આપણા સોની સમાજમાં રાત્રિનું જમણ ચા વગર અધૂરું લાગે છે. આપણું પ્રિય પીણું ચા છે. ચાયની લોકપ્રિયતા વિશ્વ લેવલે વિસ્તાર પામેલી છે. ચા માં અનેક વિવિધતામાં એકતા જેવા સ્વરૂપ જોવા મળે છે. કોઈને 'કડક' ચા તો કોઈને 'માઈલ્ડ ટેસ્ટ' તો કોઈને 'હર્બલ ટી' તો કોઈને સફેદ ચા તો વળી કોઈને 'મસાલા ચા' પીવાના શોખ જોવા મળે છે.

આજકાલ લોકોને 'હર્બલ ટી' પીવાની ફેશન ચાલી છે. આ હર્બલ ટી માં વિવિધતા હોય લેમન, જીંજર, પીપર - ફુદીના જેવા ફલેવરની 'ટી' જોવા મળે છે. આવી હર્બલ ટી માં માત્ર 'ટી' જ હોય છે, દૂધ કે ખાંડ નથી હોતા!!

ભારતીય લોકોને અમેરિકાવાળી શોધ 'ટી-બેગ' વાળી ચા બિલકુલ રાસ નથી આવી. ચાનો નશો આવી ચાથી નથી ચડતો! દરેક વ્યક્તિને કોઈક ને કોઈક વ્યસન હોય જ છે એમ હું પાકું માનું છું. વ્યસન વગરની વ્યક્તિ ગોતવી મુશ્કેલ છે! એવું નથી કે ડ્રગ્સ, દારૂ, જુગાની પાન-મસાલાના વ્યસનને જ વ્યસન કહેવાય, ચા નું પણ પીયક્કડને વ્યસન જ હોય!

ચાનું વ્યસન હોય એવા બે મિત્રો મળીને 'કટીંગ' ચા પીવાનો આનંદ ફાઈવ સ્ટાર હોટલની ચા કરતા વધુ આનંદ મળે છે.

ફાઈવ સ્ટારની હોટલમાં ગરમ પાણીની કિટલી - ટી બેગ - સુગર ક્યુબ અલગથી આપે છે જે પોતાના 'ટેસ્ટ' અનુસાર મિક્સ કરવાની રહે છે.

સવારના બેડ-ટી અને ચા સાથે પૌષ્ટીક નાસ્તો એ 'સુખી' હોવાનું સરનામું છે. કંઈક પેઢીઓથી ચાલી આવતી 'ચા'ના શોખીનો દુનિયાભરમાં છે.

આ ચાની પાંદડીઓ કંઈક રોગોની દવા છે. શરદીમાં આદુ સાથે લેવાથી ખૂબ ફાયદા છે. આજે 'ચા'ની રેંકડીથી કારકિર્દી શરૂ કરનાર પ્રધાનમંત્રી બન્યા છે.

શરાબના વ્યસન કરતા ચા નું વ્યસની થઈ જોઈએ તો વેલ એન્ડ ગુડ!

સમગ્ર દુનિયામાં ચા ને 'છોડની રાણી' કહેવામાં આવે છે.

સમજી વિચારીને અમલમાં મૂકીએ તો મેડિસીનલ વેલ્યુ ઘણી છે. ચાના ઉકાળા ઘણા દર્દોની દવા છે. ઈમ્યુન સિસ્ટમ સ્ટ્રોંગ કરે છે. પરંતુ આપણે તો કડક ઉકાળેલી દૂધ - ખાંડ મસાવાળી ચા નું વ્યસન છે.

એક કપમાંથી ૩ રકાબી ભાગ કરી લાંબી ચુસ્કીનો અવાજ કરતા કરતા ગામને ચોરે બેઠેલા વડીલો માટે સુખદ અનુભૂતિ છે!

ઘણા મનમોટાવ - ઝઘડાના સમાધાન વખતે ચાની હાજરી અચૂક હોય છે.

જમવામાં ટાઈમ આગળ-પાછળ થાય તો ચાલે પણ ચા તો સમયસર જોઈએ એવું ઘણાને થાય છે.

ચાય તો દેશ વિદેશમાં સામ્રાજ્ય સ્થાપીને બેઠી છે. એટલે ગુજરાતીઓને ક્યાંય 'ઓછું' નથી આવતું!!

આપણા કંસારા - સોની સમાજના કારીગરોને વારંવાર ચા પીવાની આદત થઈ ગઈ હોય છે, જે લાંબેગાળે નુકસાન કરે છે.

'અતિ સર્વત્ર વર્જયતે' મુજબ સારી વસ્તુ સારી ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી એ 'અતિ' ન થાય! વહાલી ચાનું પણ એવું જ છે. ચામાં રહેલી ચા પત્તી - દૂધ - મસાલા નુકસાન નથી કરતા પરંતુ તેમાં રહેલી ખાંડ નુકસાન કરે છે. ખાંડ સફેદ ઝેર છે. અનેક વ્યાધિ નોતરતી ખાંડ, ચા માં ભળી એટલે બિચારી ચા બદનામ થઈ ગઈ! ખરાબ સંગત સાથે રહીને ચા ખરાબ થઈ ગઈ! એસીડિટી - સુગર - ફેટ જેવી દરેક સમસ્યા આ ખાંડને કારણે છે, નહીં કે ચા ને કારણે!

ફરી મળીશું આવતા અંકે, નવા રોમાંચક વિષય સાથે.

---

## બેનામી ટ્રાન્ઝેક્શન એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૬

(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)

(d) એજ્યુડીકેટિંગ ઓથોરીટી (ત્રણ વ્યક્તિની પેનલ)

**૮. પેનલ્ટી**

કલમ-૫૫ હેઠળ નીચે મુજબની પેનલ્ટીની જોગવાઈ કરવામાં આવેલ છે : (a) જ્યારે બેનામી ટ્રાન્ઝેક્શન અંગે દોષી જાહેર થાય ત્યારે ઓછામાં ઓછી ૧ વર્ષની અને વધુમાં વધુ ૭ વર્ષની જેલની સજા તથા બેનામી સંપત્તિની બજાર કિંમતના ૨૫% પેનલ્ટી થશે. (b) જ્યારે ખોટી માહિતી કે ખોટા દસ્તાવેજ આપેલ હોય તેવા સંજોગોમાં ઓછામાં ઓછી ૬ મહિનાથી ૫ વર્ષ સુધીની જેલની સજા તથા બેનામી સંપત્તિની બજાર કિંમતના ૧૦% પેનલ્ટી. ■

સંકલન : કુ. કૃપા સાકરીયા - ભુજ

**૧.** સાર્ક મુદ્રા વિનિમય સમજોતાને ____ સુધી વધારી દેવામાં આવ્યો છે.
(A) ૧૬ માર્ચ, ૨૦૧૬ (B) ૨૩ ડિસે., ૨૦૧૭
(C) ૧૪ નવે., ૨૦૧૭ (D) ૧૪ જૂન, ૨૦૧૯

**૨.** સુંદર જીવનની ગુણવત્તા સૂચિમાં કયો દેશ પ્રથમ છે?
(A) વોશિંગ્ટન (B) પેરિસ
(C) લંડન (D) વિયના

**૩.** નાગપુર મેટ્રો માટે નીચેનામાંથી કઈ જર્મન બેંક સહાયતા પ્રદાન કરવાની છે?
(A) ડ્યુસ બેંક (B) કોમર્જ બેંક
(C) ડી.ઝેડ. બેંક (D) કે.એફ.ડબલ્યુ.

**૪.** ૪ પરમાણુ સુરક્ષા શિખર સંમેલન કયા શહેરમાં આયોજિત કરવામાં આવ્યું?
(A) વોશિંગ્ટન (B) મોસ્કો
(C) કાહીરા (D) શિકાગો

**૫.** ભારતના ૪૪મા મુખ્ય ન્યાયાધીશ કોણ બન્યા છે?
(A) જસ્ટીસ જે.એસ. જેહર (B) જસ્ટીસ આર.કે. પચૌરી
(C) જસ્ટીસ સુભાષચંદ્ર (D) જસ્ટીસ પી.પી. ધઇ

**૬.** કઈ ઔષધીય વનસ્પતિ એકમાત્ર ભારતમાં જ થાય છે?
(A) અશ્વગંધા (B) સર્પગંધા
(C) રજનીગંધા (D) અનારગંધા

**૭.** અલકનંદા અને પિંડાર નદીઓના સંગમ પર કયું સ્થળ આવેલું છે?
(A) રૂદ્ર પ્રયાગ (B) દેવ પ્રયાગ
(C) કર્ણ પ્રયાગ (D) વિષ્ણુ પ્રયાગ

**૮.** ઓક્ટોબર મહિનામાં કયો દિવસ આવતો નથી?
(A) ભારતીય વાયુસેના દિવસ (B) સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસ
(C) વિશ્વ પર્યાવરણ દિવસ (D) અહિંસા દિવસ

**૯.** નવી ૨૦૦૦ રૂપિયાની નોટ પાછળ શું દર્શાવવામાં આવ્યું છે?
(A) હિમાલય (B) દાંડી યાત્રા
(C) ચંદ્ર યાન (D) મંગળ યાન

**૧૦.** કયો ગ્રહ વોટર પ્લેનેટના નામે પણ ઓળખાય છે?
(A) બુધ (B) પૃથ્વી
(C) મંગળ (D) ગુરુ

**૧૧.** દક્ષિણ આફ્રિકાની મુદ્રાનું નામ શું છે?
(A) પાઉન્ડ (B) ડોલર
(C) રેન્ડ (D) યેન

**૧૨.** સીંગા લીલા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં આવેલું છે?
(A) પશ્ચિમ બંગાળ (B) મણિપુર
(C) સિક્કીમ (D) ઓડિસા

**૧૩.** કોણ લોકસભાના અધ્યક્ષપદે રહેલા નથી?
(A) નીલમ સંજીવ રેડ્ડી (B) વી.વી. ગીરી
(C) શિવરાજ પાટીલ (D) બલીરામ ભગત

**૧૪.** વિક્ટોરિયા અઝોરેંકા કયા ખેલ સાથે સંકળાયેલ છે?
(A) ટેનિસ (B) શતરંજ
(C) તૈરાકી (D) ફુટબોલ

**૧૫.** ઝવેરીલાલ મહેતાનું નામ કયા ક્ષેત્રે જાણીતું છે?
(A) પત્રકારત્વ (B) ફોટો જર્નાલિઝમ
(C) ચિત્રકલા (D) સ્થાપત્ય

**૧૬.** હેમુ ગઢવી નાટ્યગૃહ ક્યાં આવેલું છે?
(A) અમદાવાદ (B) વડોદરા
(C) રાજકોટ (D) ભાવનગર

**૧૭.** જાણીતા સંગીતકાર બેલડી કલ્યાણજી – આણંદજીનો જન્મ ક્યાં થયો હતો?
(A) સુરત (B) માંડવી
(C) રાજકોટ (D) અમદાવાદ

**૧૮.** પ્રભાશંકર સોમપુરાનું નામ કયા ક્ષેત્રે જાણીતું છે?
(A) ચિત્રકલા (B) લોકસંગીત
(C) સ્થાપત્ય (D) ફિલ્મ સંગીત

**૧૯.** શ્રી મગનભાઈ દેસાઇ ઍવોર્ડ કયા ક્ષેત્રે આપવામાં આવે છે?
(A) રમતગમત (B) ચિત્રકલા
(C) નૃત્ય (D) શિક્ષણ

**૨૦.** બંસીલાલ વર્મા 'ચકોર'નું નામ કયા ક્ષેત્રે જાણીતું છે?
(A) કટાર લેખક (B) કાર્ટુનિંગ
(C) ચિત્રકલા (D) સ્થાપત્ય

(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે)

# શ્રી ગની દહીંવાલા

જીનલ પી. સોલંકી

હજુ હમણાં જ ૨૧મી ફેબ્રુઆરીના દિવસે 'માતૃભાષા દિન'ની ઉજવણી કરી. જેમ 'મધર્સ ડે'ના એક દિવસ પૂરતું મમ્મીને યાદ કરી, Whats Appમાં 'મમ્મી'નો ફોટો મૂકી, મમ્મીને એકાદ ગીફ્ટ આપી, એ દિવસની ઉજવણી સમેટી લઈએ છીએ એવું જ આપણે 'માતૃભાષા દિન'ની ઉજવણીમાં કર્યું. Whats Appમાં એ દિને ગુજરાતી ભાષા સાહિત્યના દિગ્ગજ માથાઓની રચનાઓ Forward કરવા માંડી, એકમેકને માતૃભાષા દિનની શુભેચ્છાઓ મોકલવા માંડી... શૈક્ષણિક સંસ્થાઓએ ચોપડે અહેવાલ લખવા માટે માતૃભાષા દિન નિમિત્તે નાનું એવું વક્તવ્ય કે નાના એવા કાર્યક્રમનું આયોજન કરી બસ આ માતૃભાષા દિનનું પણ ૐ સ્વાહાઃ કરી નાખ્યું...

કોઈ પણ દિન શા માટે ઉજવાય છે? અથવા તો કોઈપણ દિનની ઉજવણી શા માટે કરવી જોઈએ? એનો ખરો ગૂઢાર્થ તો જાણે આ બધા 'અભરખાઓ'ની વચ્ચે દટાઈ જ ગયો છે. 'સંસ્કૃતિ' અને 'સંસ્કાર'ને લગતા જે પ્રશ્નો ઊભા થયા છે આ ૨૧મી સદીમાં... એનું એક કારણ આપણી માતૃભાષાની અવહેલના જ છે. 'સગી મા' અને 'આયા' વચ્ચે જે ફેર બાળકની પરવરીશમાં પડે, એવું જ આપણી નજરની સામે બની રહ્યું છે. સગી માં જીવતી હોવા છતાં આપણે હવાલો 'આયા'ને આપી દીધો છે. હમણાં જ પાંચમી માર્ચની 'દિવ્ય ભાસ્કર'ની 'રસરંગ' પૂર્તિમાં શ્રી ગુણવંત શાહનો માતૃભાષા અંગેનો લેખ સૌને ત્રણ-ચાર વખત વાંચી જવાની હું અહીંથી વિનંતી કરૂં છું...

ગુજરાતી ભાષા બોલતી વખતે આપણને ગૌરવની લાગણી થવી જોઈએ, 'લઘુતાગ્રંથિ'ની નહીં કેમકે સંવેદનાઓ માતૃભાષામાંથી જ ઉપજશે...

ખેર, અહીં તો ગુજરાતી ભાષા સાહિત્યનો આવો જ સિતારો, ગુજરાતી ભાષાનું ગૌરવ એવા શ્રી ગની દહીંવાલાનો પરિચય અને એમની રચનાનો આસ્વાદ કરાવવાનો છે.

શ્રી ગની દહીંવાલાનું મૂળ નામ અબ્દુલ ગની - અબ્દુલકરીમ દહીંવાલા હતું. ૧૭મી ઓગસ્ટ, ૧૯૦૮ના સુરતના જન્મેલ શ્રી ગની દહીંવાલા મૂળ કવિ અને નાટ્યલેખક હતા.

માત્ર ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ છતાં શ્રી ગની દહીંવાલાની રચનાઓમાં રદીફ-કાફિયા, છંદ, ભાષાની ઊંડાઈ, સરળતા, વેધકતા ભારોભાર છલકાય છે. માનવ હૃદયની ઝંખનાઓ, માનવ હૃદયની ભાવનાઓ, અનુભૂતિઓ એમની ગઝલોમાં ભારોભાર જોવા મળે છે. મૂળ દરજીનો વ્યવસાય કરતાં શ્રી ગની દહીંવાલા મહાગુજરાત ગઝલ મંડળના સ્થાપક અને સભ્ય રહી ચૂક્યા છે. સુરતમાં 'સ્વર સંગમ' નામના સંગીત મંડળની સ્થાપના કરેલ તેમજ ભારત સરકાર તરફથી પ્રકાશિત થતા 'ગુજરાત મિત્ર' દૈનિકમાં તેમણે કાવ્ય કટાક્ષિકા પણ લખેલ.

'દિવસો જુદાઈના જાય છે...' આ રચના આપણા સૌની મનગમતી છે. આવી રચનાઓ આપનાર શ્રી ગની દહીંવાલાના 'ગાતા ઝરણા', 'મહેક', 'મધુરપ', 'ગનીમત', 'નિરાંત' જેવા કાવ્યસંગ્રહો વાંચવા જેવા છે. આ ઉપરાંત 'જશને શહાદત' એ ૧૮૫૭ના બળવા ઉપર લખાયેલી એમની 'નૃત્ય નાટીકા' છે. 'પહેલો માળ' એમનું ત્રિઅંકી નાટક છે.

***"બનાવટની મધુરતામાં કટુતા પારખી જાશું***
***નિખાલસ પ્રેમથી પાશે જગત, તો ઝેર પી જાશું..."***

*અને...*

***"મારું ખોવાણું રે સપનું***
***ક્યાંક જડે તો દઈ દેજો, એ બીજાને ના ખપનું***
***મારું ખોવાણું રે સપનું..."***

આવી રચનાઓના રચયિતા એવા શ્રી ગની દહીંવાલાની આપણા સૌની પ્રિય રચના 'દિવસો જુદાઈના જાય છે...' માણીએ. ખૂબ સરળ ભાષામાં છતાં ખૂબ ઉંડાણભરી આ રચનાનું અર્થવિસ્તાર કરી મારે એની મજા નથી બગાડી દેવી.

*દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,*
*મારો હાથ ઝાલીને લઈ જશે, મુજ શત્રુઓ જ સ્વજન સુધી.*

*ન ધરા સુધી, ન ગગન સુધી, નહિં ઉન્નતિ, ન પતન સુધી,*
*અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.*

*હજી પાથરી ન શક્યું સુમન, પરિમલ જગતના ચમન સુધી,*
*ન ધરાની હોય જો સંમતિ, મને લૈ જશો ન ગગન સુધી.*

*છે અજબ પ્રકારની જિંદગી! કહો એને પ્યારની જિંદગી,*
*ન રહી શકાય જીવ્યા વિના! ન ટકી શકાય જીવન સુધી.*

*તમે રાંકના છો રતન સમા, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,*
*જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.*

*તમે રાજરાણીના ચીર સમ, અમે રંક નારની ચુંદડી,*
*તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.*

*જો હૃદયની આગ વધી 'ગની', તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,*
*કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.*

બસ, હવે આજથી આપણે આપણી પેઢીને નરસિંહના પ્રભાતિયા, 'મીરા'ના પદો, 'ગની'ની ગઝલો, 'હરિન્દ્ર દવે' જેવા અનેક કવિઓની કવિતાઓનું ઘેલું લગાડીએ... આપણી 'માતૃભાષા'ને બચાવીએ...


અંતે, શ્રી ગની દહીંવાલાના શબ્દોમાં જ કહું તો...

***લાખ રસ્તા છે, કરોડો અહીં અવરોધ છે 'ગની',***
***ગૂમ થઈ જાઓ, રૂડો એથી કોઈ રાહ નથી.***

# કચ્છી કવિતાનું કૌવત

**હંસરાજ કંસારા**

*કચ્છી ભાષામાં એક તરફ કચ્છીઓનાં કઠીન જીવને કેળવેલી શબ્દોની કરકસર છે તો બીજી તરફ એ કપરા જીવનને જીવી જવાની 'કસક' છે. કદાચ એને જ કારણે જેઓ કચ્છના વતની છે, ભલે તેમની માતૃભાષા કચ્છી ન હોય તો પણ એમને કચ્છી ભાષા મીઠડી લાગે છે, સાંભળવી, સમજવી અને ગણગણવી ગમે છે. સર્જનશીલ સાહિત્યમાં કાવ્ય અગ્રસ્થાને છે કારણકે એ સીધું લોક-હૃદયે સ્પર્શે અને વસે છે. આ નાનકડું કચ્છી કાવ્ય માણવાલાયક છે.*



**તેજપાલ ધારશી 'તેજ'**

## ઝૂડો ભેઠતે ઝૂલે

*– કવિ 'તેજ'*

જેડલ! મુંજો ઝૂડો મુંજી ભેઠતે ઝૂલે,
ભેઠતે ઝૂલે, હીંયે હેઠ તાં ઝૂલે... જેડલ

મુંજે ઝૂડે જેડલ! સત રે ચાવીઉં
ચાવીએં ચાવીએં ખજાનો ખૂલે... જેડલ

પેલી ચાવી સે સોરો કુછે સને સડસે,
બિઇ ચાવીમેં સસ છાંઇ થઇ ઝિલે... જેડલ

ત્રેઇ ચાવીમેં જેઠ ઝિરનિર વરસે,
ચોથી મેં જેઠાણી હેત સેં હલે... જેડલ

પગઇ ચાવી મેં મુંજો ડેર મિઠો ડાવલો,
છેઇ ચાવીમેં મુંજી ડેરાણી ડુલે... જેડલ

સતરી ચાવી મેં મુંજી મોંઘેરી મિલકત
ધિલજો ધુતારો કેર કંથડો ભૂલે? જેડલ

*કવિતા સંગ્રહ 'તેજવાણી' માંથી સાભાર*

કાવ્ય નાયિકા એની જેડલ (સખી)ને કહે છે કે મારા હૈયાની નીચે *(હીંયે હેઠતાં)* કમર પર ઝુડો ઝૂલે છે. આ ઝુડામાં પ્રીતના પટારા ખોલવાની સાત ચાવીઓ છે. પહેલી ચાવી મારા હળવું બોલતા સસરાની છે *(સોરો કૂછે સને સડસે)*. બીજી ચાવી વૃક્ષના છાંયડા સમી શીતળતા બક્ષતાં *(સસ છાંઇ થઈ છિલે)* સાસુની છે. ત્રીજી ચાવી મારા વત્સલ જેઠની છે. ચોથી ચાવી હેતના હિલોળા લેતા *(હિત સે હિલે)* મારા જેઠાણીની છે. પાંચમી ચાવી મારા ડાહ્યા ડમરા *(ડેર મિઠો ડાયલો)* દિયરની છે તો છઠ્ઠી ચાવી મારી લાડલી દેરાણીની છે. અને સાતમી ચાવી! એ તો મારી મોંઘેરી મિલ્કત મારા 'ચિત્ત ચોર' *(ધિલ જો ધૂતારો)*ની છે.

ભારતીય સંસ્કૃતિમાં માનવ વ્યવહારની એક સમયે પાયાની સંસ્થા 'સંયુક્ત પરિવાર'ની ભાવનાની રસપ્રદ અનુભૂતિ કરાવતા આ કાવ્યમાં કચ્છી ભાષા - શબ્દ કૌવતની પ્રતિતી થાય છે. કવિની સર્જક કળાની કમાલ સાથે એની કલ્પનાને અનુરૂપ સચોટ શાબ્દિક અભિવ્યક્તિ છે.

કચ્છી ભાષા ક્ષેત્રે કચ્છના લોકપ્રિય કવિ શ્રી 'તેજ'નું વિપુલ યોગદાન છે. એમની કાવ્ય સંપદાના પંદરથી વધુ સંગ્રહો સમયાંતરે પ્રકાશિત થયા છે. સર્વશ્રી પ્રભાશંકર ફડકે, ડૉ. ગુલાબ દેઢિયા અને રમણિક સોમેશ્વરે કવિ 'તેજ'ની સમગ્ર કચ્છી કવિતાનું 'તેજવાણી' ગ્રંથરૂપે પરિવર્ધિત સંકલન કર્યું છે. આ ગ્રંથમાં 'તેજ'ના કાવ્ય સર્જનનો પરિચય આપતાં પૂજ્ય ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજશ્રી લખે છે કે તેજના કાવ્યોમાં પ્રકૃતિ દર્શન તેમજ માનવ જીવનની અનેકવિધ સંવેદનાઓની સચોટ અભિવ્યક્તિ છે. એમના કાવ્યોમાં મર્મ છે, ઉલ્લાસ પણ છે. પરંતુ એમાં 'ભાર' કે 'માર' નથી. એમના કાવ્યોમાં કચ્છી ભાષાનું તેજ પણ વર્તાય છે.

આ ગ્રંથમાં કવિશ્રીનો પરિચય આપતાં સંપાદક શ્રી પ્રભાશંકર ફડકે લખે છે કે, 'સફેદ કપડામાં સજ્જ, વાંકડી સફેદ મૂંછોવાળા આ કદાવર કચ્છી માડુની આભને આલિંગતી ચમકતી આંખોમાં ભરપૂર પ્રકૃતિ દૃષ્ટિગોચર થાય છે. 'તેજ' કચ્છી ભાષાના હયાત કાવ્ય સર્જકોમાં શ્રેષ્ઠતમ છે. અનેક પુરસ્કારોથી સન્માનિત 'તેજ'ને કચ્છી ભાષા સાહિત્ય રસિકોની ભરપૂર ચાહના મળી છે.

કવિ 'તેજ'ને ૨૦૦૭નો કચ્છી સાહિત્ય અકાદમીનો 'ગૌરવ પુરસ્કાર' તેમજ કેન્દ્રિય સાહિત્ય અકાદમી - દિલ્હીનો 'ભાષા સન્માન ઍવોર્ડ' એનાયત થયા છે. ■

*જો કોઈ તમારૂં દિલ દુભાવે તો ખોટું લગાડતા નહીં,*
*પ્રકૃતિનો નિયમ છે કે જે ઝાડ પર વધારે મીઠા ફળ હોય... તેને જ પથ્થર વધારે ખાવા પડે છે.*

# Benami Transaction (Prohibition) Amendment Act, 2016

સમીર કંસારા - ભુજ

કેન્દ્ર સરકાર છેલ્લા કેટલાક સમયથી ભ્રષ્ટાચાર અને કાળા નાણાંની સમસ્યાને નાથવા અનેક પ્રયાસો કરી રહી છે. જેના ભાગરૂપે ઐતિહાસિક નિર્ણય તરીકે “નોટબંધી” અને બેનામી સંપત્તિ કાયદાનો સમાવેશ થાય છે. આપણા અર્થતંત્રમાં પેરેલલ ઈકોનોમિ તરીકે રોકડ વ્યવહારથી ચાલતી એક અલગ વ્યવસ્થા અને તેના ગેરફાયદાને તોડવા “નોટબંધી” કરવામાં આવી, તો બીજી તરફ તેમાંથી ઉદ્‌ભવતી સંપત્તિને સકંજામાં લેવા બેનામી ટ્રાન્ઝેક્શન (પ્રોહિબીશન) એમેન્ડમેન્ટ એક્ટ, ૨૦૧૬નો અમલ કરાવ્યો. આ કાયદાની જોગવાઈઓ નીચે મુજબ છે.

**એકેડેમિક કાઉન્સિલના ચેરમેનપદે**
**શ્રી સમીર કંસારાની વરણી**



*ભુજના જાણીતા ટેક્ષ કન્સલ્ટન્ટ શ્રી સમીર કંસારાની કચ્છ સેલ્સટેક્ષ બાર એસોસિએશન નિર્મિત એકેડેમિક કાઉન્સિલના ચેરમેનપદે વરણી થયેલ છે. શ્રી સમીર કંસારા **M.Com.** તથા **Inter CA** ની શૈક્ષણિક લાયકાત ધરાવે છે. વર્ષ ૨૦૦૦થી ભુજમાં **‘S.R. Kansara & Associates”** નામથી ટેક્ષ કન્સલ્ટન્ટ તરીકે સ્વતંત્ર પ્રેક્ટિસ કરે છે. આ ઉપરાંત **‘Career Academy”** નામથી ભુજમાં પ્રાઈવેટ કોચીંગ ક્લાસ ચલાવે છે. શ્રી સમીર કંસારાના સેલ્સ ટેક્ષ, ઈન્કમટેક્ષ, વેટ, ટી.ડી.એસ. તથા તેને લગતા વિષયના જ્ઞાનનો લાભ ‘જ્ઞાતિસેતુ’ના વાચકોને મળતો રહે છે. શ્રી સમીર કંસારાને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે ‘જ્ઞાતિસેતુ’ પરિવારની હાર્દિક શુભકામના.*

૧. **કાયદાનો અમલ :** તા. ૧-૧૧-૨૦૧૬થી.

૨. **બેનામી ટ્રાન્ઝેક્શન (કલમ-૨(૯))**

(a) સ્પેસીફાઈડ ટ્રાન્ઝેક્શન અથવા એરેન્જમેન્ટ
- જ્યારે પ્રોપર્ટી કોઈ એક વ્યક્તિના નામે હોય અને તેની અવેજની રકમ બીજી વ્યક્તિએ ચૂકવી હોય.
- પ્રોપર્ટી અન્ય વ્યક્તિના સીધા કે આડકતરા ફાયદા માટે ધારણ કરેલ હોય.

(b) પ્રોપર્ટી કાલ્પનિક વ્યક્તિના નામથી ખરીદ કરેલ હોય.

(c) જ્યારે પ્રોપર્ટી માલિકને તે પ્રોપર્ટી અંગેની જાણ ન હોય અથવા તે પ્રોપર્ટીની માલિકી અંગે ઈન્કાર કરે.

(d) જ્યારે પ્રોપર્ટી ખરીદી માટે ચૂકવેલ અવેજ પુરવાર ન થાય અથવા ખોટા હોય.

૩. **બેનામી ટ્રાન્ઝેક્શનના અપવાદ (બાકાત) :**

(a) જ્યારે કર્તા અથવા કોઈ સભ્ય દ્વારા હિંદુ અવિભક્ત કુટુંબના ફંડમાંથી પોતાના અથવા અન્ય સભ્યના હિત માટે પ્રોપર્ટી ખરીદેલ હોય.

(b) જ્યારે પેઢીના ભાગીદાર, ટ્રસ્ટી, એડમિનિસ્ટ્રેટર અથવા કંપનીના ડાયરેક્ટર દ્વારા અથવા સેન્ટ્રલ ગવર્નમેન્ટ વતી કોઈ નોટીફાઈડ વ્યક્તિએ પ્રોપર્ટી ધારણ કરેલ હોય.

(c)જ્યારે કોઈ વ્યક્તિએ પોતાના પતિ / પત્નીના નામે અથવા બાળકોના નામે પ્રોપર્ટી ખરીદેલ હોય અને તે અંગે અવેજ પોતાના કાયદેસરના શ્રોતમાંથી ચૂકવેલ હોય ત્યારે.

(d) જ્યારે વ્યક્તિએ પોતાના ભાઈ અથવા બહેન અથવા કોઈ વારસદારના નામે સંયુક્ત માલિકીમાં પ્રોપર્ટી ખરીદેલ હોય અને તે અંગે અવેજ પોતાના કાયદેસરના શ્રોતમાંથી ચૂકવેલ હોય.

(e) ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એક્ટ, ૧૯૮૨ની કલમ-૫૩એ અન્વયે ધારણ કરેલ સંપત્તિ.

૪. **બેનામીદાર :** જ્યારે કોઈ વ્યક્તિ અથવા કાલ્પનિક વ્યક્તિ કે જેના નામે બેનામી સંપત્તિ ધારણ કરેલ છે અથવા તેનું નામ સંપત્તિમાં સામેલ હોય.

૫. **વ્યાજબી બજાર કિંમત :**

(a) વેચાણની તારીખે સામાન્ય રીતે બજારમાં પ્રવર્તમાન બજાર કિંમત. (b) જ્યારે બજાર કિંમતની ગણતરી કરવી મુશ્કેલીભરી હોય ત્યારે નિર્દિષ્ટ કરેલ સુચના મુજબ.

૬. **પ્રોપર્ટી :** પ્રોપર્ટી એટલે કે કોઈપણ સ્થાયી અથવા અસ્થાયી, દશ્ય કે અદશ્ય, કોઈપણ હક્ક કે દસ્તાવેજ અથવા અન્ય કોઈપણ સ્વરૂપે મિલ્કતમાં હિસ્સો અથવા તેનો તબદીલ થતો હિસ્સો.

૭. **સત્તાધીશ :**

(a) આસિસ્ટન્ટ / ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ (ઈનીસીએટીવ ઓફિસર)

(b) એડિશનલ / જોઈન્ટ કમિ. ઓફ ઈન્કમટેક્ષ (એપ્રુવિંગ ઓથોરીટી)

(c) ઈન્કમટેક્ષ ઓફિસર (એડમિનિસ્ટ્રેટર)

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

# કચ્છી સમાજ - અમદાવાદ આયોજીત ઓર્ગન ડોનેશન ઝુંબેશ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નેજા હેઠળ ઓર્ગન ડોનેશનની ઝુંબેશ અમદાવાદ ખાતે શરૂ કરવાના અનુસંધાને એક મિટિંગ રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭ના સાંજના ૪.૦૦ વાગે જૂના સરકિટ હાઉસ, શાહીબાગ, અમદાવાદ ખાતેના કોન્ફરન્સ હોલમાં મળેલ ત્યારે સમાજના ટ્રસ્ટીઓ ઉપરાંત કાર્ડિયાક સર્જન ડૉ. ધીરેન શાહ, ફ્યુઝન હોસ્પિટલના ડાયરેક્ટર અને યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ, શ્રી નીલેશ માંડલેવાલા (ડોનેટ લાઈફ - સુરતની સંસ્થાના ફાઉન્ડર પ્રેસિડેન્ટ), શ્રી નીરવ માંડલેવાલા (સી.ઈ.ઓ., ડોનેટ લાઈફ, સુરત), શ્રી મિત્તલ ખેતાણી (ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, રાજકોટ), શ્રી ડેનિસ આડેસરા (બ્રહ્માંડ ફાઉન્ડેશન, રાજકોટ), શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છ કડવા પાટીદાર સમાજ - અમદાવાદ, કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ, કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ, કચ્છી ભાનુશાળી સમાજ - અમદાવાદ તથા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદના અગ્રણીઓ તથા જેઓએ પોતાના નામ આ પ્રવૃત્તિમાં જોડાવવા માટે સ્વૈચ્છિક રીતે નોંધાવેલ છે તેવા ૩૦ જેટલા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાએ ઉપસ્થિત સૌને આવકાર્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતમાં હાર્ટનું પ્રથમ પ્રત્યારોપણ કરનાર સિમ્સ હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટ અને મૂળ કચ્છી એવા ડૉ. ધીરેન શાહે ગત ૨૬ જાન્યુઆરીના રોજ ઓર્ગન ડોનેશન્સ માટે જે રીતે અવગત કર્યા અને 'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૭ના અંકમાં તેમનો ઈન્ટરવ્યૂ પ્રસારિત કરવામાં આવ્યો ત્યારબાદ આપણે તેમની ખૂબ નજીક આવી ગયા છીએ અને તેના પરિણામ સ્વરૂપ ડૉ. ધીરેન શાહે અમદાવાદ સ્થિત કોઈ પણ કચ્છી ઘટક સમાજને સિમ્સ હોસ્પિટલ તરફથી મેડિકલની સુપર સ્પેશિયાલિટી બ્રાંચો જેવી કે કાર્ડિયોલોજી (ECO, ECG, RBS સાથે), ઓર્થોપેડિક (બોન ડેન્સિટી સાથે), કેન્સર, ઓપ્થેલ્મોલોજી, પલ્મોલોજી વગેરે માટે ફ્રી ચેક-અપ કેમ્પ આપવાની ઑફર કરી છે.

ડૉ. ધીરેન શાહે જણાવેલ કે આજે વિશ્વમાં અને ભારતમાં અનેક લોકો અંગદાનની સગવડતાના અભાવે મૃત્યુને ભેટે છે. ભારતમાં પ્રમાણમાં અંગદાન ઓછું થાય છે. આપણે તે અંગેની ઝુંબેશનો અમદાવાદ ખાતે આરંભ કરવા માંગીએ છીએ.

ત્યારબાદ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન - રાજકોટના શ્રી મિત્તલ ખેતાણી અને તેમજ સુરતની 'ડોનેટ લાઈફ' સંસ્થાના શ્રી નીલેશભાઈ માંડલેવાલાએ એમની સંસ્થાઓની વિગતો આપી હતી.

શ્રી માંડલેવાલાએ જણાવેલ કે તેઓ આજ દિન સુધીમાં સુરત અને આજુબાજુના વિસ્તારોમાંથી ૧૮૭ કિડની, ૭૦ લીવર, ૪ પેન્ક્રિઆસ, ૮ હૃદય અને ૧૬૬ ચક્ષુઓ દાનમાં મેળવીને ૪૩૪ વ્યક્તિઓમાં માનવીય અંગોનું પ્રત્યારોપણ કરાવડાવીને તેમને નવજીવન બક્ષવામાં નિમિત્તરૂપ બન્યા છીએ.

ત્યારબાદ ડૉ. હિમાંશુ શાહે જણાવેલ કે તેમણે કિડનીના અનેક ઑપરેશનો કરેલ છે. અનેક લોકોને કિડની જોઈએ છે કે જે મળી શકતી ન હોવાથી એમનાં મૃત્યુ થાય છે. તેઓશ્રીએ એ પણ જણાવેલ કે દુનિયામાં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ ૧૯૪૯માં થયું. ભારતમાં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ ૧૯૫૭માં

### હાર્ટ - લીવર - કિડની ટ્રાન્સપ્લાન્ટનો ૫૦ ટકા હવાઈ ખર્ચ સરકાર આપશે

હાર્ટ, લીવર કે કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે સમય મર્યાદા જાળવવા હેલિકોપ્ટર કે વિમાનનો ઉપયોગ કરવાનો થશે તો તે માટેનો ૫૦ ટકા ખર્ચ સરકાર ભોગવશે. પ્રશ્નોત્તરી દરમિયાન પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આરોગ્યમંત્રી શંકર ચૌધરીએ આવી જાહેરાત ગૃહમાં કરી હતી. ઉપરાંત અમદાવાદની વર્લ્ડ બેસ્ટ કિડની હોસ્પિટલને અતિ આધુનિક બનાવવાનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

ભાવનગર અને સુરત અવયવ દાનમાં અગ્રેસર છે. સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ૫૩,૯૬૬ ચોરસમીટર જમીન પર રૂ. ૨૯૫ કરોડના ખર્ચે ૧૦ માળના અતિ આધુનિક બિલ્ડિંગનું નિર્માણ થઈ રહ્યું છે. આ હોસ્પિટલમાં ૨૦૧૫માં ૭૧ કિડની ટ્રાન્સપ્લાન્ટ અને ૨૦૧૬માં ૧૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટ થયા હતા. આ જ રીતે ગત વર્ષે ૨૬ લીવર ટ્રાન્સપ્લાન્ટ અને ૨૦૧૬માં ૫૩ લીવર ટ્રાન્સપ્લાન્ટ થયાં હતાં.

કોઈ પણ જરૂરિયાતમંદ દર્દીને યોગ્ય સારવાર મળે તે માટે 'મા' વાત્સલ્ય યોજના ઉપરાંત મુખ્યમંત્રી અને વડાપ્રધાનના ફંડમાંથી જરૂરી સહાય આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

*ગુજરાત સમાચાર, તા. ૩-૩-૨૦૧૭*

થયું. એમણે પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટ ૧૯૯૮માં કર્યું. ત્યારબાદ અત્યાર સુધીમાં તેઓશ્રીએ આ પ્રકારના અનેક ઓપરેશન કરેલ છે.

ડૉ. ધીરેન શાહે જણાવેલ કે ઓર્ગન ડોનેશન કાર્ય માટે ન્યુરો ફીઝિશિયન અને ન્યુરોસર્જન ડૉક્ટરોનો પૂરેપૂરો સહયોગ જોઈશે. દર્દીને 'બ્રેઇન ડેડ વ્યક્તિ' તરીકે તેઓ જ જાહેર કરી શકે છે. પરંતુ આ પ્રવૃત્તિ માત્ર ડૉક્ટરો થકી નહીં થઈ શકે. સામાજિક સંસ્થાઓનો રોલ પણ ખૂબ જ અગત્યનો છે. સામાજિક સંસ્થાના કારણે જ દર્દીના પરિવારને યોગ્ય હકીકત સમજાવી તેઓ પાસે અંગદાન માટે સમયસર યોગ્ય નિર્ણય લેવડાવી શકાશે. તેથી મહેનત માંગી લે તેવી આ પ્રવૃત્તિ શરૂ કરવા આપણે નિર્ધાર કરીએ. તેના માટે આપણે એક અલગ સંસ્થા જ ઊભી કરીએ.

જો શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આગેવાની લઈ આવી સંસ્થા આવતા દિવસોમાં ઊભી કરે તો ડૉ. ધીરેન શાહે આ કાર્યના પ્રોત્સાહન માટે પોતાના તરફથી જ રૂા. ૧ લાખના ડોનેશનની જાહેરાત કરેલ હતી.

ત્યારબાદ નવી સંસ્થાની રચના કરવાનું કાર્ય અને તેના રજિસ્ટ્રેશન વગેરેની જવાબદારી શ્રી અશોક મહેતા અને સી.એ. હરસુખભાઈ પટેલને સોંપવામાં આવેલ હતી. જ્યારે SOTTO (State Organ & Tissue Transplant Organisation) ની રચના કરાવવા માટેનું કાર્ય શ્રી હિમાંશુભાઈ ઠક્કર અને ડૉ. ધીરેન શાહને સુપરત કરવામાં આવેલ હતું.

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ગત તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સ્નેહ મિલન દરમિયાન અમદાવાદના પ્રતિભાવાન કચ્છી છાત્રોના સન્માન ઉપરાંત ડો. ધીરેન શાહ, ગુજરાતમાં પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સર્જનના સન્માન કાર્યક્રમ આયોજીત થયેલ. તેની તસવીરી ઝલક.**



**અતિથિ વિશેષ શ્રી જયમીનભાઈ સોની (ડાબે)નું બહુમાન કરતા શ્રી ભરત ઓઝા**



**તા. ૨૬-૧-૨૦૧૭ના કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી લેનાર સંસ્થાના ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયાનું ઉપસ્થિત સહુ વતી અભિવાદન કરતા ડૉ. ધીરેન શાહ**

## કેડેવર કિડની દાન કાર્યક્રમ સંબંધે

આપણા દેશમાં લગભગ દર ૧૦ પૈકી ૧ વ્યક્તિ કિડની નિષ્ફળતાથી ગ્રસ્ત છે. દર વર્ષે લાખો લોકો કિડનીની બિમારીથી સર્જાતી જટીલતાને કારણે અકાળ મૃત્યુનો ભોગ બને છે. ઘણીવાર તો કિડની ૯૦ ટકા ક્ષતિગ્રસ્ત થઈ જાય ત્યાં સુધી શરીરમાં કોઈ લક્ષણ દેખાતા નથી. દેશમાં દર વર્ષે લગભગ ૪૦૦૦ કિડની પ્રત્યારોપણ થાય છે. જે પૈકી માત્ર ૧ ટકા જેટલી જ કિડનીઓ કેડેવર દ્વારા પ્રાપ્ત થાય છે. અન્ય અંગોના પ્રત્યારોપણમાં પણ લગભગ આવી જ સ્થિતિ છે. અહીં એ દર્શાવવું જરૂરી છે કે પ્રત્યારોપણ બાદ વ્યક્તિનું જીવન વધુ ગુણવત્તાસભર હોય છે.

## અંગ પ્રત્યારોપણ સંબંધી કાનૂન

હોટા (HOTA) હ્યુમન ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન એક્ટ, ૧૯૯૪ કેડેવર અંગદાનની અનુમતિ આપે છે.

# કચ્છી હસ્તકલા ક્રાંતિના કર્ણધાર ચંદાબેન શ્રોફ

## અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા શ્રીમતી ચંદાબહેન શ્રોફનું અભિવાદન

કચ્છના ગૌરવાન્વિત મહિલા ઉદ્યમી શ્રીમતી ચંદાબહેન શ્રોફને ગત માસે રોલેક્સ એવોર્ડ એનાયત થયો તે બદલ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના ડૉ. લલીત ઐય્યર મહિલા વિકાસ કેન્દ્રના ઉપક્રમે તા. ૨૯-૧-૦૭ના રોજ અમદાવાદ મુકામે એક ***ખાસ કાર્યક્રમ અંતર્ગત અભિવાદન થયું.*** અમદાવાદમાં વસવાટ કરતા અનેક કચ્છી પરિવારોએ આ પ્રસંગે હાજરી આપી, શ્રીમતી ચંદાબહેન શ્રોફના અભિવાદનમાં તેમનો સાથ પૂરાવ્યો. આ પ્રસંગે બોલતાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મુકેશ પટેલે કહ્યું કે ***શ્રીમતી ચંદાબહેન શ્રોફને ૨૦૦૬નો આ રોલેક્સ આંતરરાષ્ટ્રીય એવોર્ડ તેમના મહિલા સશક્તિકરણ ક્ષેત્રે યોગદાન આપવા બદલ મળેલ છે અને આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ ભારતીય છે, તે આપણા માટે ખાસ ગૌરવની વાત છે.*** અને વધારે હર્ષની વાત એ છે કે તેમણે આ એવોર્ડના ૧ લાખ ડોલરની રકમ એમની શ્રુજન સંસ્થાની કચ્છની બહેનોના વિકાસ માટે વાપરવાનો નિર્ણય લીધો છે. આ આંતરરાષ્ટ્રીય એવોર્ડ દર બે વર્ષે વિજ્ઞાન, ટેક્નોલોજી, પર્યાવરણ અને સાંસ્કૃતિક વારસાના સંશોધન માટે અપાય છે. ચંદાબહેનને આ એવોર્ડ તેમની સંસ્થા શ્રુજન દ્વારા છેલ્લા ૩૮ વર્ષથી કચ્છી એમ્બ્રોયડરીનું કામ કરતી ગ્રામીણ મહિલાઓને તેમના ભરતગૂંથણ, કસબ પ્રત્યે જાગૃત કરી તેમને સ્વયંસિધ્ધિનો મંત્ર આપી, એમની લુપ્ત થતી અદ્‌ભુત ભરતગૂંથણ કળાને પુનઃ ધબકતું જીવન પ્રદાન કરવામાં અમૂલ્ય યોગદાન આપવા માટે મળ્યો છે. શ્રુજન સંસ્થા કચ્છ ભુજની નજીક ભુજોડી સ્થિત છે. જેની ભુજાઓ કચ્છના લગભગ ૧૨૦ અંતરીયાળ ગામડાઓની ૨૨,૦૦૦થી વધુ મહિલાઓ સુધી વિસ્તૃત થયેલ છે. જેમનો કસબ હવે દેશ વિદેશમાં ફેલાઈ ગયો છે. અમદાવાદ મેનેજમેન્ટ એસો. દ્વારા આયોજીત કચ્છી મહિલાના અભિવાદનના આ કાર્યક્રમને કચ્છનું ગૌરવ માની અમદાવાદમાં વસતા કચ્છી પરિવારો ખાસ કરીને કચ્છી મહિલાઓએ મોટી



*ગત વર્ષે કચ્છી ગ્રામ્ય મહિલાઓનાં લાડકાં 'કાકી' ચંદાબેન શ્રોફનું ૮૩ વર્ષની જૈફ વયે અવસાન થયું. સ્વ. ચંદાબેને કચ્છની ગ્રામ્ય મહિલાઓનાં કાંડાનાં કસબ અને આ મહિલાઓને ટેરવે રમતી સોયદોરાની કળાની દેશ-વિદેશમાં ઓળખ પ્રસ્થાપિત કરી. એમણે કચ્છના પરંપરાગત હસ્તકળા ઉદ્યોગ ક્ષેત્રે ક્રાંતિનું 'સૃજન' કર્યું. આ મહિલાઓને આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવામાં ચંદાબેનનું અણમોલ યોગદાન રહ્યું. આ વર્ષે મહિલાદિન વેળાએ એમને સ્મરણાંજલી રૂપે યાદ તાજી કરવા દાયકા પૂર્વે, તા. ૨૯ જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા એમનું બહુમાન થયેલું તેનો 'કચ્છશ્રુતિ' સામયિકમાં પ્રકાશિત આલેખ અત્રે પ્રસ્તુત છે.*

*– હંસરાજ કંસારા*

સંખ્યામાં હાજરી આપી હતી. વિભિન્ન જ્ઞાતિ પરિવારો વતી શ્રી કચ્છી સમાજ અમદાવાદના પ્રમુખ શ્રી મનસુખભાઈ પટેલે પણ સમસ્ત કચ્છીઓ વતી તેમનું સન્માન કર્યું હતું. અન્ય કચ્છી અગ્રણીઓમાં કચ્છી મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અગ્રણીઓ શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા, શ્રી મનુભાઈ શાહ, શ્રી ધીરજભાઈ સોમપુરા; નાગર સમાજના શ્રી પ્રભાકર ધોળકિયા (નિવૃત્ત હાઈકોર્ટ જજ), શ્રી દિલીપભાઈ વૈષ્ણવ, શ્રી અવિનાશ માંકડ, શ્રીમતી મીનાક્ષીબહેન માંકડ; લોહાણા સમાજના અગ્રણીઓ શ્રી લક્ષ્મીદાસભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રીમતી દેવીબહેન ઠક્કર, શ્રીમતી ઝવેરબહેન રંગવાલા, ચારૂબહેન રંગવાલા, ઈલાબહેન અને બાલાબહેન ઠક્કર; કચ્છી સમાજના મંત્રી શ્રી ભરતભાઈ ઓઝા, કંસારા સમાજના પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયા અને મંત્રી શ્રી અતુલભાઈ સોની; કચ્છશ્રુતિના મુખ્યતંત્રી શ્રી હંસરાજ કંસારા, લોહાણા-પ્રકાશના તંત્રી શ્રીમતી રીના જગદીશ ઠક્કર વગેરેએ શ્રીમતી ચંદાબહેન શ્રોફ તેમજ શ્રી કાંતિસેન શ્રોફ (એમના લાડલા કાકી અને કાકા)નું ખાસ અભિવાદન કર્યું હતું. શ્રી કાંતિસેન શ્રોફ એક ઉદ્યોગપતિ હોવા છતાં છેલ્લા કેટલાયે વર્ષોથી કચ્છમાં રહી, ગ્રામીણ જનતાના ઉત્કર્ષ સાધવા અનેક પ્રવૃત્તિઓ યોજી રહેલ છે. માંડવી સ્થિત વિવેકાનંદ રીસર્ચ ટ્રેઈનિંગ ઈન્સ્ટીટ્યૂટ તથા ભુજની નવનિર્માણ અભિયાન જેવી અનેક પ્રવૃત્તિઓના તેઓ સફળ પ્રણેતા રહેલ છે.

અમદાવાદના સમસ્ત કચ્છી પરિવારો વતી આયોજિત આ સ્નેહ મિલનનું વિશેષ આયોજન જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રી હરીશભાઈ રંગવાલાના વિશેષ સૌજન્ય તેમજ પ્રયાસોથી થયું હતું. શ્રી હરીશભાઈ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના સ્થાપક સભ્યોમાંના એક છે. ***હંસરાજ કંસારા, સૌજન્ય : "કચ્છશ્રુતિ"***

## સોની રંજનબેન હસમુખભાઈ મઇચા



માધાપરમાં સોની સાવિત્રીબેન કેશવલાલ દેવકરણ મઈચાના પુત્રવધૂ શ્રી રંજનબેને પોતાના પુત્રને મિકેનિકલ એન્જિનિયર અને બંને દીકરીઓને બી.એડ. અને એલએલ.બી. જેવા ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધાર્યા. સામાજીક કાર્યો કરવા માટે સંયુક્ત કુટુંબમાં રહેવા છતાં સમય કાઢીને સેવા કાર્યોમાં પાછળ ન રહ્યા.

રંજનબેને માધાપર સોની જ્ઞાતિ મહિલા મંડળના પ્રમુખ તરીકે ૭ વર્ષ સુધી સેવા આપી. મારૂ કંસારા સોની મહામંડળના સાંસ્કૃતિક સમિતિના સભ્યપદ પર તેમજ માધાપર સોની જ્ઞાતિના સલાહકાર સમિતિના પ્રમુખ, માધાપર લાયોનેસ ક્લબના પ્રમુખ અને હાલમાં માધાપર ગ્રામ પંચાયત સભ્યપદ ચુંટાઈ આવ્યા અને સાથે ગ્રામ પંચાયતના સાંસ્કૃતિક સમિતિના ચેરમેન પદ પર છે.

આ બધું મેળવવા માટે પતિ, વહુ, દીકરા અને સંપૂર્ણ પરિવારનો સાથ અને વડીલોના આશિર્વાદ થકી આ બધું પ્રાપ્ત થયેલ છે. નખત્રાણાના સોની ચંચળબેન વેલજીભાઈ કોટડિયાના દીકરી રંજનબેનને સમાજસેવા કરવી અને સાંસ્કૃતિક પ્રોગ્રામ કરી બધાને આનંદમાં રાખવાનો આનંદ છે. આટલું કરવા છતાં પણ દરરોજ પૌત્રને લઇને મંદિરના ભક્તિ સંગીતમાં જોડાઈ જાય છે.

*રંજનબેનની માહિતી પ્રસ્તુતિ :*
*જયાબેન અશ્વિનકુમાર પોમલ - માધાપર*

## પાર્થ વિનયભાઈ પોમલ - ભુજ



ચિ. પાર્થએ M.B.B.S. (AMC MET Medical College, LG Hospital, Maninagar, A'bad)ની પરીક્ષા સફળતાપૂર્વક પસાર કરીને કુટુંબ તેમજ પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. ચિ. પાર્થ ઉત્તરોત્તર સિધ્ધિના સોપાનો સર કરતા રહે એ જ અભ્યર્થના.

ચિ. પાર્થ વિનયભાઈ સોની 'જ્ઞાતિસેતુ'ના પૂર્વ સંયોજક શ્રી પી.જી. સોની - ભુજના પૌત્ર છે. 'જ્ઞાતિસેતુ' પરિવાર તરફથી તેમને ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામના.

## ઉર્વિ બુધ્ધભટ્ટી



સ્વ. દલપતરામ નરસિંહભાઈ બુધ્ધભટ્ટીના જયેષ્ઠ પુત્ર હરીશચંદ્રની પુત્રી ચિ. ઉર્વિને બેચલર ઓફ સાયન્સ (બાયોકેમેસ્ટ્રી)ની ડિગ્રી ડિસ્ટીંક્શન સાથે પ્રાપ્ત કરવા બદલ અમદાવાદ કચ્છી સમાજ તરફથી તા. ૨૬-૧-૨૦૧૭ના રોજ મોમેન્ટો તેમજ રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવેલ. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે. હાલમાં તેણી ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલ બાયોકેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં માસ્ટર્સ ઓફ સાયન્સનો અભ્યાસ કરી રહેલ છે.

## MAUSAMI RAJENDRA KANSARA



Mausami Kansara is a Double Graduate with Law and Social studies & Political Science and Licentiates from III Mumbai. She is pursuing her MBA in dual specialization of Finance & HR from Symbiosis - Pune through distance learning and Associate from Insurance Institute of India.Mausami's Father Mr. Rajendra Kansara alongwith his sons Amit & Vimal have Tax Consultancy Firm at Gandhidham.

Presently Mausami is working with MNC Birla group as Territory Manager - Sales training based out of Ahmedabad. She is looking after 7 branches under her for Managment & Leadership training, and sales training. Earlier she has worked with Max group. Mausami has qualified for prestigious Annual Trainers Impact Awards and attended convention @ Delhi Gurgaon in 2014-15 and at Goa in 2015-16. She won two National & eleven quarterly Awards. Mausami has over 9 years of experience in dealing with insurance solutions and she has served Organizations like HDFC & ICICI Prudential in sales function. She was qualified for Dubai & Thailand convention. Gnyatisetu wishes her bright career ahead.

# પતંગથી તસવીરો લેતા ગુજરાતી – દિનેશભાઈ મહેતા




૨૬મી ફેબ્રુઆરીના રોજ – અમદાવાદનો બર્થ ડે હતો. એ નિમિત્તે આ ઐતિહાસિક શહેરની તેની જ ઓળખાણ જેવા પતંગથી લેવાયેલી તસવીરો જોવી ગમે? પતંગ હોટેલમાં જઈને ફોટો લેવાય પણ પતંગ વડે ફોટો લેવાય? મૂળ વાપીના વલવાડા ગામના વતની, અમદાવાદમાં ભણેલા અને મુંબઈના બોરીવલીમાં રહેતા ગુજરાતી દિનેશ મહેતા દેશના આ પ્રકારનાં પહેલાં એરિયલ ફોટોગ્રાફર ગણાય છે. તેઓ પતંગની મદદથી એરિયલ ફોટોગ્રાફી કરે છે. અમદાવાદમાં આર્કિટેક્ટનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ દરમિયાન તેમને જૂની ઈમારતો, સાઈટ્સ વગેરેના બર્ડ-આઈ વ્યૂ નું મહત્ત્વ સમજાયું. તેમણે પતંગમાં કેમેરા લગાવી અમદાવાદની પણ કેટલીક તસવીરો લીધી છે. આ તસવીર ડ્રોનથી લીધી હોય એમ લાગે છે. એ પતંગ ઉડાડવાની મજા માણે છે અને સાથે જ જોઈતા હોય એ ફોટો પણ લેવાઈ જાય છે.

દિનેશભાઈને પતંગથી ફોટોગ્રાફી કરવાનો વિચાર ફ્રાન્સના એક આર્કિયોલોજિસ્ટ Yvexને મળ્યા બાદ મજબૂત થયો. તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો અને માર્ગદર્શન પણ મળ્યું. દિનેશભાઈ કહે છે કે, શરૂઆતમાં ઘણા કેમેરા તૂટી ગયા. પણ નક્કી જ કર્યું હતું કે કાઈટ ફોટોગ્રાફી જ કરવી છે. હેલિકોપ્ટર અને ડ્રોનથી લેવાયેલી તસવીરો કરતાં પતંગથી લેવાયેલી તસવીરોનું પરિણામ અલગ જ હોય છે.

આ પતંગોની ફ્રેમ કાર્બન ફાઈબરથી બનેલી હોય છે. મટીરિયલ સ્ટ્રોંગ-લાઈટ પ્લાસ્ટિક નાયલોન હોય છે. પતંગનું વજન ૫૦થી ૧૦૦ ગ્રામ જેટલું હોય છે. આ પતંગો ૨૦૦થી ૧૫૦૦ ફૂટ ઊંચે જઈ તસવીરો ખેંચે છે. જો હવા વધારે હોય તો પતંગ નાની અને કેમેરા મોટો રખાય છે. આ પતંગોને તૈયાર કરવામાં ૩ દિવસથી એક અઠવાડિયા સુધીનો સમય લાગે છે. દિનેશભાઈ પાસે ગો પ્રો, રિક્કો, નિકોન, પેંટેક્સ જેવા અલગ ફીચરના કેમેરા છે.

પતંગ એરિયલ ફોટોગ્રાફી વિષે સમજણ આપતાં તેઓ કહે છે કે, એક રસ્સી જેને ડ્રેકોન લાઈન કહે છે, તે માછલી પકડવાની જાળ બનાવવામાં પણ વપરાય છે. એને માંજો બનાવી પતંગને ઉડાડવામાં આવે છે. પતંગ ઉડાડતી વખતે ગ્લોવ્ઝ પહેરવા ફરજિયાત હોય છે. પતંગ સાથે ક્રેડલ ફ્રેમ લગાવાય છે જેને 'રીગ' કહે છે. કેમેરા સાથે એક નાની મોટર લાગેલી હોય છે જે ઈન્ટરવલ મોડ પર રાખેલા કેમેરાને ધીમે ધીમે ફેરવે છે. એ રીતે જુદા જુદા એંગલથી તસવીરો સમયાંતરે ક્લિક થતી રહે છે.

## ગોપરો કેમેરો અને ખાસ ચક્રમાં વિંટોળાઈ છે દોરી



*એરિયલ ફોટોગ્રાફી માટે વપરાતાં 'ગોપરો' કેમેરાને પતંગ પર લગાવીને તસવીરમાં દેખાતાં ગોળ ચક્રમાં વિંટોળાયેલી ખાસ દોરીની મદદથી આકાશમાંથી દૃશ્યો લેવાય છે.*

## પતંગોના શહેર અમદાવાદની ૭૦૦ ફૂટની ઊંચાઈએથી પતંગ પર લગાવેલાં કેમેરાની મદદથી લેવાયેલી તસવીર



*એરિયલ વ્યૂ વાળી આ તસવીરમાં જૂના અને નવા શહેરનો સંગમ જોવા મળે છે. ૬૦૬ વર્ષ પછી શહેરની સાથે સાબરમતી નદીએ પણ મોડર્ન બનીને 'રિવરફ્રન્ટ' તરીકેની નવી ઓળખાણ ઊભી કરી છે.*

*તસવીર : દિનેશ મહેતા, રિપોર્ટ : ઝુલ્ફીકાર કંવર, સૌજન્ય : 'દિવ્ય ભાસ્કર'*

## ભારતનો નવો કીર્તિમાન : ૧૦૪ ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં તરતા મૂક્યા

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)એ તા. ૧૫-૦૨-૨૦૧૭ના પીએસએલવી રોકેટ દ્વારા ભારતના અવકાશયાન મથક શ્રી હરિકોટા ખાતેથી એક સાથે ૧૦૪ ઉપગ્રહો લોન્ચ કરીને અવકાશ ક્ષેત્રે ભારતે આગવી સફળતા હાંસલ કરી છે. આ લોન્ચિંગ રોકેટમાં ભારતના ૩ અને બાકીના ૧૦૧ અમેરિકા સહિત કુલ સાત દેશોના ઉપગ્રહો હતા. ૫૦૫ કિલોમીટર ઊંચી ભ્રમણકક્ષામાં આ બધા ઉપગ્રહોને નિર્ધારીત સમયે અને સ્થળે ગોઠવી દેવામાં આવ્યા હતા. આ ઉપગ્રહોનું કુલ વજન ૧૩૭૮ કિલોગ્રામ હતું.

ઉપરોક્ત લોન્ચિંગમાં સૌથી મોટો ઉપગ્રહ ભારતનો કાર્ટોસેટ હતો. જેનું વજન ૭૧૪ કિલોગ્રામ છે. પાંચ વર્ષના આયુષ્ય ધરાવતા આ ઉપગ્રહનું કામ નકશા બનાવવા માટે જરૂરી તસવીરો પૂરી પાડવાનું છે. તે ઉપરાંત કુદરતી આફતો વખતે આ ઉપગ્રહોની તસવીરો ઘણી ઉપયોગી સાબિત થાય છે. ભારતના અન્ય બે ઉપગ્રહો 'આઈએનએસ-૧એ' અને 'આઈએનએસ-૧બી' હતા.

ઇસરોના વિજ્ઞાનીઓ માટે આ મિશન અનેક રીતે પડકારરૂપ કહી શકાય. કારણકે એક સાથે રોકેટમાં આટલા બધા ઉપગ્રહોની ગોઠવણી મુશ્કેલ હોય છે. વળી, બધા ઉપગ્રહોને રોકેટમાંથી સમયસર છૂટા પાડીને તેની યોગ્ય કક્ષામાં ગોઠવવા એ બીજો મોટો પડકાર કહી શકાય. પરંતુ આંધ્ર પ્રદેશના કાંઠે આવેલા ભારતના અવકાશયાન લોન્ચિંગ મથક શ્રી હરિકોટા પરના લોન્ચિંગ પેડ પરથી આ મિશનને સફળતા પ્રાપ્ત થઈ હતી. અત્રે નોંધવું યોગ્ય થશે કે, બરાબર ૬૦ વર્ષ અગાઉ રશિયાએ વિશ્વનો પ્રથમ ઉપગ્રહ 'સ્પુતનિક-૧' લોન્ચ કર્યો હતો અને ત્યારથી આ ક્ષેત્રે સંશોધનમાં અમેરિકા તથા રશિયાનો દબદબો રહ્યો છે. હવે ભારત દ્વારા તે ક્ષેત્રમાં નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. જે ઇસરોના વૈજ્ઞાનિકો અને રાષ્ટ્ર માટે ગૌરવની બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતે ૧૯૭૫માં પ્રથમ ઉપગ્રહ 'આર્યભટ્ટ' રશિયન લોન્ચિંગ યાન દ્વારા કર્યું હતું. જ્યારે ૧૯૭૯માં 'રોહિણી' એવો પ્રથમ ઉપગ્રહ હતો જે ભારતમાંથી જ લોન્ચ થયો હતો. ત્યારબાદ ભારતે ઉપગ્રહોને ભ્રમણકક્ષામાં મૂકવાના અનેક વિક્રમો નોંધાવ્યા છે. તેમાં ઉપરોક્ત ૧૦૪ ઉપગ્રહોને તરતા મૂકવાનો વિક્રમ વૈશ્વિક સ્તરે નોંધનીય છે.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

ગત મહિને વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત અમદાવાદ આવેલા નોબેલ પ્રાઈઝ વિનર્સ વિજ્ઞાનીઓએ એક રસપ્રદ વાત કરી હતી કે ભારત તમામ દૃષ્ટિએ સંપન્ન છે. ભારતીય વિદ્યાર્થીઓ ટેલેન્ટેડ છે અને પ્રતિબદ્ધ (કમિટેડ) છે તેમ છતાં ભારતમાં સૌથી મોટી ખોટ એ છે કે વિદ્યાર્થીઓમાં મૂળભૂત વિજ્ઞાન પ્રત્યેની ઉદાસીનતા વર્તાય છે. સોફ્ટવેર, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ અને મોબાઈલ ટેકનોલોજીમાં ભારત વિશ્વ સ્તરે નોંધપાત્ર સ્થાન હાંસલ કરી શકશે પરંતુ રસાયણવિજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર કે બાયોમેડિકલ, મોલેક્યુલર બાયોલોજી જેવા બેઝિક સાયન્સ સબ્જેક્ટમાં ભારતીય વિદ્યાર્થીઓનો રસ ઘટી રહ્યો છે. તેનું કારણ સરકારી તેમજ સામાજિક વ્યવસ્થાની ઉણપ હોવાનું જણાય છે. સમાજ વ્યક્તિની બૌદ્ધિક ઊંચાઈ નહિ પરંતુ દેખીતી સફળતાની લંબઈ માપે છે. પરિણામે કેવી રીતે ભણ્યા હશે તેના કરતા શું ભણ્યા છો તેનું મહત્ત્વ અદકેરું થઈ ગયું છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં પૈસા ખર્ચીને મેળવેલી સોફ્ટવેરની ડિગ્રી વધુ પસંદ થાય છે કારણ કે તેનાથી નોકરી તરત મળી જાય છે.

આ સ્થિતિમાં પ્રયોગશાળામાં વર્ષો સુધી માથાફોડી કરીને બેઝિક સાયન્સ ભણવાનું કોણ પસંદ કરે? તેના કારણે કેમિસ્ટ્રી, બાયોલોજી કે ફિઝિક્સ ટલ્લે ચડી રહ્યા છે. પ્રતિષ્ઠિત વિજ્ઞાનીઓ આ માનસિકતા સામે લાલ બત્તી ધરે છે. તેમના મતે આપણી શિક્ષણપ્રથા સાયન્સના ભોગે ટેકનોલોજીને ઉત્તેજન આપી રહી છે, જે ખરેખર સમાન ધોરણે હોવું જોઈએ.

૨૫ ફેબ્રુઆરીએ 'વિજ્ઞાન દિવસ' ઉજવવામાં આવ્યો. સને ૧૯૨૮માં આ દિવસે મહાન ભારતીય વિજ્ઞાની ડૉ. સી.વી. રામને પ્રકાશ કિરણો માટે રામન ઈફેક્ટ તરીકે ઓળખાતું સંશોધન સાબિત કર્યું હતું. યોગાનુયોગ એ છે કે નોબલ પ્રાઈઝ મેળવનાર ડૉ. રામન છેલ્લા ભારતીય વિજ્ઞાની છે, જે જન્મથીજ નહીં, કર્મે પણ સદૈવ ભારતીય વિજ્ઞાની જ રહ્યા હતા.

***(ગુજરાત સમાચાર, તા. ૨૮-૨-૨૦૧૭ના પ્રકાશિત ખબરનો સંક્ષેપ)***

### "સામાન્ય જ્ઞાન"ના જવાબો

**જવાબો :** (૧) C, (૨) D, (૩) A, (૪) A, (૫) A, (૬) B, (૭) C, (૮) C, (૯) D, (૧૦) B, (૧૧) C, (૧૨) A, (૧૩) B, (૧૪) A, (૧૫) B, (૧૬) C, (૧૭) B, (૧૮) C, (૧૯) D, (૨૦) B.

# શ્રધ્ધાંજલિ



● જન્મ ●
તા. ૦૩-૦૩-૧૯૬૩

● સ્વર્ગવાસ ●
તા. ૧૩-૨-૨૦૧૭, મહાવદ ત્રીજ
(અમદાવાદ મુકામે)

## કૃષ્ણકાંત (કનુભાઈ) વી. સોની

સેવાભાવી જીવન જીવીને સેવાનું વટવૃક્ષ સંસારમાં મૂકીને
પોતાની યાદને અમર બનાવનાર દિવંગત આત્માને શ્રધ્ધાંજલિ અર્પતાં શબ્દો ખૂટી
ગયા તોય શ્રધ્ધાંજલિ સાથે શ્રધ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

| | | |
|---|---|---|
| શ્રી ચંદુભાઈ વીરજી સોની | – મોટાભાઈ | અંજાર |
| શ્રીમતી ચંદ્રિકાબેન સી. સોની | – મોટા ભાભી | અંજાર |
| શ્રી કિરીટભાઈ વી. સોની | – મોટા ભાઈ | નખત્રાણા |
| શ્રીમતી જયાબેન કે. સોની | – મોટા ભાભી | નખત્રાણા |
| શ્રી હર્ષ કૃષ્ણકાંત સોની | – પુત્ર | અમદાવાદ |
| ગં.સ્વ. ઉષાબેન કે. સોની | – પત્ની | અમદાવાદ |
| શ્રી રાહુલકુમાર કે. સોની | – ભત્રીજો | નખત્રાણા |
| શ્રી હિતેન ચંદુભાઈ સોની | – ભત્રીજો | |
| શ્રીમતી કોમલબેન હિતેનભાઈ સોની | – ભત્રીજાવહુ | |

તથા

**સ્વ. શ્રી વીરજીભાઈ દામજીભાઈ પરિવારનાં જયશ્રીકૃષ્ણ**

HL

**GROUP of COMPANIES**

**HARILAL LAKHAMSHI JEWELLERS PVT. LTD.**

**CROISSANCE TRADING PVT. LTD.**

**SHREE ARBUDA INFRASTRUCTURE DEVELOPMENT PVT. LTD.**

**HARILAL LAKHAMSHI INDUSTRIES PVT. LTD.**

Regd. Office
Haribhai Soni Building, L. B. Shastri Road,
Anjar (kachchh) 370 110 Gujarat – India.
Telefax: - +91 2836 242481, 243481 | Cellular:+91 987 953 0854, 2, 3

Corp. Office
426-C, Supermall, Nr. Lal Bungalow, C. G. Road,
Ahmedabad – 380 009 Gujarat – India
Telefax: +91 79 30024481, 79 2642 6292

Email: cmd@hljewellers.com, infohljpl@gmail.com
Website: www.hlgroucompanies.com, www.hljewellers.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.

Sureshbhai Soni
94269 15921

Amit Soni
90337 57701



**M/s Soni Parshottam Lakhamshi & Co.**

(BABUBHAI MANFARAWALA)

**Suresh & Co.**

**Manufacturers & Dealers of Gold and Silver Ornaments**

Ganga Bazar. Anjar, (Kachchh) 370 110
Tel : +91 2836 243342

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00